આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૦૩૪ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫




## વલસાડમાં 'અસ્મિતા ખેલો ઈન્ડિયા મહિલા સાયકલ લીગ સ્પર્ધા' યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ)

**વલસાડ, તા. ૧૫ :** ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આહવાનથી અને રમતગમત અને યુવા સાંસ્કૃતિક બાબતોના મંત્રાલયના કેન્દ્રિય મંત્રી મનસુખભાઈ માંડવીયાની દીર્ઘદ્રષ્ટિથી ભારત દેશના વધુને વધુ લોકો ફિટ ઈન્ડિયા મુવમેન્ટમાં જોડાઈ એવા આશ્રયથી વર્લ્ડ બાઈસીકલ ડે ની ઉજવણી અંતર્ગત સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા અને સાઈકલ ફેડરેશન ઓફ ઈન્ડિયાના સંયુક્ત સહકારથી ભારત દેશના કુલ ૨૦૦ શહેરોમાં અસ્મિતા ખેલો ઈન્ડિયા મહિલા સાયકલ લીગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વલસાડ શહેરની પણ પસંદગી થઈ હતી.વલસાડ શહેરમાં તા. ૧૪ જુન ૨૦૨૬ને રવિવારના રોજ સવારે ૬:૩૦ કલાકેથી વલસાડ કોલેજ કેમ્પસ તીથલ રોડ થી સ્વામિનારાયણ મંદિર તિથલ બીચ સુધી જઈને પરત આવવાની સ્પર્ધા યોજાઈ હતી. જેમાં ખેલાડી બહેનોએ ખૂબ જ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. સબ જુનિયર, જુનિયર અને ઈલાઈટ આમ ત્રણ વિભાગમાં સ્પર્ધા યોજાય હતી. સ્પર્ધા ખૂબ જ સફળ રીતે સંપન્ન થઈ હતી. વિજેતા થનાર બહેનોને મેડલ, ટ્રોફી અને પ્રમાણપત્ર આપવામાં આવ્યું હતું. તમામ ભાગ લેનાર બહેનોને પાર્ટિસિપેટ સર્ટિફિકેટ પણ એનાયત કરાયા હતા.

### દેશના ૨૦૦ શહેરોમાં અસ્મિતા ખેલો ઈન્ડિયામાં વલસાડ શહેરની પસંદગી કરાઈ

આ સ્પર્ધામાં વલસાડ જિલ્લા પંચાયતના પ્રમુખ હેતલબેન પટેલ, જિલ્લા રમત અધિકારી જી.જી. વળવી, ડો. કલ્પેશ જોશી, રણભૂમિ એકેડેમીના એડવોકેટ કેયુર પટેલ અને મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. સ્પર્ધાનું સફળ સંચાલન ડો.મુકેશ પટેલ, ડો. ભાવિન પટેલ અને શુભમ નિકમ (મુંબઈ સાયકલ) દ્વારા કરવામાં આવ્યું હતુ. કોમર્સ કોલેજના એન. સી. સી. કેડેટ, વલસાડ ફિઝિકલ એકેડેમીના તાલીમાર્થીઓ સ્પર્ધામાં સ્વયંસેવક તરીકે કામગીરી કરી હતી.

## વાપી મનપા દ્વારા ત્રિદિવસીય જનકલ્યાણ શિબિર યોજાશે

### તા.૧૭ થી ૧૯ જૂન, ૨૦૨૬ દરમિયાન ચલા ડુંગરા અને છીરીમાં યોજાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૫ :** વાપી મહાનગરપાલિકા દ્વારા ત્રણ દિવસીય જન કલ્યાણ શિબિર કાર્યક્રમ તા.૧૭ થી ૧૯ જૂન, ૨૦૨૬ દરમિયાન ચલા ડુંગરા અને છીરીમાં યોજાશે.

રાજ્યની પ્રજા સુધી સરકારની જનકલ્યાણકારી યોજનાઓની માહિતી બહોળા પ્રમાણમાં પહોંચે તથા આ યોજનાઓનો મહત્તમ લાભ પ્રજાજનોને મળે તેમજ વિકસિત ભારત ૨૦૪૭ના લક્ષ્યને સિદ્ધ કરવા માટે વિકસિત ગુજરાત ૨૦૪૭ નું ધ્યેય સાકાર કરવા માટે કેન્દ્ર તથા રાજ્ય સરકારની મુખ્ય યોજનાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં પી.એમ. સ્વનિધિ યોજના, પી.એમ. સૂર્યઘર યોજના, આયુષ્માન ભારત યોજના, આયુષ્માન વયવંદના, નમોશ્રી યોજના અને ફ્રી શીપ કાર્ડ શાળા કોલેજ પ્રવેશ યોજના વગેરે ૧૫ જેટલી યોજનાઓ માટે આ શિબિરમાં માર્ગદર્શન, અરજી સહાય અને દસ્તાવેજ ચકાસણી કરવામાં આવશે. પાત્રતા ધરાવતા લાભાર્થીઓને મહત્તમ લાભ મળે એમ વાપી મનપાની અખબારી યાદીમાં જણાવાયું છે.

વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં તા.૧૭/૦૬/૨૬ ના રોજ ચલા ઝોન ઓફિસ ચલા દમણ રોડ, વાપી, તા.૧૮/૦૬/૨૬ ના રોજ છીરી વોર્ડ ઓફિસ છીરી, વાપી અને તા.૧૯/૦૬/૨૬ ના રોજ ડુંગરા ઝોન કચેરી ડુંગરા વાપી ખાતે સવારે ૧૦ થી સાંજે ૫ વાગ્યા સુધી જન કલ્યાણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

અરજદારોને સ્થળ પર યોજનાઓનો લાભ લેવા જરૂરી દસ્તાવેજોમાં આધારકાર્ડ, રેશનકાર્ડ, બેંક પાસબુક તેમજ યોજના અનુસારના દસ્તાવેજો સાથે લઈને આવવા જણાવાયું છે.

## બીલપુડીમાં રસ્તાના કામમાં ગેરરીતિ અંગે રાવ





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૧૫ :** તાલુકાના બીલપુડી ગામમાં ન્યુ ગુજરાત પેટર્ન યોજના વર્ષ ૨૦૨૫-૨૬ હેઠળ અંદાજિત રૂ. ૫ લાખના ખર્ચે મંજૂર થયેલા મુખ્ય રસ્તાથી ઉતારા ફળિયા સુધીના રસ્તાના કામમાં ગંભીર ગેરરીતિ થઈ હોવાના આક્ષેપ સાથે ગામના સામાજિક કાર્યકર પ્રમોદ ગાવીત સહિત ગ્રામજનોએ તાલુકા વિકાસ અધિકારીને લેખિત રજૂઆત કરી છે. રજૂઆતમાં જણાવ્યા મુજબ સ્થળ પર મંજૂરી મુજબ રસ્તાનું સંપૂર્ણ કામ કરવામાં આવ્યું નથી અને માત્ર રસ્તાનું લેવલિંગ કરાયાનુ ગ્રામજનોનો આક્ષેપ સાથે કામ પૂર્ણ થયાનું દર્શાવી સરકારી ગ્રાન્ટનો ખર્ચ બતાવવામાં આવ્યો હોવાની શંકા વ્યક્ત કરવામાં આવી છે. ગ્રામજનોએ સમગ્ર કામની સ્થળ તપાસ કરી બિલ ચુકવણી સહિતના તમામ દસ્તાવેજોની ચકાસણી કરવાની માંગ કરી છે. ઉપરાંત તપાસ દરમિયાન કોઈની સંડોવણી સામે આવે તો તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે ઉપરોક્ત બાબતે લેખિત રજૂઆતની નકલ જિલ્લા વિકાસ અધિકારી તેમજ સ્વાગત કક્ષ, જિલ્લા પંચાયત વલસાડને જરૂરી કાર્યવાહી અર્થે મોકલવામાં આવી હોવાની માહિતી પ્રાપ્ત થવા પામી હતી.

### સમુદ્ર નારાયણ મંદિર પાસે દમણગંગા નદી અને અરબી સમુદ્રના સંગમ પર

## દમણમાં સોમવતી અમાસે માછી મહિલાઓએ ખાસ પૂજા યોજી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૧૫ :** અધિક માસ અને સોમવતી અમાવસ્યાના શુભ અવસર પર, દમણમાં મત્સ્ય સમુદાયની મહિલાઓએ પરંપરાગત ભક્તિ અને શ્રદ્ધા સાથે સામૂહિક પૂજા કરી. સદીઓ જૂની પરંપરાને અનુસરીને, મોટી સંખ્યામાં મહિલાઓએ દરિયા કિનારે એકત્ર થઈને ભગવાન પુરુષોત્તમને પ્રાર્થના કરી, તેમના પરિવારોની સુખ-સમૃદ્ધિ અને સમાજના કલ્યાણ માટે પ્રાર્થના કરી હતી.

દમણના માછી વિસ્તારમાં રહેતી મહિલાઓએ સોમવારે સવારે સમુદ્ર નારાયણ મંદિર પાસે દમણ ગંગા નદી અને અરબી સમુદ્રના સંગમ પર એક ખાસ ધાર્મિક વિધિનું આયોજન કર્યું હતું. આ પ્રસંગે મહિલાઓએ ધાર્મિક વિધિઓ કરી હતી અને ભગવાન પુરુષોત્તમની પૂજા કરી હતી, અધિક મહિનાના મહત્વને યાદ કર્યું હતું.

અને દર વર્ષે સામૂહિક રીતે આ ધાર્મિક વિધિમાં ભાગ લે છે અને પરંપરાને આગળ ધપાવવાનું કાર્ય કરે છે. એમ જણાવ્યું હતું. પૂજા દરમિયાન, એક સમૂહ કથાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મહિલાઓએ જરૂરિયાતમંદોને દાન પણ આપ્યું હતું અને સમાજમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ અને સદભાવના માટે પ્રાર્થના કરી હતી.

## વાપીની બે પ્રા. શાળામાં વલસાડના પુસ્તક પરબ દ્વારા ૩૫૦ પુસ્તકોની ભેટ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નાનાપોંઢા, તા. ૧૫ :** વાંચન સંસ્કૃતિના વિકાસ અને વિદ્યાર્થીઓમાં અભ્યાસેતર વાંચન પ્રત્યે રુચિ કેળવવાના ઉદેશ સાથે પુસ્તક પરબ, વલસાડ દ્વારા વાપીની બે પ્રાથમિક શાળામાં કુલ ૩૫૦ પુસ્તકો ભેટરૂપે આપવામાં આવ્યા હતા.

જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ, વલસાડ સંચાલિત કન્યા વિદ્યામંદિર, વાપીને ૨૦૦ તથા અજીતનગર પ્રાથમિક શાળા, વાપીને ૧૫૦ પુસ્તકો અર્પણ કરી નાનકડી લાઈબ્રેરી ઊભી કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

પુસ્તક પરબ, વલસાડના ચેરપર્સન ડૉ. આશા ખુશાલભાઈ ગોહિલ, હાર્દિક જી. પટેલ, જયંતીભાઈ મિસ્ત્રી તથા સમગ્ર ટીમના આયોજન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમને રિતેશ જયેશકુમાર મોદી (રામવાડી), પ્રતીક સંપતભાઈ પટેલ (પારનેરા, પારડી), કંકુબેન નવીનચંદ્ર લેઉવા (શિકાગો, અમેરિકા) હસ્તક, નીલીમા જે. ભાવસાર (વલસાડ) તરફથી આર્થિક સહકાર પ્રાપ્ત થયો હતો.

કન્યા વિદ્યામંદિર, વાપીમાં યોજાયેલા કાર્યક્રમમાં આચાર્ય મનીષાબેન પટેલ, શોભનાબેન પટેલ, ડૉ. મેઘના પટેલ તથા સમગ્ર શાળા પરિવાર ઉપસ્થિત રહ્યો હતો. મનીષાબેન પટેલે પોતાના વક્તવ્યમાં પુસ્તકોના મહત્ત્વ પર પ્રકાશ પાડ્યો. તેમણે પુસ્તક પરબ, વલસાડની પ્રવૃત્તિઓને બિરદાવી અને વિદ્યાર્થીઓમાં વાંચનની ટેવ વિકસાવવા આવા પ્રયાસોની આવશ્યકતા વ્યક્ત કરી.

અજીતનગર પ્રાથમિક શાળા, વાપીમાં આચાર્ય કિશનભાઈ બાબરભાઈ પટેલ, શિક્ષક શિવકુમાર સિંઘ તથા સમગ્ર સ્ટાફના સહયોગથી કાર્યક્રમ યોજાયો.

શિવકુમાર સિંઘ દ્વારા વિદ્યાર્થીઓને અભ્યાસેતર પુસ્તકોના જીવનઘડતરમાં રહેલા મહત્ત્વ વિશે માહિતગાર કરવામાં આવ્યા. મહાનુભાવોના જીવન-સંગો, પ્રેરણાદાયી વિચારો અને વાંચનના લાભો અંગે હાર્દિક પટેલ, ડૉ. આશા ગોહિલ, નીલીમા ભાવસાર, જયંતીભાઈ મિસ્ત્રીએ રસપ્રદ રીતે વિદ્યાર્થીઓ સમક્ષ રજૂઆત કરી. પુસ્તકોના રંગબેરંગી સંગ્રહને જોઈ વિદ્યાર્થીઓમાં ઉત્સાહ અને જિજ્ઞાસાનું મોજું ફરી વળ્યું. બાળપણથી જ વાંચનની ટેવ વિકસે તો શબ્દભંડોળ સમૃદ્ધ બને, ભાષાકૌશલ્ય વિકસે અને વ્યક્તિત્વ નિર્માણમાં મદદ મળે છે. ચિત્રકથાઓ, વાર્તાઓ અને પ્રેરણાત્મક પુસ્તકો બાળકોને વાંચન તરફ આકર્ષે છે અને તેમની કલ્પનાશક્તિને પણ વિકસાવે છે. પુસ્તક પરબ, વલસાડ છેલ્લા ઘણા સમયથી વિદ્યાર્થીઓ અને સમાજમાં વાંચન સંસ્કૃતિના પ્રસાર માટે કાર્યરત છે.

દર મહિનાના પ્રથમ રવિવારે વલસાડ શહેરના બે જાહેર સ્થળોએ નિઃશુલ્ક પુસ્તક પરબ યોજી વાચકોને પુસ્તકો ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

વિદ્યાર્થીને પુસ્તક આપશો તો તે વાંચન તરફ પ્રેરાશે; વાંચન તેને જ્ઞાન, સંસ્કાર અને ઉજ્જવળ ભવિષ્ય તરફ દોરી જશે.

- આ ભાવનાને સાકાર કરતું પુસ્તક પરબ, વલસાડનું કાર્ય સમાજ માટે પ્રેરણારૂપ બની રહ્યું છે.

CBSE AFFILIATED - 430373
RAJHANS EDUCATION TRUST'S
VIDYA DHAM INTERNATIONAL SCHOOL VAPI (CBSE BOARD)
unleash your true potential · VIDYA DHAM INTERNATIONAL SCHOOL · VAPI · LIFE LONG LEARNING
ADMISSIONS OPEN
Academic Session 2026-2027
Nursery to Std. 10
12th Year Anniversary
SPECIAL OFFERS
% Early Bird Discount Till 31st March
FREE Textbooks From Nursery to Std 10
Special Concession On Admission Fees



Additional Curriculum features
1. English Conversation & Phonics for Fluency
2. Personality development & Memory Boosting techniques.
3. Innovative clubs for Std 6 to 10, Indoor Sports
4. Mental and Vedic Maths for Std 1 to 5
5. AI and Coding for Jr KG to Std 10



Admission forms available All working days
At school's office
vidyadham4@gmail.com, www.vidyadhamschoolvapi.in
9725295578/9081807258/9316054328
ENROLL NOW
School Address :- Plot no B7,B13/14 behind Rajmoti complex 1 , Chharwada Road GIDC Vapi Gujarat 396191

નેમિનાથ ટ્રેડર્સ




ખીલી, વાયર, કાંટાતાર, હુક, ચેઈનલીંક, નટ બોલ્ટ, પાવડા-ત્રિકમ તથા હાર્ડવેર સામગ્રી
Mo. No. 9825190301 / 9825390301
સરનામું : દુકાન નં. ૭૦, ૭૧, અમીધરા કોમ્પ્લેક્સ, સીએનજી ગેસ પંપ નજીક, જીઆઈડીસી ચાર રસ્તા, વાપી - ૩૯૬૧૯૫, જિલ્લો : વલસાડ (ગુજરાત)
Email : neminathtradersvapi@gmail.com

દમણગંગા ટાઇમ્સ

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

મુખ્ય કાર્યાલય

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com

દમણગંગા ટાઈમ્સ
DAMANGANGA TIMES


## ગણદેવીમાં વિકાસકાર્યોની કેન્દ્રીયમંત્રી સી.આર. પાટીલે સ્થળ નિરીક્ષણ કર્યુ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા. ૧૫ :** પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ કેન્દ્ર સરકારના 'વિશ્વાસ, વિકાસ અને જનકલ્યાણ'ના ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસરે યોજાઈ રહેલી 'પ્રગતિપથ યાત્રા' અંતર્ગત રવિવારે ગણદેવી તાલુકામાં વિકાસના બે મહત્વાકાંક્ષી પ્રકલ્પો ચર્ચાના કેન્દ્ર બન્યા હતાં. કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી.આર. પાટીલ તથા લોકસભાના મુખ્ય દંડક ડૉ. સંજય જયસ્વાલની વિશેષ ઉપસ્થિતિમાં વાઘરેચ ટાઈડલ રેગ્યુલેટર અને કેસલી ખાતે નિર્માણાધીન મુંબઈ - અમદાવાદ હાઈસ્પીડ રેલ (બુલેટ ટ્રેન) પ્રોજેક્ટની મુલાકાત લઈ કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. આ મુલાકાત દરમિયાન રાજ્યના નાણાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રી કનુભાઈ દેસાઈ, આદિજાતિ વિકાસ, ખાદી અને ગ્રામોદ્યોગ મંત્રી નરેશભાઈ પટેલ, નવસારી જિલ્લા પંચાયત પ્રમુખ નિરાલી નાયક સહિતના જનપ્રતિનિધિઓ અને આગેવાનોએ સ્થળ પર જઈ વિકાસલક્ષી યોજનાઓના પ્રગતિપથની માહિતી મેળવી હતી.

વાઘરેચ ખાતે ટાઈડલ રેગ્યુલેટરની મુલાકાત દરમિયાન સંબંધિત વિભાગના અધિકારીઓએ પ્રોજેક્ટના મહત્વ અંગે વિસ્તૃત માહિતી આપી હતી. દરિયાઈ ખારાશને નિયંત્રિત કરવા, જળસંચય વધારવા અને ખેડૂતોને સિંચાઈ માટે પૂરતું પાણી ઉપલબ્ધ કરાવવામાં આ પ્રકલ્પ મહત્વપૂર્ણ સાબિત થઈ રહ્યો હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું. મહાનુભાવોએ પ્રોજેક્ટની કામગીરી નિહાળી તેની ઉપયોગિતા અંગે ચર્ચા કરી હતી. ત્યારબાદ પ્રતિનિધિમંડળે કેસલી ખાતે નિર્માણાધીન મુંબઈ-અમદાવાદ હાઈસ્પીડ રેલ (બુલેટ ટ્રેન) પ્રોજેક્ટની મુલાકાત લીધી હતી. અધિકારીઓએ પ્રોજેક્ટની વર્તમાન પ્રગતિ, આધુનિક ટેક્નોલોજી અને વિશ્વસ્તરીય માળખાકીય સુવિધાઓ અંગે વિગતવાર રજૂઆત કરી હતી. મહાનુભાવોએ પ્રોજેક્ટની કામગીરીનું સ્થળ પર નિરીક્ષણ કરી ભારતના પરિવહન ક્ષેત્રમાં સર્જાઈ રહેલા નવા યુગનો પ્રત્યક્ષ અનુભવ કર્યો હતો.

આ પ્રસંગે નવસારીના ધારાસભ્ય રાકેશભાઈ દેસાઈ, જિલ્લા સંગઠન પ્રમુખ ભુરાભાઈ શાહ, જીગર દેસાઈ, શાંતિલાલ પટેલ, મનીષ પટેલ (લુસવાડા), તાલુકા પંચાયત પ્રમુખ પુષ્પાબેન પટેલ, શૈલેષ હળપતિ, પ્રશાંત પટેલ,માજી બીલીમોરા શહેર પ્રમુખ વિજય પટેલ, મનહર ઉર્ફ મનાભાઈ પટેલ, ચીખલી પ્રાંત અધિકારી મિતેશ પટેલ, જિલ્લા તથા તાલુકા પંચાયતના સભ્યો, સ્થાનિક આગેવાનો અને વિવિધ વિભાગોના અધિકારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. 'પ્રગતિપથ યાત્રા' અંતર્ગત યોજાયેલી આ મુલાકાતે વિકાસલક્ષી પ્રકલ્પો પ્રત્યે જનજાગૃતિ વધારવાની સાથે કેન્દ્ર અને રાજ્ય સરકારની જનહિતલક્ષી યોજનાઓના અસરકારક અમલીકરણની ઝાંખી કરાવી હતી.

## વાંસદા પોલીસ મથકના રક્તદાનમાં ૨૮૦ બોટલ રક્ત એકત્ર કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાંસદા, તા. ૧૫ :** હાલમાં ચાલી રહેલી લોહીની અત્યંત કટોકટીને ધ્યાનમાં રાખી ૧૪મી જૂન વિશ્વ રક્તદાતા દિવસ નિમિતે વાંસદા પોલીસ મથકે ભવ્ય રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. વાંસદા પોલીસ, જેસીઆઈ વાંસદા રોયલ, ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી વાંસદા અને તિલક ગૃપ વાંસદાના સંયુક્ત સહયોગથી યોજાયેલ રક્તદાન કેમ્પમાં ૨૮૦ યુનિટ રક્ત એકત્રિત કરવામાં આવ્યું હતું.

જેમાં વાંસદા પોલીસના અધિકારીઓ અને કર્મચારીઓએ ઉત્સાહભેર ભાગ લઈ સૌથી વધુ નોંધપાત્ર રક્તદાન કર્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત વાંસદાના મહારાજા જયવિરેન્દ્રસિંહ સોલંકી, વાંસદા ડીવાયએસપી હરેશ ચાંદુ ,



પીઆઈ જે.વી. ચાવડા, પીએસઆઈ એ.એચ. પટેલ, પટવર્ધનસિંહ સેંગાર, જેસીઆઈ પ્રમુખ એડવોકેટ વિજયભાઈ, સરપંચ ગુલાબભાઈ, ડો.લોચન શાસ્ત્રી, ડો. મનીષ પટેલ, ડો. જીગ્નાશા પટેલ, પધ્યુમનસિંહ સોલંકી તેમજ વાંસદા પોલીસ સ્ટાફ અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થતિ રહ્યા હતાં.

વિશ્વ રક્તદાતા દિવસ નિમિત્તે શુશ્રુષા બ્લડ સેન્ટર નવસારી, વલસાડ રક્તદાન કેન્દ્ર અને રક્તદાન શિબિરમાં સહભાગી બની માનવતાની મહેક ફેલાવનાર તમામ રક્તદાતાઓનો વાંસદા પોલીસ પરિવારે આભાર વ્યક્ત કર્યો હતો.

## નવસારીમાં મહિલાઓ માટે યોગ શિબિર યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નવસારી, તા. ૧૫ :** પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીજીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારના સેવા, સુશાસન, વિકાસ અને જનકલ્યાણના ગૌરવશાળી ૧૨ વર્ષ પૂર્ણ થવાના ઐતિહાસિક અવસરે, તેમજ ૧૨મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ૨૦૨૬ના વિશેષ ઉપલક્ષ્યમાં નવસારી ખાતે મહિલાઓ માટે એક ભવ્ય યોગ શિબિરનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. ભારતીય સંસ્કૃતિની અમૂલ્ય ધરોહર સમાન યોગને પ્રધાનમંત્રીના ભગીરથ પ્રયાસોથી જે વૈશ્વિક ગૌરવ મળ્યું છે, તેના ભાગરૂપે યોજાયેલા આ કાર્યક્રમે નવસારીની નારીશક્તિના સ્વાસ્થ્ય, એકતા અને સશક્તિકરણનો અનોખો સંદેશ આપ્યો હતો. નારી શક્તિના ઉત્સાહ અને સ્વાસ્થ્યના સંગમ સમાન આ વિશેષ યોગ શિબિરમાં નવસારી શહેર અને આસપાસના વિસ્તારોમાંથી ૫,૦૦૦થી વધુ લોકોએ ઉત્સાહભેર ભાગ લઈ સામૂહિક યોગ અભ્યાસ કર્યો. આ કાર્યક્રમ દ્વારા માનનીય પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીજીના નેતૃત્વમાં છેલ્લા ૧૨ વર્ષોમાં દેશે સુશાસન અને વિકાસના ક્ષેત્રે મેળવેલી અભૂતપૂર્વ સિદ્ધિઓને બિરદાવવામાં આવી હતી,

આ પ્રસંગે નવસારીના મેયર અશોકભાઈ ધોરાજિયા, ધારાસભ્ય રાકેશભાઈ દેસાઈ, ભાજપ જિલ્લા પ્રમુખ ભૂરાભાઈ શાહ, સ્ટેન્ડિંગ કમિટીના અધ્યક્ષ અશોકભાઈ અગ્રવાલ, ચેમ્બર ઑફ કોમર્સના પ્રમુખ હરીશભાઈ મંગનાણી, પ્રાંત અધિકારી જનમભાઈ ઠાકોર, ભાજપ પ્રદેશ કારોબારી સભ્ય શીતલબેન સોની, એન.સી.સી.ના કર્નલ ગૌરવજી, નેતા પ્રતિપક્ષ નરેશભાઈ, મહિલા મોરચાના અધ્યક્ષ સુમિત્રાબેન, તનવીબેન, ઝોન કોર્ડીનેટર પ્રિતીબેન પાંડે અને જિલ્લા કોર્ડીનેટર ગાયત્રીબેન તલાટી સહિત અન્ય વહીવટી, રાજકીય અને સામાજિક મહાનુભાવો વિશેષ ઉપસ્થિત રહ્યા હતાં.

## વઘઈ કૃષિ વિજ્ઞાન કેન્દ્રમાં ખેડૂતોને તાલીમ અને જાગૃતિ કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**આહવા, તા. ૧૫ :** સમગ્ર દેશમાં ચાલી રહેલા ખેત બચાવો અભિયાન અંતર્ગત તા. ૮ થી ૧૨ જૂન, ૨૦૨૬ દરમિયાન કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, વઘઈ (ડાંગ) દ્વારા વિવિધ ગામોમાં ખેડૂતો માટે જાગૃતિ અને તાલીમ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

અભિયાન અંતર્ગત ચીચીનાગવઠા, બારખાંધ્યા સહિત કૃષિ વિજ્ઞાન કેન્દ્રના પરિસરમાં ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અને જમીન સ્વાસ્થ્ય સંરક્ષણ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વૈજ્ઞાનિકોએ ખેડૂતોને જમીનમાં પોષક તત્ત્વોની જાળવણી, -કૃતિક કૃષિ પદ્ધતિઓ દ્વારા જમીનની ફળદ્રુપતા વધારવાના ઉપાયો, જમીનની ગુણવત્તામાં સુધારો લાવવાની રીતો તેમજ ખેતી ખર્ચ ઘટાડીને વધુ ઉત્પાદન મેળવવાની આધુનિક અને વ્યવહારુ તકનીકો વિશે વિસ્તૃત માહિતી આપી હતી. વૈજ્ઞાનિકોએ જણાવ્યું હતું કે જમીનનું સ્વાસ્થ્ય જાળવવું એ ટકાઉ કૃષિ વિકાસ માટે અત્યંત આવશ્યક છે. પ્રાકૃતિક કૃષિ પદ્ધતિઓ અપનાવવાથી જમીનની ઉત્પાદકતા વધે છે, રાસાયણિક ખાતરો પરની નિર્ભરતા ઘટે છે તેમજ પર્યાવરણનું સંરક્ષણ પણ થાય છે. આ અભિયાનને ડાંગ જિલ્લાના ખેડૂતો તરફથી સારો પ્રતિસાદ મળ્યો હતો. મોટી સંખ્યામાં ખેડૂતો કાર્યક્રમોમાં જોડાયા હતાં અને પ્રાકૃતિક કૃષિ દ્વારા જમીનના સ્વાસ્થ્યમાં સુધારો લાવવા તથા ભાવિ પેઢીઓ માટે ખેતીલાયક જમીનનું સંરક્ષણ કરવા સક્રિય સહભાગી બનવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. ખેત બચાવો અભિયાનઁના માધ્યમથી ખેડૂતોમાં જમીન સંરક્ષણ અને પ્રાકૃતિક કૃષિ પ્રત્યે જાગૃતિ વધારવાનો મહત્વપૂર્ણ પ્રયાસ કરવામાં આવી રહ્યો છે, જે કૃષિ ક્ષેત્રના ટકાઉ વિકાસ માટે ઉપયોગી સાબિત થશે.

## બીલીમોરા કોળીપટેલ સમાજની ૩૪મી વાર્ષિક સભા યોજાઈ




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા. ૧૫ :** બીલીમોરા વિભાગ કોળી પટેલ સમાજની ૩૪મી વાર્ષિક સાધારણ સભા રવિવારે સમાજવાડી ખાતે પ્રમુખ રમણભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને ઉત્સાહભેર યોજાઈ હતી. સભાની શરૂઆત દીપ પ્રાગટ્ય અને દિવંગત આત્માઓની શાંતિ માટે બે મિનિટના મૌન સાથે થઈ હતી. આ પ્રસંગે ગત સભાની કાર્યવાહી અને વર્ષ ૨૦૨૫-૨૬ના વાર્ષિક હિસાબો રજૂ કરાતા ઉપસ્થિત ટ્રસ્ટીઓ અને સમાજજનોએ સર્વાનુમતે બહાલી આપી હતી. વીતેલા ૧૦ વર્ષથી સમાજના પ્રમુખ તરીકે નિઃસ્વાર્થ સેવા આપતા રમણભાઈ પટેલે સમાજના ઉત્થાન અને પ્રગતિ માટે થયેલા કાર્યોની વિગતવાર ઝાંખી કરાવી શિક્ષણ સાથે સામાજિક એકતા મજબૂત કરવા હાકલ કરી હતી તેમજ સમાજના દાનવીરોની સેવાઓને બિરદાવી હતી. સમગ્ર વર્ષ દરમિયાન કોળી પટેલ સમાજની વિવિધ સમિતિઓ દ્વારા શિક્ષણ ક્ષેત્રે તેજસ્વી તારલાઓને સ્કોલરશીપ, મેરેજ બ્યુરો દ્વારા જીવનસાથી પસંદગી મેળો, મફત સર્વરોગ નિદાન કેમ્પ, શેરી ગરબા અને રમત-ગમત જેવી પ્રેરણાદાયી સામાજિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો ચિતાર રજૂ કરવામાં આવ્યો હતો. આ વિશેષ અવસરે તાજેતરમાં નવનિયુક્ત થયેલા નવસારી જિલ્લા પંચાયતના સદસ્ય મનીષ પટેલ સહિત જિલ્લા-તાલુકા પંચાયત અને ગણદેવી નગરપાલિકાના ઉપસ્થિત હોદ્દેદારોને સમાજ વતી પુષ્પગુચ્છ આપીને વિશેષ રૂપે સન્માનિત કરી ઉજ્જવળ કાર્યકાળ માટે શુભકામનાઓ પાઠવવામાં આવી હતજી. સાધારણ સભામાં ઉપપ્રમુખ દિવ્યેશભાઈ પટેલ, મંત્રી ધીરુભાઈ પટેલ, ટ્રસ્ટીઓ સર્વ નાનુભાઈ, હીનાબેન, રણછોડભાઈ, શૈલેષકુમાર, રામજીભાઈ, ધીરજલાલ, અરવિંદભાઈ, સુમંતરાય, ભરતભાઈ સહિત વાડી દેખરેખ, શિક્ષણ, સાંસ્કૃતિક, વામા વૃંદ અને કૌટુંબિક ન્યાય મંદિર જેવી વિવિધ સમિતિઓના પદાધિકારીઓ હાજર રહ્યા હતા. આ ઉપરાંત ગણદેવી પાલિકાના ભાનુબેન પટેલ, તાલુકા પંચાયતના સેજલ પટેલ, મનોજ પટેલ, વિપુલ પટેલ, રેખાબેન પટેલ સહિત મોટી સંખ્યામાં અગ્રણીઓ અને સમાજજનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે ટ્રસ્ટી દિવ્યેશભાઈ પટેલે આભાર વિધિ કરી હતી અને ત્યારબાદ સૌએ સાથે મળી પ્રીતિભોજન લીધું હતું.

## સામાપોરમાં જનકલ્યાણ શિબિર યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નવસારી, તા. ૧૫ :** દેશના વડાપ્રધાનના નેતૃત્વમાં '૧૨ વર્ષ વિશ્વાસના, વિકાસના અને જનકલ્યાણના' અભિયાન અંતર્ગત નવસારી જિલ્લાના સામાપોર ગામ સ્થિત સામાપોર સાંસ્કૃતિક હોલ ખાતે જનકલ્યાણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં બોદાલી જિલ્લા પંચાયત બેઠક વિસ્તારના તમામ ગામોના નાગરિકોને વિવિધ સરકારી સેવાઓ અને કલ્યાણકારી યોજનાઓનો લાભ એક જ સ્થળે ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે .

જનકલ્યાણ શિબિરો દ્વારા સરકારની વિવિધ યોજનાઓને લોકો સુધી અસરકારક રીતે પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે, જેથી નાગરિકોને વિવિધ સેવાઓ એક જ સ્થળે સુવિધાઓ ઉપલબ્ધ થઈ શકે. આ શિબિરમાં જલાલપોર મામલતદાર મૃણાલ ઈસરાણી, જિલ્લા ત્તાલુકા પંચાયત સ્ભ્યો તથા ગામના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

### મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં

જ.મ.પ. રજી નં.૧૨૭૦/૨૦૨૬

**અરજદાર : પવાર સુરજીભાઈ વનસ્યાભાઈ,**
**રહે.** કાકડમટી નવી વસાહત,
તા.જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, કાકડમટી, તા.જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **પવાર સુરજીભાઈ વનસ્યાભાઈ,** રહે.કાકડમટી નવી વસાહત, તા.જી.વલસાડએ તેમના માતા **ચીમનાબેન વંશાભાઈ પવારનું** મરણ તા.૨૫-૦૫-૨૦૦૧ના રોજ મોજે. કાકડમટી, તા.જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૨/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એડીએમ/મરણ/રજી.નં.૧૨૭૦/૨૦૨૬**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)**

### મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં

જ.મ.પ.અ.નં.૧૨૯૧/૨૦૨૬

**અરજદાર : જશવંતભાઈ રામાભાઈ પટેલ,**
**રહે.** કચિગામ, ભેકા ફળિયા, જી.વલસાડ,
તા.જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, કચિગામ, તા.જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **જશવંતભાઈ રામાભાઈ પટેલ,** રહે.કચિગામ, ભેકા ફળિયા, તા.જી.વલસાડએ તેમના માતા **રંગુબેન રામાભાઈનું** મરણ તા.૧૫-૦૬-૨૦૦૦ના રોજ મોજે. કચિગામ, તા.જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૨/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.



**નં.એડીએમ/મરણ/રજી.નં.૧૨૯૧/૨૦૨૬**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)**

### જાહેર નોટિસ

મારા અસીલ નામે શિવપ્રકાશ રામતિલક મિશ્રા ઉમર ૬૬ રહે. ૬૬૨, શાંતિ નગર, ગુંદલાવ, તા.જી.વલસાડના સદર જાહેર નોટિસના રૂએ જાહેર કરે છે કે મારા અસીલના દીકરાઓ નામે ૧. વિનય શિવપ્રકાશ મિશ્રા ૨. વિજય શિવપ્રકાશ મિશ્રા છે અને નાનો દીકરો નામે અંકિત શિવપ્રકાશ મિશ્રા છે.

મારા અસીલના દીકરાઓ પોત પોતાના રીતે વેપાર ધંધો નોકરી કરે છે અને મારા અસીલના મોટા દીકરા નામે વિનયના લગ્ન નેહા મિશ્રા સાથે થયેલ છે અને બીજા દીકરા નામે વિજયના લગ્ન નેન્સી તિવારી સાથે થયેલ છે અને નાનો દીકરો અપરણિત છે. જે મારા અસીલ સાથે રહે છે. મારા મોટા દીકરા નામે વિનય તેમજ બીજા નંબરનો દીકરો વિજય તેમના કહેવામાં નથી. જેના કારણે મારા અસીલની સામાજીક અને વ્યાપારિક તેમજ આર્થિક પ્રતિષ્ઠાના નુકશાન કરી રહ્યા છે જેથી મારા અસીલના વ્યાપારિક તેમજ સામાજીક પ્રતિષ્ઠાના પણ બગાળ કરી રહ્યા છે મારા અસીલે ઘણી વખત તેમના મોટા દીકરા વિનય અને બીજા નંબરના દીકરા નામે વિજયનાને સમજાવટ કર્યા છતાં તે પોતાની હરકતોથી અટકતો નથી અને પોતાના મરજીથી કૃત્યો કરે છે જેના કારણે મારા અસીલ તેમજ તેમના આખો કુટુંબીજન ખુબજ દુઃખી અને શરમીદગી મહસૂસ કરી હાલંકી જીવન ભોગવી રહ્યા છે જેના કારણે મારા અસીલ ખુબજ પરેશાન તેમજ માનસિક રીતે તૂટી ગયા છે. જેથી આ જાહેર નોટિસના રૂએ હમો સામાન્ય જનતા અને મારા અસીલના સગા સબંધીઓ ઓળખાણ પહેચાન વાળાઓ તેમજ રિશ્તેદારને પણ સદર જાહેર નોટિસથી ચેતવણી આપીએ છીએ કે મારા અસીલનો મોટો દીકરો નામે વિનય શિવપ્રકાશ મિશ્રા અને બીજા નંબરનો દીકરો નામે વિજય શિવપ્રકાશ મિશ્રા સાથે જે કોઈપણ સંસ્થા, નિગમ, કચેરી કે વ્યક્તિગત રીતે કોઈપણ જાતના વ્યવહાર અથવા અન્ય રીતે જેઓ નાણાંકીય કે આર્થિક આદાન પ્રદાન જેઓ વ્યવહાર કરશે કે, કોઈપણ પ્રકારનો વ્યવહાર કરશે તેમાં મારા અસીલની કોઈપણ જવાબદારી રહેશે નહી. જે કોઈપણ વ્યવહાર કરશે તે પોતે તેના માટે જવાબદાર રહેશે. જેમાં મારા અસીલના કે મારા અસીલની અન્ય કુટુંબીજનોની જવાબદારી રહેશે નહી.

**તા.૧૫/૦૬/૨૦૨૬**
**ઠેકાણું : ઓફિસ નં.૭.**
**શાંતિ એપાર્ટમેન્ટ કો.ઓ.હા.સો.લી.**
**છરવાડા રોડ, વાપી**

**સહી/-**
**આપનો વિશ્વાસુ**
**પી.એન. સીંગ તે**
**શિવપ્રકાશ રામતિલક મિશ્રાના એડવોકેટ**

## સુપ્રભાતમ્

### આજનું પંચાગ

**તા.** ૧૬-૦૬-૨૦૨૬, **વાર :** મંગળવાર **તિથિ :** જેઠ, બીજ **સૂર્યોદય :** ૦૫ : ૫૮ **સૂર્યાસ્ત** ૦૭ :૨૨, **ચંદ્રોદય** - ૦૬:૪૯ **ચંદ્રાસ્ત** - ૦૯:૦૩ **ચંદ્ર રાશિ :** મિથુન, **નક્ષત્ર** - આર્દ્રા

### આજનું રાશિભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** કાર્યક્ષેત્રે પ્રગતિ થશે અને અટકેલા કામો પૂરા થશે. આત્મવિશ્વાસમાં વધારો થશે અને વેપારમાં અણધાર્યા આર્થિક લાભની તકો મળશે.

**વૃષભ(બ.વ.ઉ) :** પરિવારનો સહયોગ મળશે. આર્થિક સ્થિતિ મજબૂત બનશે પરંતુ વ્યવસાયમાં નાણાકીય લેવડ-દેવડમાં સાવધાની રાખવી.

**મિથુન(ક.છ.ઘ) :** આજે ચંદ્ર તમારી જ રાશિમાં છે, જે તમારા કાર્યક્ષેત્રમાં નવી ઊર્જા અને ક્ષમતામાં વધારો કરશે. રચનાત્મક કાર્યોમાં સફળતા મળશે.

**કર્ક(ડ.હ) :** ખર્ચ પર નિયંત્રણ રાખવું જરૂરી છે. માનસિક ચિંતા હળવી થશે અને કોઈ પ્રવાસનું આયોજન થઈ શકે છે.

**સિંહ(મ.ટ.) :** ભાગ્ય તમારો સાથ આપશે. લાંબા સમયથી અટકેલા કાર્યો પૂર્ણ થશે. સામાજિક માન-સન્માન વધશે.

**કન્યા(પ.ઠ.ણ.) :** કાર્યભાર વધી શકે છે. ધીરજ રાખવી. વ્યવસાયિક ક્ષેત્રે ધીમી પ્રગતિ થશે અને વિરોધીઓથી સાવચેત રહેવું.

**તુલા (ર.ત.) :** આજના દિવસે અણધારી સફળતા અને ધનલાભના યોગ છે. પારિવારિક જીવનમાં ખુશીઓ રહેશે અને નવા સંબંધો લાભદાયક બનશે.

**વૃશ્ચિક(ન.ય.) :** કાર્યસ્થળ પર મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે, પરંતુ સ્નેહીજનોની મદદથી ઉકેલ આવશે. સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું.

**ધન(ભ.ધ.ફ.ઢ.) :** આજના પ્રયત્નોનું સકારાત્મક ફળ મળશે. વિદ્યાર્થીઓ માટે ઉત્તમ દિવસ છે. વિવાહિત જીવનમાં સુમેળ રહેશે.

**મકર(જ.ખ) :** મહત્વપૂર્ણ નિર્ણયો લેવા માટે સારો દિવસ છે. સ્વજનોની મદદથી આર્થિક સમસ્યાઓનો ઉકેલ આવશે.

**કુંભ(ગ.શ.સ.) :** મુશ્કેલીઓનો અંત આવશે અને લાભની નવી દિશાઓ ખુલશે. વેપારમાં પ્રગતિ અને રોકાણથી ફાયદો થશે.

**મીન(દ.ચ.ઝ.થ) :** મહત્વની કામગીરીને આગળ ધપાવી શકશો. ફળ વિલંબથી મળશે પણ સફળતા નિશ્ચિત છે. પરિવાર સાથે સમય આનંદમાં વીતશે.

### દમણ રેડિયો

102.3 FM

આકાશવાણી

મંગળવાર

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ - વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન

### સુડોકુ નં.૬૦૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | | 1 | 9 | 6 | | | | |
| | 5 | 9 | 8 | | | | 4 | |
| | 2 | | | | 1 | | | |
| | 4 | | | | | 5 | | 1 |
| | 8 | 3 | | | | 2 | 6 | |
| 7 | | 5 | | | | | 3 | |
| | | | 1 | | | | 8 | |
| | 9 | | | | 4 | 6 | 5 | |
| | | | | 2 | 7 | 9 | | 4 |

અહીં એક ચોકઠું આપ્યું છે
જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.
(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.
(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.
(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો
(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

**સુડોકુ નં.૬૦૫નો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | 7 | 1 | 4 | 6 | 8 | 2 | 5 | 9 |
| 8 | 9 | 4 | 2 | 3 | 5 | 6 | 1 | 7 |
| 6 | 5 | 2 | 9 | 7 | 1 | 4 | 3 | 8 |
| 9 | 8 | 5 | 7 | 1 | 4 | 3 | 2 | 6 |
| 1 | 3 | 7 | 5 | 2 | 6 | 9 | 8 | 4 |
| 4 | 2 | 6 | 3 | 8 | 9 | 1 | 7 | 5 |
| 7 | 6 | 8 | 1 | 4 | 2 | 5 | 9 | 3 |
| 2 | 4 | 9 | 8 | 5 | 3 | 7 | 6 | 1 |
| 5 | 1 | 3 | 6 | 9 | 7 | 8 | 4 | 2 |

# બિલપુડીથી ઝરીયા માર્ગ પર વૃક્ષો પર બેફામ જાહેરાતના બોર્ડ








(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૧૫ :** સરકાર એક તરફ વૃક્ષ વાવો, પર્યાવરણ બચાવો જેવા સંદેશો દ્વારા હરિયાળી જાળવવા લોકોને પ્રેરિત કરી રહી છે, ત્યારે બીજી તરફ ધરમપુર તાલુકાના બિલપુડી થી ઝરીયા ગામમાં જાહેર માર્ગ કિનારે આવેલા જીવતા વૃક્ષોના થડમાં ખીલા ઠોકીને વિવિધ કંપનીઓના જાહેરાતના બોર્ડ લગાડવામાં આવી રહ્યા છે. જેના કારણે કુદરતી રીતે ઉછેરાયેલા વૃક્ષોને નુકસાન પહોંચી રહ્યું હોવાનું સામે આવ્યું છે. પર્યાવરણપ્રેમીઓના જણાવ્યા મુજબ વૃક્ષોમાં ખીલા ઠોકવાથી તેની છાલ અને અંદરના જીવંત કોષોને નુકસાન પહોંચે છે જેના કારણે ફૂગ, બેક્ટેરિયા સહિતના રોગો લાગવાની શક્યતા વધી જાય છે અને લાંબા ગાળે વૃક્ષો સુકાઈ જવાનો પણ ભય રહે છે. બિલપુડી થી ઝરીયાથી તરફના માર્ગ પર અનેક વૃક્ષો પર આવા બોર્ડ દ્રશ્યમાન થઈ રહ્યા છે. આશ્ચર્યની વાત તો એ છે કે ગામની ઓળખ માટે મૂકવામાં

**હરિયાળી સામે બેદરકારી, જવાબદાર તંત્ર ક્યારે જાગશે?**

આવેલા ઝરીયા ગામના નામના બોર્ડ પર પણ જાહેરાતનું બોર્ડ ઠોકી દેવામાં આવ્યું છે. સ્થાનિક ગ્રામજનોમાં આ બાબતે ભારે રોષ જોવા મળી રહ્યો છે. ગ્રામજનોનું કહ્યું છે કે જાહેર માર્ગ પર આવેલા વૃક્ષો જાહેર સંપત્તિ છે અને તેની સુરક્ષા કરવી દરેકની જવાબદારી છે. છતાં વેપારીઓ દ્વારા મનફાવે તેમ વૃક્ષોનો ઉપયોગ જાહેરાત માટે કરવામાં આવી રહ્યો છે. આ સમગ્ર મામલે વન વિભાગ, માર્ગ અને મકાન વિભાગ તેમજ સ્થાનિક પંચાયત તંત્રની કામગીરી સામે પણ સવાલો ઊભા થયા છે. જાહેરમાં વૃક્ષોને નુકસાન પહોંચાડતી આ પ્રવૃત્તિ સામે હજુ સુધી કોઈ અસરકારક કાર્યવાહી ન થતાં જવાબદાર તંત્રની કામગીરી પર પ્રશ્નચિહ્ન ઊભું થયું છે. ગ્રામજનોએ માંગ કરી છે કે, વૃક્ષો પર લગાવવામાં આવેલા તમામ જાહેરાતના બોર્ડ તાત્કાલિક દૂર કરવામાં આવે અને જવાબદારો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે. વિચારવામાં આવી છે કે સમયસર કાર્યવાહી નહીં કરવામાં આવે તો ગામજનો પોતે જ આવા બોર્ડ દૂર કરવાની કાર્યવાહી કરશે.

# ચલા રિંગ રોડ પર ગટરના ઢાંકણા બેસી ગયા : અકસ્માતનો ભય

**દૌલતનગરથી કચીગામ ચેકપોસ્ટ સુધીના રિંગ રોડ પર ભારે વાહન અવરજવર વચ્ચે જોખમ સર્જાયું**



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૫ :** ચલા વિસ્તારમાં દૌલતનગરથી કચીગામ ચેકપોસ્ટ સુધીના રિંગ રોડ પર ગટરના કેટલાક ઢાંકણા બેસી જતાં અકસ્માતનો ભય ઊભો થયો છે. આ માર્ગ પરથી દિવસભર બે-ચક્રી, ચાર-ચક્રી વાહનો ઉપરાંત ભારે વાહનોની સતત અવરજવર રહેતી હોવાથી વાહનચાલકો માટે જોખમની સ્થિતિ સર્જાઈ છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ માર્ગ પર આવેલા ગટરના ઢાંકણાં આસપાસનો ભાગ ધસી જતાં ખાડા જેવી સ્થિતિ બની છે. ખાસ કરીને રાત્રિના સમયે અથવા વરસાદ દરમિયાન આ સ્થળો સ્પષ્ટ દેખાતા ન હોવાથી વાહનચાલકો અકસ્માતનો ભોગ બની શકે છે. બે-ચક્રી વાહનચાલકો માટે આ સ્થિતિ વધુ જોખમી સાબિત થઈ શકે છે. સ્થાનિક રહિશોએ સંબંધિત તંત્રને તાત્કાલિક અસરથી બેસી ગયેલા ગટરના ઢાંકણાંનું સમારકામ કરી માર્ગને સુરક્ષિત બનાવવાની માંગ કરી છે. કોઈ મોટી દુર્ઘટના સર્જાય તે પહેલાં મહાનગર પાલિકા તંત્ર દ્વારા જરૂરી કાર્યવાહી કરવામાં આવે તેવી લોકોની અપેક્ષા છે.

# આંબોલી કેન્દ્રીય શાળામાં પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો

**સંઘપ્રદેશની ૨૯૪ સરકારી શાળાઓમાં કુલ ૭,૯૫૭ પૂર્વ પ્રાથમિક અને ૫,૩૫૯ ધો. ૧ ના વિદ્યાર્થીઓને પ્રવેશ મળ્યો**



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૧૫ :** દાદરા અને નગર હવેલી જિલ્લામાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે શાળા પ્રવેશોત્સવની ઉજવણી હર્ષોલ્લાસ સાથે કરવામાં આવી હતી. આંબોલી સ્થિત કેન્દ્રીય પ્રાથમિક શાળામાં યોજાયેલા મુખ્ય કાર્યક્રમમાં નવા પ્રવેશ મેળવનાર બાળકોનું પરંપરાગત સ્વાગત કરવામાં આવ્યું હતું.

સંઘ પ્રદેશ દાદરા અને નગર હવેલી તથા દમણ-દીવ અને લક્ષદ્વીપના પ્રશાસક પ્રફુલ પટેલના માર્ગદર્શન હેઠળ આયોજિત કાર્યક્રમમાં ઉપ પોલીસ મહાનિરીક્ષક સંતોષ કુમાર મીણા, શિક્ષણ સચિવ ડૉ. અરુણ ટી., શિક્ષણ વિભાગના અધિકારીઓ, જનપ્રતિનિધિઓ, પંચાયત પ્રતિનિધિઓ, વાલીઓ તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

પ્રવેશોત્સવ અંતર્ગત જિલ્લામાં પૂર્વ-પ્રાથમિક કક્ષાઓમાં ૬,૧૫૯ તેમજ ધોરણ-૧માં ૩,૬૫૧ બાળકોના પ્રવેશની પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે. સમગ્ર સંઘ પ્રદેશની ૨૯૪ સરકારી શાળાઓમાં યોજાયેલા કાર્યક્રમો દ્વારા કુલ ૭,૯૫૭ પૂર્વ-પ્રાથમિક અને ૫,૩૫૯ ધોરણ-૧ના વિદ્યાર્થીઓ તેમના શૈક્ષણિક જીવનની શરૂઆત કરી રહ્યા છે.

આંબોલી શાળા પરિસરમાં નવા વિદ્યાર્થીઓનું તિલક, પુષ્પવર્ષા અને ઢોલ-નગારાના નાદ વચ્ચે સ્વાગત કરવામાં આવ્યું હતું. શાળા પરિવાર દ્વારા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ આપવામાં આવી હતી.

આ પ્રસંગે વિદ્યાર્થીઓને મફત પાઠ્યપુસ્તકો, નોટબુક, યુનિફોર્મ, સ્કૂલ બેગ, જૂતાં-મોજાં સહિતની શૈક્ષણિક સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું. પ્રશાસન દ્વારા આ વર્ષે પણ અંદાજે રૂ. ૧૨.૫ કરોડના ખર્ચે વિદ્યાર્થીઓને શૈક્ષણિક કિટ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

કાર્યક્રમ દરમિયાન જણાવાયું હતું કે સંઘ પ્રદેશમાં હાલમાં સરકારી શાળાઓમાં ધોરણ ૩થી ૧૨ સુધી આશરે ૧,૮૦૦ સ્માર્ટ વર્ગખંડો કાર્યરત છે. કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે તિથિ ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉપરાંત શિક્ષણ વિભાગના અધિકારીઓએ શિક્ષકો અને મુખ્યાધ્યાપકો સાથે શૈક્ષણિક ગુણવત્તા, નવીનતા અને આગામી શૈક્ષણિક લક્ષ્યો અંગે ચર્ચા કરી હતી.

# ઉમરગામ ઈન્ડ. એસો. દ્વારા સાંસદ ધવલભાઈ પટેલનું સન્માન કરાયું



**રેલવે સહિતના વિકાસકાર્યોમાં નોંધપાત્ર કામગીરી બદલ ઉદ્યોગકારોએ વ્યક્ત આભાર કર્યો**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૧૫ :** ઉમરગામ જીઆઈડીસી વિસ્તારમાં ૨૦૦૦થી વધુ ઉદ્યોગો કાર્યરત છે અને ઉમરગામ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન (યુ.આઈ.એ.) સ્થાનિક ઉદ્યોગોનું નેતૃત્વ કરતી અગ્રણી સંસ્થા તરીકે કાર્યરત છે. સંસ્થા રાજ્ય અને કેન્દ્ર સરકાર સાથે સંકલન સાધી ઔદ્યોગિક વિસ્તારના વિકાસ, ઉદ્યોગકારોના હિતોની રક્ષા તેમજ સરકારી યોજનાઓનો લાભ ઉદ્યોગકારો સુધી પહોંચાડવા સતત કાર્યરત રહે છે.

સાંસદ ધવલભાઈ પટેલના ટૂંકા કાર્યકાળ દરમિયાન પણ યુ.આઈ.એ. દ્વારા કરવામાં આવેલી રેલવે સંબંધિત વિવિધ રજૂઆતોને હકારાત્મક પરિણામો મળતા તેમની કાર્યક્ષમતા અને પ્રતિબદ્ધતાની નોંધ લેવામાં આવી છે.

આ પ્રસંગે ઉમરગામ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનની કચેરી ખાતે સાંસદ ધવલભાઈ પટેલના સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન યુ.આઈ.એ.ના પ્રમુખ અશોકભાઈ ગુપ્તાના હસ્તે સાલ ઓઢાડી સાંસદ ધવલભાઈ પટેલનું સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં એસોસિએશનના ઉપપ્રમુખ ભગવાનભાઈ ભરવાડ, સેક્રેટરી શ્યામ વિઝન, ટ્રેઝરર રત્નેશ્વર ચોરસિયા સહિત મોટી સંખ્યામાં ઉદ્યોગકારો ઉપસ્થિત રહ્યા હતા. વિશેષ આમંત્રિત તરીકે ઉમરગામ નગરપાલિકા પ્રમુખ ખુશ્બુબેન જાદવ તથા ઉમરગામ શહેર ભાજપ પ્રમુખ મયંકભાઈ પ્રેસવાલા પણ હાજર રહ્યા હતા.અગ્રણી ઉદ્યોગપતિ ઈશ્વરભાઈ બારીએ સાંસદ ધવલભાઈ પટેલની કામગીરીની પ્રશંસા કરી તેમનો વિશેષ આભાર વ્યક્ત કર્યો હતો. આ ઉપરાંત ઉમરગામ નોટિફાઈડ એરિયાના ચેરમેન જીગ્નેશભાઈ બારી અને કમિટીના સભ્યોએ નોટિફાઈડ વિસ્તારમાં હાથ ધરાયેલા વિકાસકાર્યો અંગે માહિતી આપી હતી.

# ઉમરસાડીમાં 'એક પેડ માં કે નામ' કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૧૫ :** પારડી તાલુકાના ઉમરસાડી દેસાઈવાડ ખાતે નાણાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રી કનુભાઈ દેસાઈના અધ્યક્ષસ્થાને 'એક પેડ માં કે નામ' કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં મંત્રીની સાથે સાથે વાપી મહાનગરપાલિકાના સ્ટેંન્ડિગ કમિટિના ચેરમેન સતીશભાઈ પટેલ સહિતના મહાનુભાવોએ ઉપસ્થિત રહી વૃક્ષારોપણ કર્યું હતું. મંત્રી દ્વારા સ્વચ્છતાનો સંદેશો પાઠવી દરેક લોકોને સ્વચ્છતા અભિયાનમાં સહભાગી બનવા પ્રેરિત કરવામાં આવ્યા હતા.

# દમણના ભારતીય કોસ્ટ ગાર્ડ એર સ્ટેશને યોગાસન કાર્યક્રમ યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૧૫ :** આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી પહેલા, રવિવારે દમણ સ્થિત ભારતીય કોસ્ટ ગાર્ડ એર સ્ટેશન ખાતે એક ખાસ યોગ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું.



આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય અધિકારીઓ, કર્મચારીઓ અને તેમના પરિવારોમાં શારીરિક તંદુરસ્તી, માનસિક સ્વાસ્થ્ય અને માઈન્ડફુલનેસને પ્રોત્સાહન આપવાનો હતો.

સવારે ૭ વાગ્યાથી ૮:૩૦ વાગ્યા સુધી યોજાયેલા આ યોગ સત્રમાં કોસ્ટ ગાર્ડના અધિકારીઓ, સૈનિકો, નાગરિક કર્મચારીઓ અને તેમના આશ્રિતોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. તાલીમ પામેલા યોગ પ્રશિક્ષકોના માર્ગદર્શન હેઠળ, સહભાગીઓએ વિવિધ યોગ આસનો, પ્રાણાયામ અને શ્વાસ લેવાની કસરતો કરી હતી. યોગાભ્યાસ દરમિયાન, સહભાગીઓએ શારીરિક શક્તિ, માનસિક શાંતિ અને સકારાત્મક ઉર્જાનો અનુભવ કર્યો હતો.

કાર્યક્રમના અંતે, હળવો નાસ્તો પીરસવામાં આવ્યો હતો, અને યોગને રોજિંદા જીવનનો ભાગ બનાવવા અને તેના સ્વાસ્થ્ય લાભો પર ચર્ચા કરવામાં આવી હતી. યોગને તણાવમુક્ત અને સંતુલિત જીવન માટે અસરકારક માધ્યમ તરીકે વર્ણવવામાં આવ્યો હતો.

# પારડી આઈટીઆઈમાં વિશ્વ યોગ દિવસ અંગે વ્યાખ્યાન યોજાયુ

(દમણગંગા ટાઈમ્સ )

**પારડી, તા. ૧૫ : ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર** કલ્યાણ વિભાગ દ્વારા સંચાલિત નિયામક આયુષની કચેરી ગાંધીનગર દ્વારા પ્રેરિત તથા વલસાડ જિલ્લા આયુર્વેદ અધિકારીના માર્ગદર્શન હેઠળ ૧૨માં વિશ્વ યોગ દિવસના પ્રચાર પ્રસાર અર્થે પારડીની ITI ખાતે વિદ્યાર્થીઓને "યોગ અને દૈનિક જીવન, કરો યોગ રહો નિરોગ સંબંધિત" પરીસંવાદ યોજી પ્રોટોકોલ અંતર્ગત યોગના લાભાલાભ વિશે, તન,મન અને સ્વાસ્થ્ય તંદુરસ્ત રહે અને વિશ્વ શાંતિ માટે સૌને સાથે લઈને યોગ પ્રાણાયામ અપનાવી તંદુરસ્ત સમાજની રચના કરવા બાબતે સરકારી આયુર્વેદ ડીસપેન્સરી, પારડીના મેડિકલ ઓફિસર ડો.હેમિલ ડી.પટેલે વ્યાખ્યાન આપ્યું હતું. વધુમાં વધુ લોકોમાં જાગૃતિ આવે અને વધુ લોકો યોગ સાથે જોડાય એ માટે સઘન પ્રયત્ન કરવામાં આવ્યા હતા.

# વાપીમાં રાજસ્થાન પ્રગતિ મંડળની વાર્ષિક સામાન્ય સભા મળી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૫ :** રાજસ્થાન પ્રગતિ મંડળની વાર્ષિક સામાન્ય સભા પૂર્ણ થઈ. નવા પ્રમુખતરીકે શ્રવણ નૈન અને તેમની ટીમે પદભાર સંભાળ્યો.

રાજસ્થાન પ્રગતિ મંડળ ચેરિટેબલ ટ્રસ્ટની વાર્ષિક સામાન્ય સભા રવિવારે ઈમારત ખાતે યોજાઈ હતી, જ્યાં ઈમારતના વાર્ષિક હિસાબો રજૂ કરવામાં આવ્યા હતા. સેક્રેટરી હનુમાન શર્માએ ઈમારતના તમામ કાર્ય અને પ્રગતિ વિશે વિગતવાર માહિતી પૂરી પાડી હતી. ટ્રસ્ટી બી.કે. દયામાએ સોસાયટી દ્વારા કરવામાં આવી રહેલા કાર્યની રૂપરેખા આપી હતી, જેમાં રક્તદાન, આંખનું દાન અને મહિલા સશક્તિકરણ તેમજ સોસાયટીના ભવિષ્યના કાર્યના મહત્વ પર ભાર મૂકવામાં આવ્યો હતો. ત્યારબાદ નવા ચૂંટાયેલા પ્રમુખ શ્રવણ નૈનને પદભાર સંભાળ્યો હતો. તેમની સાથે ઉપપ્રમુખ દિનેશ દયામા, સુંદર જૈન, ખજાનચી ભગીરથ ચૌધરી અને સમગ્ર ટીમ ફૂલોના ગુલદસ્તા સાથે હાજર રહી હતી. પોતાના સંબોધનમાં, પ્રમુખ શ્રવણ નૈને સમાજ અને ઈમારતના ભાવિ પ્રયાસો પ્રત્યે પોતાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. હનુમાન શર્માએ કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. દિનેશ દયામાએ સ્ટેજનું સંચાલન કર્યું કરવામાં આવ્યું હતું.

# ઉમરગામ ટાઉનમાં બોરઝાઈ માતા મંદિરમાં રામકથા યોજાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૧૫ :** ઉમરગામ ટાઉન ખાતે આવેલ શ્રી બોરજાઈ માતા મંદિરના પવિત્ર પ્રાંગણમાં શ્રી રામકથાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ ધાર્મિક પ્રસંગે કથાકાર પૂજ્ય સુનિલભાઈ યાજ્ઞિક દ્વારા શ્રી રામકથાનું ભાવસભર રસપાન કરાવવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુ ભક્તો ઉપસ્થિત રહ્યા હતા.



આમંત્રણને માન આપી ઉમરગામના ધારાસભ્ય રમણભાઈ પાટકર પણ શ્રી રામકથામાં ઉપસ્થિત રહી કથાનું શ્રવણ કર્યું હતું. આ પ્રસંગે કથાકાર પૂજ્ય સુનિલભાઈ યાજ્ઞિકના હસ્તે ધારાસભ્ય રમણભાઈ પાટકરનું સન્માન કરવામાં આવ્યું હતું. આયોજકો દ્વારા તેમની સાથે ઉપસ્થિત રહેલા સરીગામ નોટિફાઈડ બોર્ડના ચેરમેન દિલીપભાઈ ભંડારીનું પણ સ્વાગત કરવામાં આવ્યું હતું.

પ્રસંગે પોતાના પ્રેરક ઉદબોધનમાં ધારાસભ્ય રમણભાઈ પાટકરે જણાવ્યું હતું કે શ્રી રામકથા માનવ જીવન માટે પ્રેરણારૂપ અને કલ્યાણનો માર્ગ દર્શાવનારો મહાન ગ્રંથ છે. પ્રભુ શ્રીરામ, માતા સીતા, લક્ષ્મણજી સહિતના પાત્રો જીવનમાં આદર્શ પુત્ર, ભાઈ, પુત્રવધુ અને પરિવારના સભ્ય તરીકે કેવી રીતે જીવન જીવવું તે અંગે અમૂલ્ય સંદેશ આપે છે. તેમણે માતા-પિતાની આજ્ઞાનું પાલન કરી સંસ્કારી અને આજ્ઞાકારી સંતાન બનવાની પ્રેરણા શ્રી રામકથામાંથી ગ્રહણ કરવાની અપીલ કરી હતી.

ધાર્મિક અને ભક્તિમય વાતાવરણ વચ્ચે યોજાયેલા આ પાવન પ્રસંગે ભક્તજનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો તેમજ પુણ્યકાર્યમાં દાનનો પ્રવાહ પણ વહેતો મૂક્યો હતો.

# સેલવાસમાં ચૂંટણી વિભાગ દ્વારા જામા મસ્જિદમાં SIR તાલીમ કાર્યક્રમ યોજાયો

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**સેલવાસ, તા. ૧૫ :** દાદરા નગર હવેલી વહીવટીતંત્ર, ચૂંટણી વિભાગ, ૯ત્ત્ય (ખાસ સઘન સુધારણા) ટીમે ૧૪/૦૬/૨૦૨૬ ના રોજ જામા મસ્જિદ, વાપી રોડ, સેલવાસમાં જામા મસ્જિદ, સેલવાસના મુસ્તાક અને માજિદ લધાણીના માર્ગદર્શન હેઠળ મતદાર યાદી અપડેટ કરવા સંબંધિત એક મહત્વપૂર્ણ તાલીમ કાર્યક્રમનું આયોજન કર્યું હતું.

આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય મતદાર યાદીને સરળ, પારદર્શક અને અસરકારક રીતે તૈયાર કરવાનો હતો. તેથી, ચૂંટણી વિભાગ, SIR ટીમે તમામ રહેવાસીઓને SIR સંબંધિત જરૂરી માહિતી પૂરી પાડી.

તાલીમ કાર્યક્રમમાં, ચૂંટણી વિભાગ, ૯ત્ત્ય અધિકારી ધર્મેશ પટેલે મતદાર યાદીના ખાસ સઘન સુધારણા, નવા મતદારોની નોંધણી, નામ સુધારણા, ટ્રાન્સફર અને ચૂંટણી પ્રક્રિયા સંબંધિત વિવિધ જોગવાઈઓ વિશે વિગતવાર માહિતી પૂરી પાડી.

આ સંબોધન પછી, મુસ્તાકે હાજર રહેલા દરેકને SIR કાર્યક્રમ હેઠળ આપવામાં આવેલા માર્ગદર્શનનું પાલન કરવા પ્રોત્સાહિત કર્યા અને SIR ટીમનો તમામ મતદારોને SIR માહિતી પ્રસારિત કરવા બદલ આભાર માન્યો, અને હાજર રહેલા દરેકને આ મતદાર યાદી કાર્ય પૂર્ણ કરવામાં સહયોગ કરવા અપીલ કરી.

દાદરા નગર હવેલીના તમામ મતદારોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ ખાતરી કરે કે તેમનું નામ તેમના ગામ/રાજ્ય/જિલ્લા માટે ૨૦૦૨ અથવા ૨૦૦૩ ની તારીખની અગાઉની SIR મતદાર યાદીમાં શામેલ છે.

જો નામની માહિતી ઉપલબ્ધ ન હોય, તો મતદારો તેમના વિસ્તારના બૂથ લેવલ ઓફિસર નો સંપર્ક કરી શકે છે, ચકાસણી માટે ચૂંટણી વિભાગની ઓફિસની મુલાકાત લઈ શકે છે અથવા વેબસાઈટ પર જરૂરી વિગતો દાખલ કરીને તેમનું નામ શોધી શકે છે.

જો તેમનું નામ અગાઉની SIR-૨૦૦૨ અથવા ૨૦૦૩ ની મતદાર યાદીમાં ન મળે, તો મતદારોએ તેમના માતાપિતાના નામ ચકાસવાની જરૂર પડશે.

જો તેમના માતાપિતાના નામ ચકાસી શકાતા નથી, તો મતદાર પાસે જરૂરી દસ્તાવેજો તૈયાર હોવા જોઈએ.

આ દસ્તાવેજો સ્થાનિક BLO અથવા ચૂંટણી વિભાગ, સેલવાસને સબમિટ કરવા આવશ્યક છે. જરૂરી દસ્તાવેજોમાં કેન્દ્ર/રાજ્ય સરકાર અથવા જાહેર ક્ષેત્રના ઉપક્રમોના નિયમિત કર્મચારીઓ/પેન્શનરોને જારી કરાયેલ ઓળખ કાર્ડ અથવા પેન્શન ચુકવણી ઓર્ડર, ૧ જુલાઈ, ૧૯૮૭ પહેલા જારી કરાયેલ ઓળખ કાર્ડ/પ્રમાણપત્રો, જન્મ પ્રમાણપત્રો, પાસપોર્ટ, મેટ્રિક અથવા શૈક્ષણિક પ્રમાણપત્રો, કાયમી રહેઠાણ પ્રમાણપત્રો, વન અધિકાર પ્રમાણપત્રો, OBC/SC/ST અથવા અન્ય જાતિ પ્રમાણપત્રો, રાષ્ટ્રીય નાગરિક રજિસ્ટર, કુટુંબ રજિસ્ટર અને સરકાર દ્વારા જારી કરાયેલ જમીન/મકાન ફાળવણી પ્રમાણપત્રોનો સમાવેશ થાય છે.

બધા મતદારોને ખાસ વિનંતી કરવામાં આવે છે કે તેઓ બૂથ લેવલ ઓફિસરને તેમના ઘરની મુલાકાત લે ત્યારે સંપૂર્ણ સહકાર આપે, જેથી સુધારણા પ્રક્રિયા સુચારુ રીતે હાથ ધરવામાં આવે.

આ સુધારણા પ્રક્રિયા લોકશાહી પ્રણાલીને મજબૂત બનાવવા અને મતદાર યાદી અપડેટ અને ભૂલ-મુક્ત થાય તેની ખાતરી કરવા તરફ એક મહત્વપૂર્ણ પગલું છે. તેથી, દાદરા અને નગર હવેલીના તમામ નાગરિકો પાસેથી સક્રિય ભાગીદારીની અપેક્ષા રાખવામાં આવે છે.

# દેહરીમાં ૩૦ દિવસમાં પ્લાસ્ટિક મુક્ત અને સ્વચ્છ ગામ બનાવવાનો સંકલ્પ લેવાયો

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ઉમરગામ, તા. ૧૫ :** સ્વચ્છ ભારત, સ્વચ્છ ગુજરાત અને સ્વચ્છ મારું ગામના સંકલ્પને સાકાર કરવા દેહરી ગ્રામ પંચાયત અને સોસીયો ક્લીનઅપ (Socio Cleanup) ટીમના સંયુક્ત ઉપક્રમે દેહરી શીતલ ટાઉનશીપથી કટવાર વિસ્તાર સુધી વિશાળ સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગામને આગામી ૩૦ દિવસમાં સંપૂર્ણ સ્વચ્છ અને પ્લાસ્ટિક મુક્ત બનાવવાનો સંકલ્પ લેવામાં આવ્યો હતો. દેહરી ગામના સરપંચ ધનેશભાઈએ જણાવ્યું હતું કે ગ્રામ પંચાયત દ્વારા ગામની સ્વચ્છતા માટે વિશેષ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. માત્ર દર રવિવારે જ નહીં, પરંતુ અઠવાડિયાના તમામ દિવસોમાં સતત સ્વચ્છતા જળવાઈ રહે તે માટે પંચાયત અને ગ્રામજનો સાથે મળીને કાર્ય કરશે. ગામને પ્લાસ્ટિક મુક્ત બનાવવા માટે લોકોને જાગૃત કરવામાં આવશે અને દરેક નાગરિકને આ અભિયાનમાં સહભાગી થવા અપીલ કરવામાં આવશે. આ સફાઈ અભિયાનમાં સોસીયો ક્લીનઅપ ટીમના નિખિલભાઈ ધોડી, પ્રણિતભાઈ અને તેમની સમગ્ર ટીમ ઉપરાંત દેહરી ગામના સરપંચ ધનેશભાઈ, ઉપસરપંચ ઉમેશભાઈ સોલંકી, જિલ્લા પંચાયત સભ્ય વંદનાબેન માહ્યાવંશી, તાલુકા પંચાયત સભ્ય કાજલબેન હળપતિ, ગ્રામ પંચાયતના સભ્યો તેમજ મોટી સંખ્યામાં સેવાભાવી ગ્રામજનો જોડાયા હતા. આ અભિયાન દ્વારા ગામમાં સ્વચ્છતા અંગે જાગૃતિ ફેલાવવા સાથે પ્લાસ્ટિકના ઉપયોગને ઘટાડવા અને સ્વચ્છ પર્યાવરણ નિર્માણનો સંદેશ આપવામાં આવ્યો હતો.

# વાપી રેલવે સ્ટેશન પર મોબાઇલ ચોર ઝડપાયા

**ચોરાયેલો ફોન માલિકને પરત અપાયો**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૫ :** ઓપરેશન યાત્રી સુરક્ષા અંતર્ગત RPF વાપીએ મોબાઈલ ચોરીના એક આરોપીને ઝડપી પાડી મહત્વપૂર્ણ સફળતા મેળવી છે. RPF ઈન્સપેક્ટર આશિષ તિવારીના માર્ગદર્શન હેઠળ સ્ટાફ દ્વારા વાપી રેલવે સ્ટેશન પર શંકાસ્પદ વ્યક્તિઓ પર નજર રાખવામાં આવી રહી હતી. દરમિયાન પ્લેટફોર્મ નં. ૧ પર ટ્રેન નં. ૧૯૪૨૫માંથી એક શંકાસ્પદ વ્યક્તિને પકડી પૂછપરછ કરવામાં આવી. તેની પાસેમાંથી રિયલમી કંપનીનો ગ્રે રંગનો મોબાઈલ ફોન મળી આવ્યો. પૂછપરછમાં આરોપીએ પોતાનું નામ શિવમ કુમાર (ઉંમર ૨૪ વર્ષ, વિરાર, મહારાષ્ટ્ર) હોવાનું જણાવ્યું. થોડીવાર બાદ મુસાફર રામ બહાલી (ઉંમર ૫૧ વર્ષ, સિદ્ધાર્થનગર, ઉત્તર પ્રદેશ) RPF કચેરીએ પહોંચ્યા અને પોતાનો મોબાઈલ ચોરી ગયો હોવાની જાણ કરી. મોબાઈલનો પાસવર્ડ દાખલ કરી તેમણે માલિકી સાબિત કરી. ફોનની કિંમત રૂ. ૧૨ હજાર હોવાનું જણાવાયું. ત્યારબાદ આરોપી, ચોરાયેલો મોબાઈલ અને ફરિયાદીને આગળની કાયદેસરની કાર્યવાહી માટે GRP વાપીને સોંપવામાં આવ્યા. આરોપી સામે BNS કલમ ૩૦૩(૨) હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

વિશેષ વાંચન

Tuesday 16, June 2026

દમણગંગા ટાઇમ્સ

# નરેન્દ્ર મોદી ન હોત તો? શું આભ ફાટી પડવાનું હતું ?

## આ કેવો પ્રશ્ન? જે છે, એ ન હોત એવો કપોળકલ્પ (Hypothetical) જવાબ શા માટે ખોળવો?

લે. જશવંત રાવલ,
તંત્રી, નયા પડકાર,
આણંદ

આ પ્રશ્નનો શૂરવીરા સેક્યુલરો તો આનંદે ઊછળી જવાબ આપે કે એનાથી રૂડું બીજું શું વારું. અમારે આ દિવસ જોવાના તો ન આવ્યા હોત. આ શૂરવીરાઓમાં અમેરિકા, પાકિસ્તાન, ચીન, ભારતના વિપક્ષો, ટિકૈત ટોળાના ખેડૂતો, ખાલિસ્તાનીઓ, ઉદારઘેલા, મંશા મેલા, પ્રચ્છન્ન પેલા સહિત અનેકો આવી જાય. નરેન્દ્ર મોદી એમનું નડતર છે. એ એમને મુબારક, ચપટિક સ્વાર્થ અને ગાલ્લા મોંઢે દ્વેષના કારણે એમનો જવાબ આવો હોય. આપણી તપસીલ એટલી અને એટલે સુધીની નથી.

શ્રીકૃષ્ણનો અવતાર ન થયો હોત તો? શ્રીમદ્ ભાગવત ન રચાત. દશમસ્કંધની મનોહર લીલા ન થાત. નરસિંહ, મીરાં રસપાનથી અગણિત પ્રપન્ન ભક્તો ગીરધર–ગોપાળથી વંચિત રહી જાત. રાધા વિરહ અને રુકમણિ શૃંગાર ન કથાયાં હોત. શિશુપાલ અને કંસ વધ થયા ન હોત. આ બધા વિના ચાલત. કાળ એનો કોઈ ઉકેલ કરત. પણ કૃષ્ણ ન થયા હોત તો યુદ્ધ, ધર્મ માટે પણ હોય એ સંસ્થાપિત ન થાત. હિંસા આવકાર્ય નથી, પણ અનિવાર્ય હિંસા ત્યાજ્ય પણ નથી, એ સંદેશ ન મળત. અધર્મ પક્ષે છે એમની સામે તું યુદ્ધ કર. આતતાયીઓને હણવામાં કોઈ પાપ (અણછાજતું) નથી. અધર્મના પક્ષે હોય તે કોઈ આપણું નથી. કૃષ્ણની ગીતા યુદ્ધસંહિતા છે. પ્રારંભના બે અધ્યાય પછી શાસ્ત્ર છે. સંશયથી અનાસક્તિ અને સંન્યાસ સુધીનાં સોપાન સાયુદ્ધ છે. યુદ્ધના ઉંબરાને આલિંગી આગળની વાત છે. કૃષ્ણની અવતારસિદ્ધિ ધર્મ સંસ્થાપન અર્થે યુદ્ધ અને અધર્મનો વધ છે. બાકી બધું ગૌણ છે. યુદ્ધની વિનાશકતાનો ડર, યુદ્ધની આવશ્યક્તાને ગૌણ કરી દે છે એ ન થવું જોઈએ એવો કૃષ્ણ જીવનસંદેશ ગણાય. કૃષ્ણનું આ કાર્ય કંસ સમદાયને કે કૌરવ કળને માફક ન જ આવે ગાંધારીનો શાપ એ કૃષ્ણનું જીવન સાર્થક્ય છે.

લખાણના પ્રારંભે ઉલ્લેખાયાં એ બધાં જૂથો વર્તમાને કંસ અને કૌરવ કુળ અત્યારે પણ છે જ. એમનો જવાબ શીર્ષકમાં સમાવેશ છે એ જ હોય. અહીં રખે એમ કોઈ સમજે કે આ પૂર્વભૂમિકા બાંધી નરેન્દ્ર મોદીને કૃષ્ણ સમ ઠેરવવાનો પ્રયાસ કે આયાસ થવાનો છે. એટલું જ તારવવું છે કે નરેન્દ્ર મોદી અસાધારણ શું કરી રહ્યા છે કે કરી ગયા છે?


નરેન્દ્ર મોદી ૨૦૦૨થી સક્રિય રાજકારણમાં પ્રવેશે છે. ૨૦૦૨ની ૨૭મી ફેબ્રુઆરી નરેન્દ્ર મોદીના દ્વિજત્વનો દિવસ ગણાય. ૨૦૦૧ની ૭મી ઓક્ટોબરે નરેન્દ્ર મોદીએ વિધાનસભાના વણ ચૂંટાયેલા સભ્ય તરીકે મુખ્ય પ્રધાનના શપથ લીધા. તા. ૨૪ ફેબ્રુઆરી, ૨૦૦૨ના રોજ વિધાનસભાની પેટા ચૂંટણીમાં રાજકોટ બેઠક પરથી ચૂંટાયા. ત્રણ જ દિવસ પછી કાળમુખો ગોધરાકાંડ થયો. મોદી માથે યશ અને અપયશના ધોધ વરસવા શરૂ થયા. રાજ્યથી રાષ્ટ્ર અને લગભગ વિશ્વમાં માર્ચ-૨૦૦૨માં મોદી જાણીતા અને વગોવણીનું પાત્ર બન્યા. એક આખી જમાત નરેન્દ્ર મોદીને મહાવિધ્વંસક, હત્યારા, ખૂની તરીકે વિશ્વ આખામાં ચિતરવા પ્રબળ પુરુષાર્થ કરવા માંડી હતી. ગુજરાતને અને હિન્દુને પણ સામૂહિક નરસંહાર કરનારાંના સ્થાન અને જાતિ તરીકે પેશ કરવાની પેરવી થઈ. તપાસપંચો, અદાલતો, દેખાવો* કેટકેટલું? એ પછી ઘણું થયું એનું પિષ્ટપેષણ નથી કરવું. મોદી બધામાંથી બહાર આવ્યા. એમના માથેથી 'અટલઘાત' પણ ગઈ.

આ આખા દ્વેષપૂર્ણ માહોલની ઉપપેદાશ લાગતી પણ મહત્ત્વની અને મુખ્ય પેદાશ હતી એ હિન્દુ નવજાગરણ. નરેન્દ્ર મોદીએ મુખ્ય પ્રધાનપદનાં ચૌદ વર્ષ અને વડા પ્રધાનપદનાં ૧૧ વર્ષ શું કર્યું? આ કર્યું, તે કર્યું, વિકાસકામો કર્યાં, અર્થતંત્ર સુધાર્યું, સામરિક શક્તિ ઊભી કરી વગેરે વગેરે એ એમની સિદ્ધિ નથી. એ ખરેખર તો ફરજપૂર્તિ છે. એ ન આવ્યા હોત અને અન્ય કોઈ હોત તો એણે પણ આમાંનું થોડું કે ઘણું કર્યું જ હોત. ઈતિહાસ નરેન્દ્ર મોદીના નામને આ કામો માટે દર્જ કરવાનો નથી. ઈતિહાસ એમનું મૂલ્યાંકન કરી જે પૃષ્ઠ કે પોથી આલેખવાનો છે એ એક મહાન કાર્ય માટે. એ છે હિન્દુ જાગરણ અને રાષ્ટ્રવાદ. આ બે પારસ્પરિક છે. હિન્દુ જાગરણ એટલે અન્યનો વિરોધ એ ભ્રમ સાયાસ ફેલાવાયેલો છે. નરેન્દ્ર મોદીએ ૨૦૦૨ની ફેબ્રુઆરીની અંતિમ તારીખોમાં જે જોયું એ તોફાનો ન હતાં. એમણે હિન્દુની સહસ્રો વર્ષોથી ઠીંગરાયેલી ચેતનાનો ઉદય જોયો. એક તણખો દેખાયો, એને હુતાશનમાં પલટવાનો પુરુષાર્થ એ માણસે છેલ્લાં પચ્ચીસ વર્ષથી આદર્યો છે. બુઝાયેલાં, પાણીપોચાં, ધરબાયેલાં ઈંધણાંમાં આગ પ્રગટાવવાની હતી. અરણીમંથન ન હતું એ સમુદ્રમંથનથી વડવાનલ લાવવાનો હતો. વિરોધનાં વાવાઝોડાં અને સતત પાણીમારો હિન્દુચેતનાને પ્રજવલિત થવા દે એમ ન હતો. જે વાત નરેન્દ્ર મોદીને સમજાઈ તે વાત સામે છાવણીઓને પણ સમજાઈ જ ગઈ હતી. તૂમુલ યુદ્ધ શરૂ થઈ ચૂક્યું હતું.

ગ્રીક દેવકથાઓ(Mytholigy)માં પ્રોમેથેયસ(Prometheus)ની કથા છે. તે સ્વર્ગમાંથી માણસજાત માટે અગ્નિ લાવે છે. બદલામાં તેનું યકૃત (liver) રોજ ખવાય એવી સજા ભોગવે છે. જોકે જેટલું યકૃત ખવાય એટલું નવું થઈ જાય છે. મહા કવિ શેલી(Shelly)ની 'Promethes un-bound' પ્રસિદ્ધ છે. બાઈબલમાં પણ અગ્નિ લાવનાર ઈલિજાહ(Ilijah)ની કથા છે. આપણો

સૂર્યપુત્ર માતરિશ્વા પણ અગ્નિ લઈ આવે છે. નરેન્દ્ર મોદી માટે આ હિન્દુ આતિષ્ટ લાવવાનું ને જલતો કરવાનું કામ પ્રોમેથેયસ લક્ષ (Prametheas Task) હતું. પેલી જમાતોએ એ જ સજા કરેલી. પણ મોદી રોજ નવપલ્લવિત થતા રહ્યા. આ બધું પાછાત પડતું મૂકીએ તો માતરિશ્વા એ આપણું વૈદિક પાત્ર છે. નરેન્દ્ર મોદીને માતરિશ્વા નથી કહેવા પણ એમના કાર્યને માતરિશ્વાધ્યેય જરૂર કહેવું પડે.

૧૯૮૦માં ભાજપની સ્થાપના થઈ. ભારતમાં હિન્દુનું કોઈ રાજકીય મૂલ્ય કે મહત્તા હતાં જ નહીં. ૧૯૧૫માં ભારતના જનકારણમાં મોહનદાસ ગાંધી પ્રવેશે છે. ૧૯૧૯ સુધીમાં હિન્દુત્વના અગ્રિમો – લોકમાન્ય ટિળક, લાલા લાજપતરાય, મહાદેવ રાનડે, વીર સાવરકર–મૃત્યુ પામ્યા, યા જેલવાસે ગયા. ગાંધીજીએ ખિલાફત આંદોલનથી મુસ્લિમ આળપંપાળ અને અતિ અગ્રક્રમ આરંભ્યો. 'હું હિન્દુ છું' એવું કહી ગૌરવ લેતા ગાંધીજી માનસ પર મુસ્લિમ આધિક્યનું એવું તૂત કે ભૂત સવાર થયેલું કે હિન્દુ એમના માટે અન્ય નાગરિક (Other Citizen) બની ગયો. ગાંધીજીનું પ્રભુત્વ વધતું ગયું. એમ હિન્દુત્વનું સંકોચાતું ગયું ને મુસ્લિમોનું વિસ્તરતું ગયું. ૧૯૨૫ આવતાં કોંગ્રેસમાંના જ કેટલાકને આ અતિચાર ખટક્યો. ગાંધીજી દક્ષિણ આફ્રિકાની મૂડીએ ભારતમાં પધારો ફેલાવી ચૂક્યા હતા. સૌ પ્રથમ



ગાંધીજીના આ હિન્દુ વિરોધી અતિચારનાં પરિણામો કેશવ બલીરામ હેડગેવારે પામી ગયા ને ૧૯૨૫માં હિન્દુ હિતરક્ષક અને હિન્દુત્વ વિચાર-વર્તક રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની સ્થાપના કરી. તેના વિરોધમાં હિન્દુ રાષ્ટ્ર અને 'રાષ્ટ્રવાદ'ને ભયાનક રીતે બદનામ કરવાનો, એને ફાસીવાદ ગણાવવાનો કારસો શરૂ થયો. હિન્દુ તો ગાંધીઅમલમાં ગુલતાન હતો. અનાવશ્યક ઉદારતા અને અકારણ હીનભાવનો શિકાર હતો. માતમાજી એને મરવા અને સહન કરવા પ્રેરતા, મારવા અને આતંક ફેલાવતા મુસ્લિમને વારવા એ કશું ન કહેતા, કરતા. ગાંધીજીની આ માનસિકતા અને કાર્યકલાપનો વિસ્તૃત અભ્યાસ થવો બાકી છે.

સદીઓની ગુલામી અને નેતૃત્વના અભાવે હિન્દુને સત્ત્વ, સામર્થ્ય, સાહસ, સ્વાર્થત્યાગ, સંરક્ષણ, આક્રમણ, આત્મબળ અને આત્મસન્માન વિનાનો બનાવી દીધો હતો. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે હિન્દુને ઢંઢોળવો શરૂ કર્યો. સદીઓની ટેવ અને ગાંધીઘેન–સંઘ માટે સીધાં અને ઊંચા ચઢાણ હતાં. આ જ ગાળામાં વીર સાવરકરનું હિન્દુત્વને વ્યાખ્યાયિત કરતું પુસ્તક ૧૯૨૩માં પ્રગટ થાય છે. હિન્દુત્વનો વિચાર આકાર લે છે. આ સામાજિક માળખું હતું. હિન્દુત્વનો વિચાર રાજકીય સંગઠન વિના આઝાદ ભારતમાં વિસ્તારવો શક્ય ન બને. ૧૯૫૧માં ભારતીય જનસંઘની સ્થાપના થઈ.

હિન્દુની કેવી અવદશા! ૧૮૮૫માં કોંગ્રેસ, ૧૯૦૬માં મુસ્લિમ લીગ સ્થપાયાં. હિન્દુ બહુલ દેશમાં હિન્દુ વિચારનો રાજકીય પક્ષ જ નહીં. કોંગ્રેસની સ્થાપના પછી ૬૫ વર્ષે, મુસ્લિમ લીગની સ્થાપના પછી ૪૫ વર્ષે અને ભારત આઝાદ થયા પછી ૪ વરસ પછી હિન્દુ રાજકીય પક્ષ ઊભો થયો. હિન્દુ પોતાને સ્વતંત્ર વ્યક્તિત્વ તરીકે જોવા ટેવાયો જ નથી. હિન્દુને વ્યક્તિત્વ અને અસ્તિત્વબોધ કરાવવાનો હતો. મહા દુષ્કર કાર્ય.

૧૯૮૦ સુધી કોંગ્રેસનો સૂર્ય મધ્યાહને (નિષ્ફળ જનતા સરકારને બાદ કરતાં) રહ્યો. હિન્દુત્વના ફૂટતા બી માં 'ભારતીય જનતા પક્ષ' નીપજ્યો. અટલ બિહારી વાજપેયી અને લાલકૃષ્ણ અડવાણીનું નેતૃત્વ. એક દસકો કશી સફળતા વિના ગયો. અટલજી ઉમદા વ્યક્તિ પણ નિષ્ફળ નિવડવાની શક્યતાઓથી ભરપૂર નેતા. અડવાણી ઊર્જાથી અને ઉગ્રતાથી ભરપૂર પણ એ બીજા ક્રમે. ૯૦નો દાયકો અનેક નવાં પરિમાણો લઈ આવ્યો. ૧૯૮૪માં ઈન્દિરાજીની હત્યા થઈ. પ્રચંડ બહુમતીથી

ચૂંટાઈ વડા પ્રધાન બનેલા રાજીવ ગાંધી ૧૯૮૯ની એ ચૂંટણીમાં સત્તા મેળવી ન શક્યા. કૉંગ્રેસના પતનનો આ પ્રારંભ હતો. ૧૯૮૯-૯૦માં કાશ્મીરમાં હિન્દુ પંડિતોની સામૂહિક કત્લેઆમ થઈ. ૧૯૨૧નો મોપલાકાંડ, ૧૯૯૦નો કાશ્મીર કાંડ- વચ્ચે ૭૦ વર્ષ હિન્દુ ઊંઘતો જ રહ્યો. કપાતો, ટૂંપાતો રહ્યો. કારણ રાજકીય વજૂદનો અભાવ. જે વાત ૧૯૦૬થી મુસ્લિમો સમજી ગયા હતા એ વાત છેક ૧૯૯૦ સુધી હિન્દુ સમજી શકતો ન હતો. કમનસીબી એ પણ હતી કે હિન્દુને સોઈઝાટકી સમજાવે એવા નેતા પણ ન હતા. ૨૦૦૧ને વજુ વાર હતી, બે દાયકાની.

૧૯૯૦ના અંત ભાગે અડવાણીજીએ રામરથયાત્રા આરંભી. હિન્દુ નવજાગરણનો આ પ્રથમ અધ્યાય. હિન્દુ માત્ર નિદ્રાધીન ન હતો, ઘેરી નહીં ઘેની નિદ્રામાં હતો. બૂમ પાડ્યે એ ઊઠે એમ ન હતો. બાવડું પકડી હલબલાવી મૂકવો જરૂરી હતો. આ રથયાત્રાએ એ કર્યું. આ રથયાત્રાએ હિન્દુ જાગરણ સાથે હિન્દુ સમગ્ર માટેનો ડાંડિયો (વીર નર્મદને યાદ કરો), કડખેદ અને જોદ્ધો પણ આપ્યો. અડવાણીની વામભુજાએ ઊભેલો દાઢીધારી યુવક દસ વર્ષ પછી હિન્દુ ગૌરવ પ્રસ્થાપન કરવાનો હતો એ આ યાત્રામાં અવતરી ચૂક્યો હતો. એને જગતે ઓળખ્યો, આવકાર્યો કે ધૂત્કાર્યો ૨૦૦૨માં. એ યુવક હતો નરેન્દ્ર મોદી.

રથયાત્રા અને તે પછી બાબરી ધ્વંસ થકી હિન્દુ ચેતના જાગ્રત થઈ હતી, પણ હજુ રાજકીય ઈચ્છાશક્તિ અને મતશક્તિ બની શકી ન હતી. એ દાયકામાં ધીમી પણ આ પ્રક્રિયા ચાલતી રહી. મર્યાદિત પરિણામ પણ મળ્યાં, પણ એ બધું અપર્યાપ્ત. વીસમી સદી પૂરી થઈ ને એકવીસમી સદી હિન્દુ માટેની સવાર હતી. ભારત માટે નવપ્રભાત હતું. આ પ્રક્રિયાનું પ્રમુખ ગુજરાત બનવાનું હતું. તા. ૨૭મી ફેબ્રુઆરીએ ૫૯ રામભક્તોની આહુતિ થઈ. હિન્દુ હવનકુંડમાં પાવક ધૂંધૂ કરતો ઊઠ્યો. હિન્દુના ડીલે ડામ દેવાયો. હિન્દુ સફાળો જાગી ઊઠ્યો. આ મહાયજ્ઞના ઋત્વિજ હતા નરેન્દ્ર મોદી. આ વાત તોફાનો દરમિયાન થયેલા હિંસાચારની નથી. એ તો પ્રથમ વારનો -તિકાર અને પ્રતિઘાત હતો. વાત છે હિન્દુ માનસને રાજકીય શક્તિ સમજાવવાનો. હિન્દુની મતશક્તિને એકત્ર કરવાનો. લોકશાહી દેશમાં મતશક્તિ જ મોટી. માથાં ગણ્યે કંઈ ન થાય. કોંગ્રેસ આ વાત ખૂબ વહેલી સમજી ચૂકી હતી. એ સમજી ગઈ હતી કે હિન્દુ મતશક્તિ જગાડવી અને એકત્ર રાખવી એ કાળીંગડાંનો ભોર બાંધવાનું કામ છે. અશક્ય. અચોક્કસ અને નાશવંત. કોંગ્રેસે મુસ્લિમ મતશક્તિ એકત્ર કરી લીધી. એને રીઝવવામાં અને હિન્દુને ખીજવવામાં કંઈ બાકી ન મૂક્યું. મુસ્લિમ મતશક્તિને એક કરી અને હિન્દુ શક્તિને વિભાજિત કરી દીધી. આ યોજનાના આધારે ૬૦ વર્ષ મજેથી શાસન કર્યું. જડબેસલાક કરેલા આ ગઢને ભેદવાનું દુષ્કર કાર્ય નરેન્દ્ર મોદીના માથે આવ્યું. ગુજરાતમાં ૨૦૦૨ની વિધાનસભા ચૂંટણીમાં નરેન્દ્ર મોદીએ સંયોજીત કરેલી મતશક્તિએ ભાજપને ૧૨૭ બેઠકોના વિજયે પહોંચાડી દીધી. આ તો પ્રારંભ. હજુ તો એકડો મંડાયો હતો.

હિન્દુને જાગતો અને એકમત રાખવો સરળ નથી. કદાચ જગતમાં હિન્દુ જેટલી બેદરકાર, આત્મબોધ, સ્વમાન અને ભાન, સંભવિત જોખમ અને એનું આયોજન કરવામાં અનિર્ણાયક જાતિ કોઈ નહીં હોય. એને આ બધાં ભાન કરાવવાનું અને બેભાન ન થાય એનું મહાકામ નરેન્દ્ર મોદીએ કરવાનું હતું. એમના અને એના સામેનાં વિઘ્નો અને કાવતરાં જગજાહેર છે. નરેન્દ્ર મોદી એ બધું ઝિલતા અને વટાવતા આગળ વધતા રહ્યા. વિકાસ, સ્વધર્મ સ્થાપન અને સ્વમાનની પ્રાપ્તિ માટે રાજકીય શક્તિની આવશ્યક્તા કેટલી છે એની પ્રતીતિ નરેન્દ્ર મોદીએ ગુજરાત મૉડેલથી દેશભરના હિન્દુને કરાવી. ગુજરાત હિન્દુત્વની યજ્ઞશાળા બન્યું. અહીંથી જ પ્રગટનારો પાવક આ દેશની પ્રગતિનું પાયસપાત્ર આપશે એ નક્કી હતું.

આપણે વર્તમાનમાં આપણી આસપાસ કોઈ વ્યક્તિ અતિમનસ બનતો જાય, વિરાટ થતો જાય એ દેખાતું–સમજાતું નથી. વર્તમાન જ્યારે ભૂત બને ત્યારે એ વ્યક્તિ તો ન હોય પણ એનું વિરાટ કદનું પ્રાગટ્ય એણે કરેલાં કાર્યો અને હાંસલ કરેલાં પરિણામોથી થાય છે. નરેન્દ્ર મોદી પણ આવતીકાલે સમજાનારી ઘટના છે. હિન્દુ ઈતિહાસના નાયકોની યાદીમાં એક નામ ઉમેરાવાનું છે. ગુજરાતે ભારતભરના અને વિશ્વપટે વસતા હિન્દુમાત્રને પોતાની અસ્મિતા, ધર્મ, સંસ્કૃતિ અને રાજશક્તિનો અહેસાસ કરાવ્યો. બાર વર્ષની ગુજરાતની તપસ્યાનું ફળ સમગ્ર દેશને ૨૦૧૪માં મળ્યું. નરેન્દ્ર મોદી વડા પ્રધાન થયા. આ હિન્દુ ચમત્કાર હતો. તો સામે હિન્દુ વિરોધી ચિત્કાર પણ એટલો જ પ્રબળ હતો.૨૦૧૪થી દેશમાં રાષ્ટ્રવાદના વિચારને સંજીવની છંટાઈ. 'હિન્દુ રાષ્ટ્રવાદ' એ વગોવણી માટે ઉપયોગમાં લેવાતો શબ્દ છે. એના અનર્થો પ્રચારિત કરાય છે. 'હિન્દુ રાષ્ટ્રવાદ' એટલે હિન્દુઓનો દેશ કે રાષ્ટ્ર એમ નહીં. રાષ્ટ્રવાદ એ કોઈ સંકુચિતતા સૂચક નથી. સ્વદેશ, માતૃભૂમિ, હિન્દુભૂમિ એ માત્ર જમીનનો કોઈ ટુકડો નથી કે એની આસપાસની વાડને રાષ્ટ્રવાદ નામ આપીએ. સ્વભૂમિની ઓળખ, એનાં સંસ્કાર, સંસ્કૃતિ, લોક અને ધર્મનું પ્રાધાન્ય, સ્વીકાર અને એ પ્રતિ ગૌરવભાવ. આ બધાંની જાળવણી, સ્થાપન અને પુનઃ નિર્માણ. ૧૯૫૧માં સોમનાથનું પુનઃ નિર્માણ એ સરદાર પટેલના હાથ અને હૈયેથી થયેલું રાષ્ટ્રવાદનું સંસ્થાપન હતું. ઔદાર્ય એ રાષ્ટ્રવાદનું વિરોધી નથી, પણ સભાનતા અને સાવધાની સાથેનું ઔદાર્ય એ રાષ્ટ્રવાદની આવશ્યક્તા છે. સોમનાથથી રામમંદિર–રામલલ્લાની સ્થાપના, સરદાર સાહેબથી નરેન્દ્ર મોદી સુધીનો સંકલ્પ અને સિદ્ધિ એ રાષ્ટ્ર સામર્થ્યના પુરાવા છે. સરદાર ન હોત તો સોમનાથ શક્ય ન બનત, એવું જ રામલલ્લાના આગારનું. બન્ને વખતે કર્તા જુદા, પણ એમને અવરોધનારાં પરિબળ એક જ. રાષ્ટ્રવાદનો વિરાટ એ પરિબળોને ક્યાંય ફગાવી ગયો. થયેલાં કામોની યાદી હાથવગી છે. થવાનાં બાકી કામોનું ઓળીયું પણ લાંબુંલચક છે.

આ પાર પાડવા બે શક્તિની જરૂર રહે છે. રાષ્ટ્રભક્તિ અને રાજશક્તિ. ૧૧ વરસમાં નરેન્દ્ર મોદીએ દેશવ્યાપી કરેલાં કામો પાછળની સંચારઊર્જા અને સંકલ્પસિદ્ધિ પાછળ જે ઓજ છે એ રાષ્ટ્રવાદ અને હિન્દુ મતશક્તિનું નવજાગરણ છે. આ બેયને સતત રાખવાં અને વધારતાં જવું એ નરેન્દ્ર મોદી સામેનો પડકાર છે. જે માટે એ સતત પ્રવૃત્ત છે. થયું એ બધું કાર્ય છે. જેનાથી થયું એ કાર્યબળ સંચિત કર્યું નરેન્દ્ર મોદીએ. કાર્ય કરતાંય કાર્યબળ ઊભું કરવાનું અશક્ય, નરેન્દ્ર મોદીએ શક્ય બનાવ્યું છે. ભારતવર્ષ ૧૨૦૦ વર્ષના કાળખંડ પછી આ બધું ઝળાંહળાં જોઈ રહ્યો છે. એ અજવાસ નરેન્દ્ર મોદીએ પેટેલા હુતાશનનો છે. નરેન્દ્ર મોદી વર્તમાન ભારતવર્ષના માતરિશ્વા છે. નવભારત આકાર લઈ રહ્યું છે. 'હિન્દુસ્તાન વિજય' મહાકાવ્ય લખાશે ત્યારે નાયક નરેન્દ્ર મોદી હશે.

## ફિલ્મી જગત...ફિલ્મી જગત...ફિલ્મી જગત...ફિલ્મી જગત...ફિલ્મી જગત...ફિલ્મી જગત...

# ધમાલ ૪નું ટ્રેલર આખરે લોંચ

## અજય દેવગન, રિતેશ દેશમુખ અને અર્શદ વારસીની ગેંગ ખજાનાની શોધ કરશે

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૧૫ :** કેટલીક બહુ રાહ જોવાતી ફિલ્મોમાંથી એક ધમાલ ૪નું ટ્રેલર આખરે લોંચ થઈ ગયું છે, જેમાં એડવેન્ચર થીમની સમગ્ર કાસ્ટની ઝલક પણ મળે છે. આ ફિલ્મ ૧૦ જુલાઈએ રિલીઝ થવાની છે, હવે આ જાણીતી ગેંગ મુંઝવણ, સ્પર્ધા અને જોખમી એડવેન્ચરની ગડબડ સાથે ખજાનાની શોધમાં નીકળશે. મુંબઈના એક એડવેન્ચર થીમ પાર્કમાં આ ટ્રેલર લોંચ કરવામાં આવ્યું હતું. જ્યાં ઈવેન્ટના સ્થળને પણ એડવેન્ચરસ લાર્જર ધેન લાઈફ સેટ તૈયાર કરાયો હતો. જેમાં ફરી એક વખત ધમાલ સિરીઝ માટે ઉત્સુકતા વધારવાના હેતુથી આ રીતે ટ્રેલર લોંચ કરવામાં આવ્યું હતું. ટ્રેલરમાં ફિલ્મની વાર્તાની ઘણી મહત્વની બાબતોને ગુપ્ત રાખવામાં



આવી છે, પરંતુ તે હરિફાઈ, લાલચ અને નસીબની આસપાસ ગૂંથાયેલી ફિલ્મની ઝલક આપે છે. ખજાનાની શોધમાં નીકળેલા દરેક પાત્ર એકબીજાને પાછળ પાડવાનો પ્રયાસ કરતા જોવા મળે છે. અંતે ખજાનો કોના હાથ લાગે છે અને કોણ સફળ થાય છે, તેનો રહસ્ય ફિલ્મ રિલીઝ થયા બાદ જ ખુલશે. 'ધમાલ ૪'માં અજય દેવગન, અર્શદ વારસી, રિતેશ દેશમુખ, જાવેદ જાફરી અને સંજય મિશ્રા મુખ્ય ભૂમિકાઓમાં જોવા મળશે. ઉપરાંત ફિલ્મમાં ઈશા ગુપ્તા, સંજીદા શેખ, અંજલી આનંદ, ઉપેન્દ્ર લિમયે, વિજય પટકર અને રવિ કિશન પણ મહત્વના પાત્રોમાં છે. વર્ષો દરમિયાન 'ધમાલ' ફ્રેન્ચાઈઝીએ પોતાની સ્લેપસ્ટિક કોમેડી, અનોખા પાત્રો અને મલ્ટી-સ્ટારર સ્ટોરી દ્વારા મજબૂત ચાહકવર્ગ ઊભો કર્યો છે. ફ્રેન્ચાઈઝીની નવી ફિલ્મ પણ આ જ ફોર્મ્યુલાને આગળ વધારતી જોવા મળે છે, પરંતુ આ વખતે તેની વાર્તા એક રોમાંચક ખજાનાની શોધ પર આધારિત છે. ટ્રેલર રિલીઝ થયા બાદ 'ધમાલ ૪' જુલાઈ ૨૦૨૬ની સૌથી મોટી બોલિવૂડ રિલીઝમાંની એક બની ગઈ છે.

# ચાંદની બારની સીકવલમાં કેટરીના કૈફની એન્ટ્રી થઈ શકે

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૧૫ :** રૂપેરી પડદાથી લાંબો સમય દૂર રહ્યા પછી કેટરીના કૈફ મહત્વની ભૂમિકા સાથે વાપસીની તૈયારી કરી રહી છે. અહેવાલો મુજબ કેટરીના મધુર ભંડારકરની પ્રશંસિત ૨૦૦૧ની ફિલ્મ 'ચાંદની બાર'ની સીક્વલ માટે વાટાઘાટ કરી રહી છે. અજય બહલ દિગ્દર્શિત આ ફિલ્મમાં તબ્બુની પણ મહત્વની ભૂમિકા રહેશે. સત્તાવાર જાહેરાત ન થઈ હોવા છતાં ફિલ્મ માટે કેટરીનાનું નામ સામે આવતા તેના ચાહકોમાં ઉત્કંઠા જાગી છે. હજુ



થોડા દિવસો પહેલાં એવા અહેવાલ હતા કે ગયાં વર્ષે માતા બની ચૂકેલી કેટરિના પુનરાગમન માટે કોઈ સારો ઓટીટી પ્રોજેક્ટ શોધી રહી છે. અહેવાલો મુજબ સીક્વલમાં મૂળ ફિલ્મની જેમ મુંબઈના રેડ લાઈટ વિસ્તારો અને ગુનાખોરી ઈકોસીસ્ટમની કઠોર સચ્ચાઈ દર્શાવાશે. જો કે આ પ્રોજેક્ટ ફરતે વિવાદ પણ સર્જાયો છે. ગયા વર્ષે મધુર ભંડારકરે 'ચાંદની બાર' નામના ઉપયોગ સામે વાંધો ઉઠાવ્યો હતો. પ્રોડ્યુસર સંદીપ સિંઘ અને દિગ્દર્શક અજય બહલે પછી જણાવ્યું કે તેમણે શીર્ષકના અધિકારો કાનૂની રીતે હાંસલ કર્યા છે અને ફ્રેન્ચાઈસીની તેમની માલિકીનું સંરક્ષણ કરવા જરૂરી પગલા લઈ રહ્યા છે.

# વિજય, રશ્મિકાએ ૧૮૦ બાળકોને સ્કોલરશિપ આપી

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૧૫ :** વિજય દેવેરાકોન્ડા અને રશ્મિકા મંદાનાએ ધી દેવેરાકોન્ડા ફાઉન્ડેશન દ્વારા સ્કોલરશિપ અભિયાન શરૂ કર્યું છે. કપલે વિજયના વતન આચમપેટ મંડલમાં થુમ્મનપેટ ગામની મુલાકાત લઈને આર્થિક સહાય માટે ધોરણ ૯ અને ૧૦ના ૧૮૦ વિદ્યાર્થીઓને સ્કોલરશિપ પ્રદાન કરી હતી. વિદ્યાર્થીઓ તેમજ તેમના પરિવારોને સંબોધન કરતા વિજયે સ્કોલરશિપને તેલંગણામાં પ્રતિભાશાળી યુવા વર્ગને ટેકો આપવાના વ્યાપક સ્વપ્નની શરૂઆત ગણાવી હતી. તેણે જણાવ્યું કે તે તેમની સિદ્ધિઓ પાછળના અનુશાસન અને સમર્પણની કદર કરવા માગે છે અને તેમની સફરનો હિસ્સો બનવા માગે છે. વિજયે આશા વ્યક્ત કરી કે આ ગામમાં જે શરૂઆત થઈ તે આખરે સમગ્ર રાજ્યમાં વિસ્તરીત થશે. સાઉથના કલાકારો તેમની સામાજિક પ્રવૃત્તિઓ માટે જાણીતા છે. અનેક કલાકારો પોતાની ફેન કલબ ચલાવે છે જેના દ્વારા તેઓ ચેરિટી તથા અન્ય સારી પ્રવૃત્તિઓમાં પણ ભાગ લેતા હોય છે. બીજી તરફ બોલિવુડના કલાકારો દ્વારા આવી ચેરિટીનું પ્રમાણ બહુ ઓછું છે.

# સલમાન ખાન નવા લુકમાં જોવા મળશે

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૧૫ :** તાજેતરમાં ફિલ્મ 'લગાન'ની ૨૫મી વર્ષગાંઠની ઉજવણી માટે એક ભવ્ય પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું. બોલિવૂડના 'ભાઈજાન' સલમાન ખાન આ કાર્યક્રમમાં પ્રવેશતા જ બધાનું ધ્યાન તેમના પર કેન્દ્રિત થયું હતું. જેમાં સલમાન ખાન અને આમિર ખાન એકસાથે જોવા મળ્યા હતા. કાર્યક્રમમાં સલમાન ખાનનો નવો લુક જોઈ સેલેબ્સથી લઈને ફેન્સ પણ ચોંકયા હતા! આમ, સલમાનને જોઈને લોકોને યાદ આવ્યો 'તેરે નામ'નો 'રાધે ભૈયા'. સલમાન આ ઈવેન્ટમાં બઝ-કટ હેરસ્ટાઈલમાં જોવા મળ્યો હતો. તેમજ તેની હળવી દાઢી સાથેનો લુક વધુ દમદાર દેખાતો હતો. સલમાનના નવા લુકને માત્ર ચાહકો જ નહીં પરંતુ હાજર સેલિબ્રિટીઓને પણ આશ્ચર્યચકિત કરી દીધા હતા. સલમાન પહેલા કરતાં વધુ ફિટ જોવા મળ્યો હતો. સોશિયલ મીડિયા પર લોકોએ તરત જ અનુમાન લગાવવાનું શરૂ કરી દીધું કે તેનો નવો અવતાર દિગ્દર્શક વામશી પૈડીપલ્લીની આગામી ફિલ્મ 'જીફઝ૬ ૩' માટે બનાવવામાં આવી રહ્યો છે. આ ઈવેન્ટના ફોટા અને વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થતાની સાથે જ ચાહકોનું રીએકશન સામે આવી રહ્યા છે. સલમાન ખાનના બદલાયેલા લુકથી લોકો આશ્ચર્યચકિત થઈ એક યુઝરે લખ્યું, 'સલમાન અને આમિર એક જ ફ્રેમમાં. રાહ જુઓ, શું ખરેખર સલમાન છે? આ પરિવર્તન ખરેખર આશ્ચર્યજનક છે. જો આ ફિલ્મ 'જીફઝ૬ ૩'નો લુક છે, તો તે બોક્સ ઓફિસ પર ધમાલ મચાવશે તે ચોક્કસ છે.

# 'ભારત ભાગ્ય વિધાતા' હરિયાણા અને દિલ્હીમાં ટેક્સ-ફ્રી કરાઈ

**મનોજ તાપડિયા દ્વારા લિખિત અને નિર્દેશિત આ ફિલ્મની વાર્તા ૨૬/૧૧ ના મુંબઈ આતંકવાદી હુમલાની સત્ય ઘટનાઓ અને પૃષ્ઠભૂમિ પર આધારિત**




(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૧૫ :** બોલિવુડ ક્વીન કંગના રનૌતની મોસ્ટ અવેટેડ ફિલ્મ 'ભારત ભાગ્ય વિધાતા' સિનેમાઘરોમાં રિલીઝ થઈ ચૂકી છે. રિલીઝ થતાની સાથે જ આ ફિલ્મ દેશભરમાં ભારે ચર્ચા જગાવી રહી છે અને તેને દર્શકો તરફથી શાનદાર પ્રતિસાદ મળી રહ્યો છે. આ દરમિયાન ફિલ્મની મજબૂત વાર્તા અને દેશભક્તિના સંદેશને ધ્યાનમાં રાખીને હરિયાણા અને દિલ્હી સરકાર દ્વારા આ ફિલ્મને 'ટેક્સ-ફ્રી' જાહેર કરવામાં આવી છે. શનિવારે ચંડીગઢ ખાતે ફિલ્મની સ્ટારકાસ્ટ અને મેકર્સ દ્વારા એક સ્પેશિયલ સ્ક્રીનિંગનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં હરિયાણાના મુખ્ય પ્રધાન નાયબ સિંહ સૈનીએ વિશેષ હાજરી આપી હતી અને ફિલ્મ નિહાળી હતી. ફિલ્મ જોયા બાદ મીડિયા સાથે વાતચીત કરતા મુખ્ય પ્રધાન સૈની ભાવુક થયા હતા અને ફિલ્મના વખાણ કરતા જણાવ્યું કે, 'મેં આ ફિલ્મ જોઈ છે અને હું એટલું જ કહેવા માંગીશ કે આવી પ્રેરણાદાયી ફિલ્મો જે આપણને સાહસ, કરુણા, કર્તવ્ય અને માનવતાનો પાઠ ભણાવે છે તે આપણા સૌએ જોવી જોઈએ. આ ફિલ્મ આપણને આપણા કર્તવ્યોનો અહેસાસ કરાવે છે, તેથી અમે તેને હરિયાણામાં 'ટેક્સ-ફ્રી' જાહેર કરવાનો નિર્ણય કર્યો છે'. હરિયાણા પહેલા દેશની રાજધાની દિલ્હીમાં પણ આ ફિલ્મને ટેક્સ ફ્રી કરવામાં આવી છે. દિલ્હીના મુખ્ય પ્રધાન રેખા ગુપ્તાએ પણ કંગના રનૌતની એક્ટિંગની સોશિયલ મીડિયા પર ખુલ્લા દિલે પ્રશંસા કરી હતી. મુખ્ય પ્રધાન રેખા ગુપ્તાએ પોતાના સત્તાવાર એક્સ હેન્ડલ પર પોસ્ટ શેર કરતા લખ્યું કે, 'કંગના રનૌત જીનું દમદાર પર્ફોર્મન્સ ફિલ્મની લાગણીઓ અને તેના સંદેશને વાચકો-દર્શકો સુધી ખૂબ જ સુંદર રીતે પહોંચાડે છે. આવી ફિલ્મો સમાજમાં સેવા, સંવેદનશીલતા અને કર્તવ્યની ભાવનાને વધુ મજબૂત બનાવે છે. ફિલ્મની પૂરી ટીમને દિલથી શુભકામનાઓ'. મનોજ તાપડિયા દ્વારા લિખિત અને નિર્દેશિત આ ફિલ્મની વાર્તા ૨૬/૧૧ ના મુંબઈ આતંકવાદી હુમલાની સત્ય ઘટનાઓ અને પૃષ્ઠભૂમિ પર આધારિત છે. ફિલ્મની વાર્તા મુંબઈની જાણીતી કામા હોસ્પિટલ અને ત્યાં ફરજ બજાવતી બહાદુર નર્સોની આસપાસ ફરે છે. ૨૬/૧૧ના તે કાળા દિવસે જ્યારે આતંકીઓએ હોસ્પિટલને નિશાન બનાવી હતી, ત્યારે ત્યાંની નર્સોએ પોતાની જાન જોખમમાં મૂકીને ૪૦૦થી વધુ દર્દીઓ અને નવજાત બાળકોના જીવ બચાવ્યા હતા. આ ફિલ્મમાં કંગના રનૌત મુખ્ય ભૂમિકામાં છે, જે આ સાહસિક નર્સોના સંઘર્ષ અને વિરોધ સામે અડીખમ ઊભા રહેવાની ક્ષમતાને પડદા પર જીવંત કરે છે. સિનેમાઘરોમાં રિલીઝ થતાની સાથે જ બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી રહેલી 'ભારત ભાગ્ય વિધાતા' હવે ટેક્સ-ફ્રી થવાને કારણે વધુમાં વધુ લોકો સુધી પહોંચશે અને કમાણીના નવા રેકોર્ડ સર્જશે તેવી આશા સેવાઈ રહી છે.

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરોઃ જરફિરોઝ, બેચરરોડ, કેરીમાર્કેટની સામે, વલસાડ ફોન-ફેક્સઃ (૦૨૬૩૨) ૨૪૪૩૧૦

# દાંતી-કકવાડી દરિયા કિનારે સ્મશાનભૂમિમાં ધોવાણની સ્થિતિનું જિ.પં. પ્રમુખે સ્થળ નિરીક્ષણ કર્યું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૫ :** વલસાડ તાલુકાના કાંઠા વિસ્તારના દાંતી કકવાડી દરિયા કિનારે દરિયાઈ ધોરણ અટકાવવા માટે પ્રોટેક્શન વોલની કામગીરી તેમજ સ્મશાનભૂમિ વિસ્તારમાં ધોવાણનું સ્થિતિનું જિલ્લા પંચાયત પ્રમુખે નિરીક્ષણ કર્યું હતું.

વલસાડ તાલુકાના કાંઠા વિસ્તારમાં આવેલા દાંતી કકવાડી દરિયા કિનારે દરિયાઈ ધોવાણ અટકાવવા માટે નિર્માણાધીન પ્રોટેક્શન વોલની કામગીરી તેમજ દરિયા કિનારે આવેલ સ્મશાનભૂમિ વિસ્તારમાં થઈ રહેલા ધોવાણની સ્થિતિનું સ્થળ પર જઈ જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન પટેલે નિરીક્ષણ કર્યું હતું.

આ પ્રસંગે ગામના સરપંચ તથા આગેવાનો સાથે સ્થળ પર ચર્ચા કરી હાલની પરિસ્થિતિની જાણકારી મેળવી અને જરૂરી કામગીરી અંગે વિચાર-વિમર્શ કર્યો હતો.

# વલસાડમાં ચોમાસા પૂર્વે ખોદાયેલા રસ્તાઓનું પેચવર્ક કરવા લોકમાંગ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૫ :** વલસાડ શહેરમાં ચોમાસું નજીક આવી રહ્યું છે. ત્યારે માર્ગ અને મકાન વિભાગ દ્વારા અધૂરા છોડાયેલા કામો અને ખોદકામ બાદ રસ્તાઓનું યોગ્ય સમારકામ ન થતાં વાહનચાલકો અને સ્થાનિક રહીશોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ચોમાસામાં આ રસ્તાઓ વધુ બિસ્માર બને તે પહેલાં તંત્ર દ્વારા તાકીદે ડામર રોડનું પેચવર્ક કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.





વલસાડ શહેરના આર.પી.એફ. મેદાનથી લઈને ઔરંગા નદી સુધીનો મહત્વનો માર્ગ મકાન વિભાગ દ્વારા સીસી રોડ બનાવવામાં આવ્યો છે. હાલમાં આ રસ્તા પર માત્ર એસ.ટી. ડેપોની સામે જ થોડું કામ ચાલી રહ્યું છે, જ્યારે બાકીનો મોટાભાગનો રસ્તો વાહનવ્યવહાર માટે ખુલ્લો કરી દેવામાં આવ્યો છે. જે રાહતજનક બાબત છે. પરંતુ શહેરના અન્ય આંતરિક રસ્તાઓની સ્થિતિ અત્યંત દયનીય બની ગઈ છે. આ વિસ્તારોમાં ખોદકામ બાદ તંત્ર પાછું વળીને જોયું નથી. શહેરના વ્યસ્ત અને મુખ્ય ગણાતા એવા અનેક વિસ્તારોમાં ખોદકામ કર્યા બાદ તંત્ર દ્વારા સાઈડ સોલ્ડરિંગ કે ડામર રોડનું પેચવર્ક કરવામાં આવ્યું નથી જેમાં ડીએમડીસી હાઈસ્કૂલ બાજુમાં આવેલી મચ્છી માર્કેટ અને ખાવધરી ગલી, પાવર હાઉસથી મદનવાડ તરફ જતો રસ્તા, પાવર હાઉસથી છીપવાડ હનુમાનજી મંદિર તરફ જતો માર્ગ, છીપવાડ સ્માર્ટ બજારની સામેનો રસ્તાઓ પર ખોદકામ કરીને ખાડા તો પૂરી દેવાયા છે, પણ તેના પર ડામરનું પ્રોપર પેચવર્ક ન કરાતા વાહનો સ્લિપ થઈ રહ્યા છે. ખરાબ રસ્તાના કારણે કારણે રહીશો અને વેપારીઓ ત્રાહિમામ પોકારી ગયા છે.સ્થાનિક રાહદારીઓ અને વાહનચાલકોની માંગ છે કે ચોમાસાનો વિધિવત પ્રારંભ થાય તે પહેલાં જ માર્ગ અને મકાન વિભાગ જાગૃત બને.

જો વરસાદ શરૂ થઈ જશે તો આ અધૂરા અને ખોદાયેલા રસ્તાઓ બિસ્માર બની જશે, જેને કારણે અકસ્માતોની હારમાળા સર્જાઈ શકે છે. ચોમાસુ શરૂ થાય તે પહેલા ડામરનું પેચવર્ક કામ પૂરું કરી લોકોને હાલાકીમાંથી મુક્તિ અપાવવામાં આવે તે જ સમયની માંગ છે.

# વલસાડ મુસ્લિમ સમાજ દ્વારા રક્તદાન કેમ્પમાં ૩૦૪ રક્ત યુનિટ એકત્ર કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૫ :** વલસાડ મુસ્લિમ સમાજ દ્વારા ઈસ્લામિક કલ્ચર હોલ મોટા તાઈવાડમાં વિશ્વ રક્તદાન દિવસે બ્લડ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

મુસ્લિમ ભાઈઓની સાથે મોટી સંખ્યામાં હિન્દુએ પણ બ્લડ ડોનેશન કરી એકતા અને ભાઈચારા જોવા મળ્યો હતો. આ રક્તદાન કેમ્પમાં ૩૦૪ રક્ત યુનિટ એકત્ર થઈ હતી.

વલસાડ સમસ્ત મુસ્લિમ સમાજ દ્વારા વિવિધ સામાજિક અને રાષ્ટ્રીય ઉત્સવો જેમ કે આઝાદીના અમૃત મહોત્સવ વલસાડ સમસ્ત મુસ્લિમ સમાજ ભવ્ય તિરંગા સાથે રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ શિબિરમાં ૩૦૫ રક્ત બોટલ એકત્ર થઈ હતી. સમાજના યુવાનો તેમજ યુવતીઓ મોટી સંખ્યામાં ઉત્સાહભેર હાજર રહી રક્તદાન કર્યું હતું.

જરૂરિયાતમંદ દર્દીઓનો જીવ બચાવવા માટે તેઓ આગળ વધી રહ્યા છે. વલસાડના મોટા તાઈવાડમાં આવેલા ઈસ્લામિક કલ્ચર હોલ મોટા તાઈવાડ બ્લડ કેમ્પમાં મોટી સંખ્યામાં બ્લડ ડોનેશન કરવા આવ્યા હતાં. રક્તદાન કરી માનવસેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડનાર મહાનુભાવોનું સમાજ દ્વારા વિશેષ સન્માન કરવામાં આવ્યુ હતું. જેમાં અમીષાબેન શાહ ૫૦થી વધુ વખત રક્તદાન, ભીખુભાઈ ભાવસાર - ૧૪૪ વખત રક્તદાન, મિતેષ ભંડારી (મોન્ટુભાઈ) ૧૨૭ વખત રક્તદાન, અબ્બાસ અલીભાઈ વોરા, પારડી - ૧૧૬ વખત રક્તદાન, મુસ્તુફાભાઈ કાચવાલા - ૧૨૭ વખત રક્તદાન, ફિરોઝભાઈ શેખ - ૮૫ વખત રક્તદાન, પરવેઝ દેસાઈ - ૭૬ વખત રક્તદાન કર્યું હતું.

રક્તદાન શિબિરમાં મુસ્લિમ ભાઈઓની સાથે મોટી સંખ્યામાં મારા ભાઈ હિન્દુ પણ બ્લડ ડોનેશન કરી ગયા છે. તો આ એક એકતાનું પ્રતીક છેસતત ત્રીજા વર્ષે યોજાયેલા આ બ્લડ ડોનેશન કેમ્પને સફળ બનાવવા માટે રક્તદાન કરનાર તમામ રક્તદાતાઓ, ડોક્ટર ટીમ, સ્વયંસેવકો અને -ત્યક્ષ-પરોક્ષ રીતે સહયોગ આપનાર દરેકનો વલસાડ મુસ્લિમ સમાજ હૃદયપૂર્વક આભાર માને છે.

## શ્રી ટંડેલ માછી સમાજ ટ્રસ્ટ દ્વારા

# વલસાડમાં વિદ્યાર્થીઓને નોટબુક વિતરણ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૫ :** વલસાડ તાલુકાના કાંઠાના વિસ્તારના શ્રી ટંડેલ માછી સમાજ ટ્રસ્ટ દ્વારા તેમના કાર્યાલયમાં વિદ્યાર્થીઓને નોટબુક વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ટંડેલ સમાજના પ્રમુખ જયંતીભાઈ ટંડેલ, વિવિધ ગામોના સરપંચઓ તથા સમાજના આગેવાનોની ઉપસ્થિતિમાં વિદ્યાર્થીઓને શૈક્ષણિક સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પલસાણા જિલ્લા પંચાયતના નવા ચૂંટાયેલા પ્રમુખ હેતલબેન પટેલે શિક્ષણના પ્રોત્સાહન અને વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે ટ્રસ્ટ દ્વારા કરવામાં આવતી આવી સેવાકીય પ્રવૃત્તિઓને બિરદાવી હતી.

# વલસાડમાં જૈન ઘોઘારી મહિલા મંડળનો ૩૦મો સ્થાપના દિવસ ઉજવાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૫ :** વલસાડમાં પણ જૈન ઘોઘારી મહિલા મંડળ દ્વારા ૩૦મો સ્થાપના દિવસની ભવ્ય અને ભક્તિમય ઉજવણી કરવામાં આવી હતી.



વૈશાખ સુદ અગિયારસના પવિત્ર દિવસે ઉજવાતા જૈન શાસન સ્થાપના દિવસ નિમિત્તે વિશ્વભરમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતાં. વલસાડમાં પણ જૈન ઘોઘારી મહિલા મંડળ દ્વારા ૩૦મો સ્થાપના દિવસની ભવ્ય અને ભક્તિમય ઉજવણી કરવામાં આવી હતી. ભગવાન મહાવીર સ્વામીએ વૈશાખ સુદ અગિયારસના દિવસે જૈન સંઘની સ્થાપના કરી હતી, જેના સ્મરણાર્થે દર વર્ષે આ દિવસ વિશેષ શ્રદ્ધા અને આસ્થાથી ઉજવવામાં આવે છે. આ પ્રસંગે પાંચ રંગનો શાસન ધ્વજ ફરકાવવામાં આવ્યો હતો તેમજ નવકાર મહામંત્રના જાપ સાથે ધાર્મિક આરાધના કરવામાં આવી હતી. મહિલા મંડળના સભ્યો તેમજ શ્રાવક-શ્રાવિકાઓએ ઉપવાસ, આયંબિલ, એકાસણા અને પચ્ચખાણ જેવા તપ દ્વારા ધર્મલાભ મેળવ્યો હતો. સમગ્ર કાર્યક્રમ દરમિયાન ભક્તિમય વાતાવરણ છવાયેલું રહ્યું હતું. મંડળના સભ્યોએ જૈન ધર્મના સિદ્ધાંતો અને સંસ્કારોને જનજન સુધી પહોંચાડવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

# કકવાડી પ્રાથમિક શાળામાં ફ્રી ચેક અપ કેમ્પ યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૫ :** વલસાડ તાલુકાના કકવાડી પ્રાથમિક શાળામાં ફ્રી ચેકઅપ કેમ્પમાં જિલ્લા પંચાયત સભ્ય મુકેશભાઈ પટેલ, ટંડેલ સમાજના પ્રમુખ જેંતીભાઈ ટંડેલ, કકડવાડી ગામના સરપંચ, ઉપસરપંચ તેમજ ગામના આગેવાનોની ઉપસ્થિતિમાં આરોગ્ય સેવાઓનો લાભ મોટી સંખ્યામાં ગ્રામજનોએ લીધો હતો.

સમાજના દરેક વર્ગ સુધી ગુણવત્તાસભર આરોગ્ય સેવાઓ પહોંચે અને લોકો આરોગ્ય પ્રત્યે વધુ જાગૃત બને તેવા ઉમદા હેતુ સાથે યોજાયેલ આ કેમ્પમાં વિવિધ રોગોના નિષ્ણાંત તબીબો દ્વારા નિઃશુલ્ક તપાસ, માર્ગદર્શન અને આરોગ્ય સલાહ આપવામાં આવી હતી.

## વારી કંપની દ્વારા

# ડુંગરીની ચાર પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓને નોટબુક વિતરણ કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૫ :** ડુંગરી ગામની ચાર પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને વારી કંપની દ્વારા વિનામુલ્યે નોટબુક અને ફ્લેર બોલપેન કંપની દ્વારા વિનામુલ્યે વિદ્યાર્થીઓને બોલપેનનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ધારાસભ્ય ભરતભાઈ પટેલ, વલસાડ તાલુકા પંચાયત પ્રમુખ કિશોરભાઈ પટેલ, ડુંગરી જિલ્લા પંચાયત સભ્ય પ્રીતિબેન અસિતભાઈ દેસાઈ, તાલુકા પંચાયત સભ્ય રશ્મિકાંત પટેલ, જિલ્લા સભ્ય મુકેશભાઈ પટેલ. ભાજપ મહામંત્રી અમરતભાઈ ટંડેલ, ઈશ્વરભાઈ ટંડેલ, શીતલ પટેલ તથા ચાર પ્રાથમિક શાળાના આચાર્ય અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

# હાલરમાં જનકલ્યાણ શિબિર યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૫ :** પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વડાપ્રધાન તરીકેના સફળ જનસેવાના ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસરે વલસાડ નગર પાલિકાના વોર્ડ નં.૯ (હાલર વોર્ડ)માં એક વિશેષ જનકલ્યાણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિર અંતર્ગત વિસ્તારના નાગરિકો માટે આધારકાર્ડ સંબંધિત કામગીરી તેમજ વડીલો માટે સ્વાસ્થ્ય સુરક્ષા કવચ પૂરું પાડતી યોજનાઓનો લાભ આપવામાં આવશે.

હાલર નગરપાલિકા વિસ્તારમાં રહેતા જે નાગરિકોને પોતાના આધારકાર્ડમાં સરનામું અથવા નામમાં ફેરફાર કે સુધારો કરાવવો હોય, તેઓ માટે નગરપાલિકા સભ્યોની સહી કરાવવાની પ્રક્રિયા આ શિબિર અંતર્ગત સરળતાથી કરી આપવામાં આવશે. વરિષ્ઠ નાગરિકોના સન્માન, સહાય અને સુરક્ષા માટે સરકાર દ્વારા શરૂ કરાયેલ ખાસ યોજના અંતર્ગત ૭૦ વર્ષથી વધુ વયના વડીલો માટે વયવંદના કાર્ડ બનાવવામાં આવશે. આ કાર્ડ ધારકોને રાજ્ય અને કેન્દ્ર સરકાર તરફથી રૂપિયા દસ લાખ સુધીની મેડિકલ સહાય (આરોગ્ય કવચ) મળવાપાત્ર રહેશે.

આ સેવાઓનો લાભ ઘરઆંગણે મળી રહે તે માટે એક ભવ્ય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. કેમ્પનો લાભ લેવા અને આગોતરા રજીસ્ટ્રેશનમાં ૫૦થી ૬૦ લોકો આધાર કાર્ડમાં એડ્રેસ ચેન્જ માટે આવ્યા હતાં. ૪૫ જેટલા લોકોએ ઓનલાઈન કર્યું અને ૪૦૦૦ જેટલા લોકોએ આધારનો લાભ લીધો હતો આ કાર્યક્રમમાં હાલર વોર્ડના સિનિયર સભ્યો માં નિતેશ એમ. વશી, ભરત પટેલે ( કાનો ) સમગ્ર આયોજન કર્યું હતું. વલસાડ નગરપાલિકા વોર્ડ નં. ૯ના સિનિયર સભ્યો તેમજ ભાજપ અગ્રણીઓ હર્ષદભાઈ કટારિયા, ગિરીશભાઈ દેસાઈ અને સામાજિક આગેવાન આનંદ દેસાઈ દ્વારા વડીલોને આ જનકલ્યાણકારી યોજનાઓનો લાભ વિતરણ કરી તેઓને ઉજ્જવળ સ્વાસ્થ્ય માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે. વિસ્તારના તમામ જરૂરિયાતમંદ નાગરિકો અને વડીલોને આ શિબિરનો મહત્તમ લાભ લેવા અપીલ કરવામાં આવી છે.

# કોસંબામાં તાલુકા કક્ષાનો વિશ્વ યોગ દિવસ કાર્યક્રમ યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૫ :** ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા સંચાલિત નિયામકશ્રી આયુષની કચેરી, ગાંધીનગર તથા જિલ્લા આયુર્વેદ શાખા,વલસાડના માર્ગદર્શન હેઠળ તાલુકા કક્ષાનો ૧૨મો વિશ્વ યોગ દિવસ-૨૦૨૬નો કાર્યક્રમ વલસાડના કોસંબા ગામમાં યોજાયો હતો.



ગુજરાત રાજ્ય યોગ બોર્ડના દક્ષિણ ઝોનના કો-ઓર્ડિનેટર પ્રિતિબેન પાંડે દ્વારા આયુષમાન આરોગ્ય મંદિર, મરલાના યોગ ટ્રેનર ચાન્ગુનાબેન અને મનીષભાઈ સાથે મળી યોગ પ્રોટોકોલ અનુસાર યોગાભ્યાસ તથા યોગાસન, પ્રાણાયમ, ધ્યાનને દૈનિક જીવનમાં અપનાવી આ વર્ષની થીમ તંદુરસ્ત વૃધ્ધત્વ માટે યોગ થીમ અંગે સમજણ આપી હતી. આ કાર્યક્રમમાં મેડિકલ ઓફિસર દિવ્યાબેન ઢોડીયા, જિલ્લા પંચાયત આયુર્વેદ દવાખાનુ, ભુતસર, વલસાડ, મેડિકલ ઓફિસર તરલ ગરાસિયા, સરકારી આયુર્વેદ દવાખાનુ, નાની દાંતી, વલસાડ હોમિયોપેથી મેડિકલ ઓફિસર બિરજુ પટેલ, સરકારી હોમિયોપથી દવાખાનુ, હરિયા, વલસાડ. હો.મે.ઓ. નિકુંજભાઈ ગામીત, સરકારી હોમિયોપથી દવાખાનુ, ડુંગરી, વલસાડ એ સ્ટાફ સહિત હાજરી આપી હતી.

કાર્યક્રમના અંતે બ્રાહ્મી શંખપુષ્પી હીમ શરબતનું વિતરણ તથા ડાયાબિટિસ, સાંધાના રોગો, પાચન તંત્રના રોગો માટે જરૂરી યોગાસન વિષયક પેમ્પલેટનું વિતરણ કરવામાં આવ્યુ હતું. કોસંબાના સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં યોગ કાર્યક્રમ અને યોગ વિષયક જન જાગૃતિ હેતુ ઘર ઘર સુધી અષ્ટાંગ યોગ અંગે ના પેમ્પલેટનુ વિતરણ કરવામાં આવ્યુ હતું.

# વલસાડ રોહિત સમાજ શૈક્ષણિક મંડળ દ્વારા વિનામૂલ્યે નોટબુક વિતરણ કરાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૫ :** વલસાડ રોહિત સમાજ શૈક્ષણિક મંડળ દ્વારા વલસાડ જિલ્લામાં અભ્યાસ કરતા રોહિત સમાજના વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે સમાજના દાતાઓની મદદથી ધો.૧થી કોલેજ સુધી અને વિવિધ કોર્સમાં અભ્યાસ કરતા ૧૮૦ જેટલા વિદ્યાર્થીઓને વિનામૂલ્યે ૧૮૦૦ જેટલી નોટબુકોનું વિતરણ કરવામાં આવ્યું હતું. વલસાડ રોહિત સમાજ શૈક્ષણિક મંડળ વતી કલ્પેશકુમાર ગોહિલ (લીલાપોર) દ્વારા તમામ દાતાઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. ગામે ગામ રહેતા રોહિત સમાજના બાળકોને શિક્ષણ માટે પ્રોત્સાહન કરી સમાજના આગેવાનોએ ડૉ.બાબા સાહેબ આંબેડકરે કહેલુ વિધાન શિક્ષણ એ સિંહણના દૂધ જેવું છે, જે કોઈ પીએ છે, તે ગર્જના કર્યા સિવાય રહેતો નથી એ યાદ કરાવી શિક્ષિત બનવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.



## ચિંચાઇમાં પ્લાસ્ટિક સફાઈ ડ્રાઈવ યોજાઈ

૧૨ વર્ષ વિશ્વાસના, વિકાસના અને જન કલ્યાણ અંતર્ગત કલેકટર નીતિન સાંગવાનના માર્ગદર્શન હેઠળ વલસાડ તાલુકાના ચિંચાઈ ગામમાં પ્લાસ્ટિક સફાઈ દિવસની ઉજવણીના ભાગરૂપે સઘન સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. ગામના સરપંચ, તલાટી, સફાઈ કર્મચારીઓ અને જાગૃત ગ્રામજનોએ એકસાથે શ્રમદાન કરીને રસ્તાઓની બંને બાજુ, જાહેર સ્થળો અને બજાર વિસ્તારોમાંથી પ્લાસ્ટિકનો કચરો દૂર કર્યો હતો.

# ગુંદલાવમાં લોકોને યોગનું મહત્વ સમજાવાયું

(દમણગંગા ટાઈમ્સ)

**વલસાડ, તા. ૧૫ :** ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા સંચાલિત નિયામકશ્રી આયુષની કચેરી ગાંધીનગર દ્વારા પ્રેરિત તથા વલસાડ જિલ્લા આયુર્વેદ અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ વલસાડ તાલુકાના ગુંદલાવ ખાતે આવેલા નોટિફાઈડ એરીયાના ગાર્ડનમાં વલસાડ તાલુકા કક્ષાના યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

ઈન્ચાર્જ જિલ્લા આયુર્વેદ અધિકારી ડો. ધર્મિષ્ઠા પટેલે પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું, સરકારી આયુર્વેદ દવાખાનુ, ફલધરાના યોગ પ્રશિક્ષક અશ્વિનભાઈ એ યોગનું મહત્વ તથા ઉપયોગીતા સમજાવી હતી અને યોગ પ્રોટોકોલ મુજબ કાર્યક્રમ આગળ ધપાવ્યો હતો. કે. કે. ગાંધી સ્કૂલના પ્રિન્સિપાલ હેમંતભાઈ પટેલ, શાંતાબેન અને નેશનલ યોગ બોર્ડના સભ્યો અને નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં. ફાર્માસિસ્ટ અને સેવકોએ પણ સેવા આપી હતી.

યોગ શિબિરમાં આયુષ મેડિકલ ઓફિસર વૈદ્ય ધર્મિષ્ઠા પટેલ, સરકારી આયુર્વેદ દવાખાનું, તિથલ, વૈદ્ય ભાવના બારડ, આયુષમાન આરોગ્ય મંદિર, આયુર્વેદ દવાખાનું, ફલધરા, વૈદ્ય સ્વાતિ પંચાલ, સરકારી આયુર્વેદ દવાખાનું, હરિયા, વૈદ્ય દિવ્યા સોલંકી, સરકારી આયુર્વેદ દવાખાનુ, વલસાડ, ડો. અનિતા બિરારી, સ.હો.દ. વલસાડ, ડો. કામિની પટેલ, સ.હો.દ. સેગવી, ફાર્માસિષ્ટ દીપીકાબેન પટેલ, સેવક ગણ ભાવનાબેન, સ્નેહલબેન, આશાબેન, ચૈતાલીબેન, શારદાબેન, પ્રાચીબેન, યોગ પ્રશિક્ષક અશ્વિનભાઈ અને પરુબેન ઉપસ્થિત રહ્યા હતાં. સૌને યોગ સંબંધિત પેમ્ફલેટ તથા શરબત આપવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન અને આભાર વિધિ ડો. દિવ્યા સોલંકી દ્વારા કરવામાં આવી હતી. મોટી સંખ્યામાં લોકોએ યોગ શિબિરનો લાભ લીધો હતો અને શિબિરને સફળ બનાવી હતી.

દમણગંગા ટાઈમ્સ
EDITORIAL: DAMANGANGA TIMES
Tuesday 16, June 2026


## મોંઘવારીના વધતા બોજાથી નાગરિકોની હાલત કફોડી

ખાડીમાં ચાલતાં યુદ્ધના અંતનો તખતો વધુ એક વખત તૈયાર થઈ ગયો છે. ઈરાન અને અમેરિકા વચ્ચે લાંબા સમયથી જેની રાહ જોવાતી હતી તે સમજુતી પર સહી થવાની છે. આનાથી આ વિસ્તારમાં સ્ફોટક સ્થિતિ હળવી બનીને થાળે પડે એવી આશા વધુ એક વખત આકાર લઈ રહી છે. આવા સંજોગોમાં વિશ્વની સામે ઊભી થયેલી કપરી આર્થિક કટોકટીમાં પણ હવે હળવાશે આવી શકે તેમ છે. જો કે, આ આર્થિક કટોકટી એટલી ગંભીર છે કે, પરિસ્થિતિને થાળે પડતાં હજી લાંબો સમય લાગી શકે તેમ છે. ક્રૂડ તેલના ભડકે બળતા ભાવોની ઝાળ દુનિયાના દેશોના અર્થતંત્રને દઝાડી રહી છે, ત્યારે સામાન્ય માનવીની ઉપર મોંઘવારીના બોજાએ ભારે ગંભીર સ્થિતિ ઊભી કરી છે. દુનિયાભરના દેશોની જેમ ભારતના બજેટ અને વિકાસના વર્તારાને ખોરવી નાખનાર ખાડી વિસ્તારના જંગે ખાદ્યપદાર્થોના ભાવોને આસમાને પહોંચાડી દીધા છે. ભારતના ગરીબ અને મધ્યમ વર્ગના રોજબરોજના જીવનને ભારે અસર કરનાર આ વધારામાં ખાદ્યપદાર્થોનો ભાવવધારો ચાવીરૂપ બની રહ્યો છે. મે મહિના દરમ્યાન દેશમાં છૂટક મોંઘવારીનો દર ૩.૯૩ ટકા અને ખાદ્ય મોંઘવારીનો દર ૪.૭૮ ટકાએ પહોંચી ગયો છે. વધી રહેલા આ દરનો સીધો અર્થ એ થાય કે, મધ્યમ અને ગરીબ વર્ગના ભોજનના ખર્ચની ઉપર મોટી અસર પડી રહી છે. ખાડી વિસ્તારમાં લાંબા સમયથી સંઘર્ષને લીધે ક્રૂડ તેલના વૈશ્વિક ભાવો ભડકે બળી રહ્યા છે. પેટ્રોલ અને ડીઝલના ભાવોમાં વધારાએ પરિવહનથી માંડીને ઉત્પાદન સુધીના તમામ તબક્કા પર બોજો વધાર્યો છે. સૌથી વધુ કફોડી હાલત સીમિત આવક ધરાવતા પરિવારોની થઈ રહી છે. રોજબરોજની ચીજો અને તેમાં પણ ખાવા-પીવાની અનિવાર્ય વસ્તુઓના સતત વધી રહેલા ભાવોએ ભોજનની થાળી મોંઘી બનાવી દીધી છે. ખાડીના જંગના અંતની આશા જાગી છે, પણ મોંઘવારીના બોજામાંથી રાહત બહુ જલ્દી મળે એવી કોઈ આશા જણાતી નથી. એક તરફ વૈશ્વિક સ્થિતિને થાળે પડતાં સમય લાગશે તેની સાથોસાથ ભારત પર તોળાતાં અલ નીનોના જોખમથી ચોમાસું નબળું રહે એવી આશંકા સાચી ઠરે તો ખેતપેદાશોની અછતથી ભાવોમાં હળવાશ આવે એવી શક્યતા નામશેષ થઈ જાય તેમ છે. આમ ભારતના સામાન્ય અને ગરીબ વર્ગ માટે મોંઘવારીના પડકારમાંથી તત્કાળ રાહત મળે એવા કોઈ અંધાણ કળતા નથી. ખરેખર તો સરકારે ક્રૂડના ભાવો ઘટે તો દેશમાં ઈંધણના ભાવોમાં ઘટાડો કરીને સામાન્ય માનવીઓની તકલીફને હળવી બનાવવામાં મદદરૂપ થવાની નીતિ તાકીદે અમલમાં મૂકવાની જરૂરત બની રહેશે. ક્રૂડના ભાવો ઘટવા લાગ્યા છે તેવા સમયે આવું કોઈ પણ પગલું મોંઘવારીને નાથવામાં અને અર્થતંત્રને પાટે ચડાવવામાં ભારે મદદરૂપ બની શકશે એ સાદી હકીકત સરકારે સમજીને તેના પર ધ્યાન આપવું જોઈએ. આમ કરીને તોળાતાં કુદરતી આફતના જોખમને પણ હળવું કરીને મોંઘવારીના આગોતરા સામના માટે સજ્જ થઈ શકાય તેમ છે.

# ગુજરાતની ૩.૫ ટ્રિલિયન અર્થતંત્રના લક્ષ્ય સાથે 'ગુજરાત ઔદ્યોગિક નીતિ-૨૦૨૬' જાહેર

**પ્રથમવાર 'ચૂઝ યોર ઈન્સેન્ટિવ' યોજના જાહેર : ઔધિગિક એકમોને શહેર બહાર મોકવા પ્રોત્સાહનો અપાશે : ૨૧ જેટલા હાઈ-ગ્રોથ થ્રસ્ટ સેક્ટર્સની ઓળખ જાહેર કરાઈ : ઓછામાં ઓછા રૂા. ૩૦૦ કરોડના રોકાણ સાથે શરૂ થનારા પ્રથમ 5 R એન્ડ D સેન્ટર્સ માટે અદભુત જાહેરાત : ૧૦૦ ટકા મહિલાઓની માલિકીના માઈક્રો એકમોને વધારાની ૧ ટકા વ્યાજ સબસીડી : સ્ટાર્ટઅપ ઈકો-સિસ્ટમ માટે યુવા સ્થાપકોને નિર્વાહ ભથ્થું**



(કમલ શાહ દ્વારા)

**અમદાવાદ, તા.૧૫ :** ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે યોજાયેલા જાજરમાન કાર્યક્રમમાં 'નવી ગુજરાત ઔદ્યોગિક નીતિ-૨૦૨૬' જાહેર કરાઈ છે. આ નીતિમાં ઉડીને આંખે વળગે એવી અને સૌપ્રથમવાર કરાઈ હોય એવી જાહેરાત (૧) ચૂઝ યોર ઈન્સેન્ટિવ-Choose Your Incentive-સબસીડીનું લોકશાહી મોડલ છે. જેમાં, દેશના ઈતિહાસમાં પ્રથમ વખત રોકાણકારોને લિબરલ અને ફલેક્સિબલ ઈકો-સિસ્ટમ આપવા માટે આ યોજના શરૂ કરાઈ છે અને (૨) પ્રોજેક્ટ T.H.R.I.V.E. (Targeted Habitat Relocation for Industrial Vitality and Environmental ease) એટલે કે, શહેરોમાંથી ઔધોગિક એકમોની ભીડને આજુબાજુના પેરીફેરીમાં મોકવાની યોજના અર્થાત શહેરોની ભીડ અને પ્રદૂષણ દૂર કરી, જીવનની સરળતા વધારવા ઉદ્યોગોને પેરીફેરીમાં સ્થાનાંતરિત કરવાની યોજના (૩) ગુજરાતને રિસર્ચ અને ઈનોવેશન (R એન્ડ D)નું કેન્દ્ર બનાવવા ઓછામાં ઓછા રૂા.૩૦૦ કરોડના રોકાણ સાથે શરૂ થનારા પ્રથમ ૫ R-D સેન્ટર્સ માટે ખાસ જાહેરાત અને (૪) મહિલા સાહસિકો અને યુવા સ્ટાર્ટઅપ્સ માટે બૂસ્ટર ડોઝની જાહેરાત કરવામાં આવી છે. આ સમગ્ર ૫ વર્ષીય નવી ઔધિગિક અંતર્ગત ગુજરાતમાં કુલ ૧૦ લાખ કરોડથી વધુનું નવું મૂડીરોકાણ આવશે, એવો અંદાજ મૂકવામાં આવ્યો છે. આ જાહેરાત વખતે કહેવાયું હતું કે, ગુજરાત ઔદ્યોગિક નીતિ-૨૦૨૬ એ વોકલ ફોર લોકલ, લોકલ ટુ ગ્લોબલના મંત્રને આત્મસાત કરનારો વૈશ્વિક દસ્તાવેજ છે. ગિફ્ટ સિટી, ધોલેરા લ્ત્ય, સેમિકન્ડકટર હબ અને ડેટા સેન્ટર્સના માધ્યમથી આ નીતિ આગામી ૫ વર્ષમાં દેશના ઔદ્યોગિક ઈતિહાસમાં રોકાણ અને રોજગારનો સોનેરી અધ્યાય લખશે. તે આયાત પરની નિર્ભરતા ઘટાડી ભારતની નિકાસ શક્તિને આંતરરાષ્ટ્રીય બજારોમાં સર્વોચ્ચ સ્થાન અપાવશે.

ગુજરાતને વર્ષ ૨૦૪૭ સુધીમાં ૩.૫ ટ્રિલિયન યુએસ ડોલરનું મહા-અર્થતંત્ર બનાવવાના નિર્ધાર સાથે આજે ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતેથી 'ગુજરાત ઔદ્યોગિક નીતિ-૨૦૨૬'ની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં યોજાયેલા આ હાઈ-પ્રોફાઈલ લોન્ચિંગમાં નાણામંત્રી કનુભાઈ દેસાઈ, કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણી, ઉદ્યોગ રાજ્યમંત્રી ડૉ. જયરામ ગામીત સહિત ઉચ્ચ વહીવટી પાંખના વડાઓ જેવા કે મુખ્ય સચિવ મનોજ કુમાર દાસ, ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ મમતા વર્મા, નાણાં સચિવ ટી.નટરાજન અને મુખ્યમંત્રીના અગ્ર સચિવ સંજીવ કુમાર ઉપસ્થિત રહ્યા હતા.

આ તબક્કે પ્રેઝન્ટેશનમાં કહેવાયું હતું કે, છેલ્લા બે દાયકામાં ગુજરાતનો GDP ૨૦ ગણો વધ્યો છે. વર્તમાનમાં રાજ્યનો જીડીપી આશરે USD ૩૨૯.૭૦ બિલિયન છે. દેશના જીડીપીમાં ગુજરાતનો ફાળો ૨૦ વર્ષ પહેલાં ૬.૨ ટકા હતો, જે આજે ૮.૨ ટકા થયો છે અને ૨૦૪૭ સુધીમાં તેને ૧૦ ટકા કરવાનો મક્કમ લક્ષ્યાંક છે. દેશના કુલ મેન્યુફેક્ચરિંગ આઉટપુટમાં ગુજરાત ૧૮ ટકા, રાષ્ટ્રીય કાર્ગો હેન્ડલિંગમાં ૪૦ ટકા અને દેશની કુલ નિકાસમાં ૨૫ ટકાથી ૩૩ ટકા સરેરાશ હિસ્સો ધરાવે છે. વર્ષ ૨૦૧૫-૧૬માં માત્ર USD ૨.૨ બિલિયન ધરાવતું ગુજરાત, ડિસેમ્બર-૨૦૨૫ સુધીમાં USD ૬૦.૬ બિલિયનનું સંચિત-Cumulative ફોરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ આકર્ષી ચૂક્યું છે. ૨૦૧૨થી અત્યાર સુધીની વિવિધ ઔદ્યોગિક નીતિઓ દ્વારા રાજ્યમાં ૭ લાખ કરોડથી વધુનું રોકાણ આવ્યું છે અને ૧૨.૭૨ લાખ લોકોને સીધી રોજગારી મળી છે. લોજિસ્ટિક્સ ક્ષેત્રે ગુજરાત ૨૦૧૮થી સતત LEADS ઈન્ડેક્સમાં પ્રથમ ક્રમે છે અને DPIITના નેશનલ સ્ટાર્ટઅપ રેન્કિંગમાં પણ ટોચનું સ્થાન જાળવી રાખ્યું છે.

### ચૂઝ યોર ઈન્સેન્ટિવ - Choose Your Incentive- સબસીડી મોડલ

દેશના ઈતિહાસમાં પ્રથમ વખત રોકાણકારોને લિબરલ અને ફલેક્સિબલ ઈકોસિસ્ટમ આપવા માટે આ યોજના શરૂ કરાઈ છે. જેમાં, ઉદ્યોગો પોતાની નાણાકીય અનુકૂળતા મુજબ Component-1 (કેપિટલ સબસીડી), Component-2 (લોન પર ૭ ટકા વ્યાજ સબસીડી) અથવા Component-3 (પાવર ટેરિફ રિઈમ્બર્સમેન્ટ-કેટેગરી-Aમાં ૨-યુનિટ અને કેટેગરી-Bમાં ૧ -યુનિટ)નું મનપસંદ સંયોજન જાતે નક્કી કરી શકશે. આ લાભોનો કુલ સરવાળો સરકાર દ્વારા નક્કી કરાયેલી મહત્તમ ટકાવારીની સીલિંગ (ઉપલી મર્યાદા)ને વટાવી શકશે નહીં, જેનાથી વહીવટી પારદર્શિતા વધશે અને મંજૂરીઓ ઝડપી બનશે.

### પ્રોજેક્ટ T.H.R.I.V.E–શહેરી ભીડ ઘટાડવાનું પાવરફુલ માધ્યમ

T.H.R.I.V.E. (Targeted Habitat Relocation for Industrial Vitality and Environmental ease)નો મુખ્ય હેતુ શહેરોની ભીડ અને પ્રદૂષણ દૂર કરી, જીવનની સરળતા (Living Well) વધારવા ઉદ્યોગોને પેરીફેરીમાં સ્થાનાંતરિત કરવાનો છે. આ નવા યુનિટના લાભ મુજબ, શિફ્ટ થનારા એકમો 'નવા' ગણાશે અને પૂરેપૂરી સબસીડી સીલિંગ મેળવશે. જેમાં, શ્રમિકોને વેતન ભથ્થું અપાશે. સ્થળાંતર કરનારા શ્રમિકોને ૬ મહિના સુધી દર મહિને રૂ. ૫૦૦૦ની સીધી વેતન સહાય મળશે. લેબર હોસ્ટેલ-ડોર્મિટરી માટે પ્રોજેક્ટ ખર્ચના ૮૦ ટકા (૪૦ કરોડ સુધી)ની સહાય અપાશે. ટ્રાફિક અને પ્રદૂષણ નિવારવા ઝીરો લિક્વિડ ડિસ્ચાર્જ માટે પ્લ્યને ૫૦ ટકા (૫ કરોડ-MLD) અને મોટા એકમોને ૪૦ ટકા (૭.૫ કરોડ-MLD)ની સહાય મળવાપાત્ર થશે. જૂની શહેરી જમીનને કમર્શિયલ-રેસિડેન્શિયલમાં ફેરવવા માટે FSI અને પર્યાવરણીય મંજૂરીમાં વિશેષ છૂટછાટો અપાશે.

### R એન્ડ D ક્ષેત્રે વૈશ્વિક હબ બનવા 'અર્લી બર્ડ ઈન્સેન્ટીવ્સ'

ગુજરાતને રિસર્ચ અને ઈનોવેશનનું કેન્દ્ર બનાવવા ઓછામાં ઓછા રૂા.૩૦૦ કરોડના રોકાણ સાથે શરૂ થનારા પ્રથમ 5 R એન્ડ D સેન્ટર્સ માટે અદભુત જાહેરાત કરાઈ છે. જેમાં, CAPEX અને OPEX સપોર્ટને સામેલ કરાયા છે. જે મુજબ, મકાન, મશીનરી અને સાધનો માટે ૫૦ ટકા કેપિટલ સબસીડી (૫ વર્ષ સુધી વાર્ષિક મહત્તમ ૫૦ કરોડ સુધી) અપાશે. જમીન રીઈમ્બર્સમેન્ટ માટે GIDC, ધોલેરા, સરકારી જમીનના કિસ્સામાં ફાળવણી કિંમતના ૨૫ ટકા અથવા ખાનગી જમીનમાં જંત્રી દરના ૨૫ ટકાની ભરપાઈ કરાશે. આ ઉપરાંત ૧૦ વર્ષ સુધી ત્મ્ અને પેટન્ટ સપોર્ટ મળશે. રિસર્ચ પાર્ક બનાવવા માટે GIDC દ્વારા અત્યાધુનિક Shared પ્રયોગશાળાઓ અને પ્લગ-એન્ડ-પ્લે વર્કસ્પેસ ધરાવતો 'ગુજરાત રિસર્ચ એન્ડ ઈનોવેશન પાર્ક' સ્થાપવામાં આવશે.

### મહિલા સાહસિકો અને યુવા સ્ટાર્ટઅપ્સ માટે બૂસ્ટર ડોઝ

નારી શક્તિના સશક્તિકરણ માટે ૧૦૦ ટકા મહિલાઓની માલિકીના માઈક્રો એકમોને વધારાની ૧ ટકા વ્યાજ સબસીડી મળશે. કારકિર્દી વિરામ-Career Break લેનારી મહિલાઓ માટે CED દ્વારા રિટર્ન ટુ ઈન્ડસ્ટ્રી એક્સિલરેટર ટ્રેનિંગ અપાશે. મહિલા માઈક્રો એકમોને ૫ વર્ષ સુધી વાર્ષિક રૂા. ૩ લાખ સુધી ૭૫ ટકા ભાડા સહાય મળશે. સ્ટાર્ટઅપ ઈકો-સિસ્ટમ માટે યુવા સ્થાપકોને ૧૦ વર્ષ માટે દર મહિને ૨૫ હજાર અને મહિલા સહપ્રસ્થાપક હોય તો ૩૦ હજારનું નિર્વાહ ભથ્થું મળશે (હાઈ-ટેક, ફિનટેક-ગ્રીન સ્ટાર્ટઅપ માટે ૨ વર્ષ વધારાના) અપાશે. આ સાથે ૩૦ લાખ સુધીનું સીડ સપોર્ટ (સામાજિક અસર અને હાઈ-ટેક માટે પ્લસ રૂા.૧૦-૧૦ લાખ) મળશે. વિભિન્ન રીતે વિકલાંગ અને SC-ST જ્ઞાતિના ઉદ્યોગસાહસિકો માટે પણ વધારાની સહાય જાહેર કરાઈ છે.

### ૨૧ જેટલા હાઈ-ગ્રોથ થ્રસ્ટ સેક્ટર્સની ઓળખ જાહેર કરાઈ

આ નવી નીતિથી થનારા સંભવિત ઔદ્યોગિક વિસ્તરણનો લાભ લેવા માટે ૨૧ મુખ્ય ક્ષેત્રો નક્કી કરાયા છે. જેમાં, ગ્રીન એનર્જી ઈકોસિસ્ટમ, મોબિલિટી, કેપિટલ ઈક્વિપમેન્ટ, ટેક્સટાઈલ્સ અને એપેરલ્સ, સસ્ટેનેબીલીટી, કેમિકલ્સ, એગ્રો પ્રોસેસિંગ, હેલ્થકેર, ક્રિટિકલ મિનરલ્સ પ્રોસેસિંગ, રિફાઈનિંગ-એક્સટ્રેક્શન, મેટલ્સ એન્ડ મિનરલ્સ, સિરેમિક્સ, સેમિકન્ડક્ટર ઉદ્યોગના એનસિલરી યુનિટ્સ, ન્યુક્લિયર પાવર ઈક્વિપમેન્ટ, વેહિકલ સ્ક્રેપિંગ ફેસિલિટીઝ, ઈલેક્ટ્રોનિક્સ વેસ્ટ રિસાયકલિંગ, ટેક્સટાઈલ વેસ્ટ રિસાયકલિંગ, શિપિંગ કન્ટેનર ઉત્પાદન અને હેવી અર્થ મૂવિંગ ઈક્વિપમેન્ટનો સમાવેશ કરાયો છે. તેની સાથે જ તેમાં ખાસ ૫ પ્રાથમિક ક્ષેત્રો-Special Thrust Sectors તરીકે સ્પોર્ટ્સ ગુડ્સ, રમકડાં, ફૂટવેર, રોબોટ્સ અને ડ્રોન મેન્યુફેક્ચરિંગનો સમાવેશ કરાયો છે.

### સંપૂર્ણ ઈન્સેન્ટિવ અને સીલિંગ માળખું

ઉદ્યોગો તાલુકા કેટેગરી (Category-A અને Category-B)ના આધારે કુલ પાત્ર સ્થિર મૂડી રોકાણ (eFCI) પર આ મુજબ સબસિડી પેકેજ પસંદ કરી શકાશે. જેમાં, (૧) પ્લ્ય્ સેક્ટર (૪૨ લાખથી વધુ એકમો) માઈક્રો એકમોને કેપિટલ સબસીડી એક જ વર્ષમાં મળશે, જ્યારે સ્મોલ અને મીડિયમને ૫ વર્ષમાં વહેંચાશે.

### ગ્રીન ઈન્ડસ્ટ્રિયલ પાર્ક અને સર્ક્યુલર ઈકોનોમી માટે સહાય

આ નીતિમાં પર્યાવરણની જાળવણી સાથે સસ્ટેનેબલ ડેવલપમેન્ટ માટે વિશેષ એવી જોગવાઈઓ કરાઈ છે કે, વેસ્ટવોટર મેનેજમેન્ટ મુજબ, ૭૦ ટકા પાણી રીસાયકલ કરતા સેન્ટ્રલ કે નવા CETP પ્રોજેક્ટ માટે ૭૫ કરોડ સુધી ૫૦ ટકા સહાય (અન્ય પ્રોજેક્ટ્સ માટે રૂા.૫૦ કરોડ સુધી ૪૦ ટકા સહાય). કોમન બોઈલર પ્રોજેક્ટની સ્થાપના માટે ૩૦ કરોડ સુધી ૪૦ કા સહાય અને ક્લીનર પ્રોડક્શન ટેક્નોલોજી મુજબ ઉત્સર્જન ઘટાડવા માટે પ્લ્યને ૧ કરોડ (૫૦ ટકા) અને લાર્જ-મેગા એકમોને ૨ કરોડ સુધી (૨૫ ટકા) સહાય અપાશે.

## અમેરિકા-ઈરાન વચ્ચે ૧૪ શરતો પર સમજૂતી થઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧૫

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જાહેરાત કરી છે કે અમેરિકા અને ઈરાન વચ્ચેના આ ઐતિહાસિક શાંતિ કરાર પર આગામી રવિવારે સત્તાવાર રીતે હસ્તાક્ષર કરવામાં આવશે. ટ્રમ્પે દાવો કર્યો છે કે આ સમજૂતીથી વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્વપૂર્ણ ગણાતી હોર્મુઝની ખાડી ને તાત્કાલિક ફરીથી ખોલવાનો રસ્તો સાફ થઈ જશે. સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા ટ્રમ્પે આ આગામી સમજૂતીની સરખામણી પૂર્વ રાષ્ટ્રપતિ બરાક ઓબામાના કાર્યકાળમાં થયેલા પરમાણુ કરાર સાથે કરી હતી. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, જૂના માળખાથી વિપરીત આ નવી ડીલ એ સુનિશ્ચિત કરશે કે ઈરાન પરમાણુ હથિયારો વિકસાવવાથી સંપૂર્ણપણે પ્રતિબંધિત રહે.ઈરાનની ન્યૂઝ એજન્સીના અહેવાલ અનુસાર, બંને દેશો વચ્ચેનો આ પ્રસ્તાવિત કરાર નીચે મુજબની 14 મોટી શરતો પર આધારિત છે:1. ઓઈલ નિકાસ પરથી પ્રતિબંધો હટશે: ઈરાનના ક્રૂડ ઓઈલ, પેટ્રોકેમિકલ્સ અને તેની સાથે સંકળાયેલી તમામ પ્રોડક્ટ્સની નિકાસ પર લદાયેલા પ્રતિબંધો દૂર કરવામાં આવશે.2. નાણાકીય સંસાધનોનો એક્સેસ: ઈરાનને તેના તમામ વૈશ્વિક નાણાકીય સંસાધનો અને બેંકિંગ વ્યવસ્થાઓનો પૂરો એક્સેસ પાછો મળશે.3. $24 અબજ ડૉલરનું ફંડ મુક્ત કરાશે: 60 દિવસની મધ્યસ્થી વાટાઘાટો દરમિયાન અમેરિકા દ્વારા ફ્રીઝ (જપ્ત) કરાયેલા ઈરાનના 24 અબજ ડોલર મુક્ત કરાશે, જેમાંથી 12 અબજ ડોલર તો વાતચીત શરૂ થતાં પહેલાં જ રીલીઝ કરવા પડશે.4. ઈરાનનું પુનર્નિર્માણ: અમેરિકા અને તેના સાથી દેશોએ ઈરાનના પુનર્નિર્માણ માટે આશરે 300 અબજ ડોલરની યોજનાઓ રજૂ કરવી પડશે.5. તમામ મોરચે યુદ્ધવિરામ: લેબનાન સહિતના તમામ સૈન્ય મોરચાઓ પર ચાલી રહેલું યુદ્ધ તાત્કાલિક અને હંમેશા માટે બંધ થઈ જશે.6. સાર્વભૌમત્વનું સન્માન: અમેરિકા ઈરાનની આંતરિક બાબતોમાં દખલ ન કરવા અને ઈરાનના સાર્વભૌમત્વનું સન્માન કરવાનું વચન આપશે.7. નૌસૈનિક નાકાબંધીનો અંત: અમેરિકા દ્વારા ઈરાન આસપાસ લગાવવામાં આવેલી નૌસૈનિક નાકાબંધી 30 દિવસની અંદર સંપૂર્ણપણે હટાવી લેવામાં આવશે.8. અમેરિકન સેના પાછી ખેંચાશે: અમેરિકન સૈન્ય દળો ઈરાનની આસપાસના વિસ્તારો અને સરહદો પરથી પાછા હટી જશે.9. હોર્મુઝની ખાડી ખુલશે: હોર્મુઝ સ્ટ્રેટને ઈરાનની દેખરેખ અને વ્યવસ્થા હેઠળ 30 દિવસની અંદર ફરીથી સત્તાવાર રીતે વ્યાપારી જહાજો માટે ખુલ્લી મૂકી દેવાશે.10. 60 દિવસની વાટાઘાટો: પરમાણુ મુદ્દાઓ અને પ્રતિબંધોને કાયમી ધોરણે હટાવવા માટે આખરી કરાર સુધી પહોંચવા 60 દિવસનો ઓફિશિયલ સમયગાળો શરૂ થશે.11. પરમાણુ હથિયાર ન બનાવવાનું વચન: ઈરાન પરમાણુ હથિયાર ન બનાવવાના પોતાના એનપીટી (NPT - પરમાણુ અપ્રસાર સંધિ) ના વચનને વૈશ્વિક સ્તરે ફરીથી દોહરાવશે.12. સૈન્ય અને પ્રતિબંધો પર રોક: આ 60 દિવસની વાતચીત દરમિયાન અમેરિકા મિડલ ઈસ્ટ ક્ષેત્રમાં પોતાની સેના નહીં વધારે અને ઈરાન પર કોઈ નવા આર્થિક પ્રતિબંધો નહીં લગાવે.13. યુએન (UN) ની મંજૂરી: આ શરતોના અમલીકરણ પર નજર રાખવા એક વિશેષ મોનિટરિંગ સિસ્ટમ બનાવવામાં આવશે, અને આખરી કરારને સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC) ના પ્રસ્તાવ દ્વારા મંજૂરી આપવામાં આવશે.14.મિસાઈલ પ્રોગ્રામ ડીલની બહાર: સૌથી મહત્વની વાત એ છે કે, ઈરાનનો વિવાદાસ્પદ મિસાઈલ પ્રોગ્રામ અને તેના દ્વારા પ્રાદેશિક 'રેઝિસ્ટન્સ ગ્રુપ્સ' (પ્રતિરોધક જૂથો) ને અપાતું સપોર્ટ આ શાંતિ સમજૂતીનો ભાગ નથી.અહેવાલો અનુસાર, ઈરાન પોતાની શરતો પર મક્કમ છે. જ્યાં સુધી અમેરિકા શરૂઆતના 12 અબજ ડોલર મુક્ત નહીં કરે, ઓઈલ પરના પ્રતિબંધો નહીં હટાવે અને નૌકાદળની નાકાબંધી ખતમ નહીં કરે, ત્યાં સુધી આખરી તબક્કાની સત્તાવાર વાતચીત શરૂ કરવામાં આવશે નહીં.

## આતંકવાદના ખાતમા માટે સેના સરહદ પાર કરવા તૈયારઃ રાજનાથ

(સંપૂર્ણ સમાચાર સેવા)

આગ્રા, તા.૧૫



ભારતના સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે પાકિસ્તાનને અત્યાર સુધીની સૌથી કડક અને મોટી ચેતવણી આપી છે. ઉત્તર પ્રદેશના આગ્રામાં ૧૬મી સદીના મહાન શાસક મહારાણા પ્રતાપની પ્રતિમાનું અનાવરણ કરવા પહોંચેલા રાજનાથ સિંહે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશના સ્વાભિમાન અને સુરક્ષા સાથે કોઈ પણ પ્રકારની બાંધછોડ કરવામાં આવશે નહીં. ભાજપ સરકાર ન્યાય અને માનવતાના સિદ્ધાંતો પર ચાલે છે, કોઈ જાતિ કે ધર્મના રાજકારણ પર નહીં. પૂર્વવર્તી કોંગ્રેસ સરકારો પર નિશાન સાધતા સંરક્ષણ મંત્રીએ કહ્યું કે ૨૦૧૪ પહેલા દેશમાં અવારનવાર આતંકવાદી ઘટનાઓ થતી હતી, પરંતુ ત્યારે કડક કાર્યવાહીનો અભાવ હતો. તાજેતરમાં થયેલી આતંકવાદી ઘટનાઓનો ઉલ્લેખ કરીને તેમણે જણાવ્યું કે જ્યારે આતંકવાદીઓએ નિર્દોષ નાગરિકોના જીવ લીધા, ત્યારે સરકારે તાત્કાલિક કડક વલણ અપનાવ્યું છે. રાજનાથ સિંહે એક મોટો ખુલાસો કરતા કહ્યું કે મેં ત્રણેય સેનાના વડાઓની બેઠક બોલાવી હતી. જ્યારે મેં તેમને પૂછ્યું કે શું તેઓ ઓપરેશન માટે તૈયાર છે, ત્યારે આર્મી, એરફોર્સ અને નેવીના વડાઓએ હાથ ઉંચા કરીને કહ્યું કે સર, અમે પાકિસ્તાન વિરુદ્ધ ઓપરેશન માટે અત્યારે જ સંપૂર્ણ રીતે તૈયાર છીએ. તેમણે સ્પષ્ટ કર્યું કે ભારતે પોતાના સૈનિકોને ખુલ્લી છૂટ આપી દીધી છે અને જરૂર પડ્યે આતંકના ખાતમા માટે સરહદ પાર કરતા પણ સેના પાછળ નહીં હટે.

પોતાના ભાષણ દરમિયાન સંરક્ષણ મંત્રીએ પાકિસ્તાનને લઈને અત્યાર સુધીની સૌથી મોટી જાહેરાત કરી છે. તેમણે કહ્યું કે આતંકવાદને પ્રોત્સાહન આપવાની પાકિસ્તાની હરકતો ભારત હવે સહન નહીં કરે. વડાપ્રધાન મોદી સાથે થયેલી ઉચ્ચ સ્તરીય ચર્ચાનો હવાલો આપતા તેમણે કહ્યું કે જો પાકિસ્તાન પોતાની નાપાક હરકતોથી બાજ નહીં આવે, તો અમે હવે સિંધુ નદી જળ કરારને સ્થગિત કરી દીધો છે. આપણા દેશનું પાણી હવે ત્યાં નહીં જાય.

## TMCના તૂટવાથી મોટી અસર : રાજ્યસભામાં NDA બહુમતીની નજીક

**(સંપૂર્ણ સમાચાર સેવા)**

**નવી દિલ્હી, તા.૧૫ :** તૃણમૂલ કોંગ્રેસમાં ચાલી રહેલા બળવા વચ્ચે, સંસદીય આંકડામાં હવે ફેરફાર થવાની તૈયારી છે. આની અસર તાજેતરની રાજ્યસભાની ૨૪ બેઠકો માટે થયેલી ચૂંટણીઓથી પણ થશે, જ્યાં સાંસદો બિનહરીફ ચૂંટાયા હતા. એવું અહેવાલ છે કે રાજ્યસભાની ચૂંટણીનો વર્તમાન રાઉન્ડ એનડીએને જાદુઈ બે-તૃતીયાંશ બહુમતીનો આંકડો પાર પાડવામાં મદદ કરશે. જોકે, ટીએમસીમાં બળવો હોવા છતાં, લોકસભામાં બે-તૃતીયાંશ બહુમતી મેળવવામાં હજુ ઘણો સમય બાકી છે. સૂત્રો કહે છે કે ૧૪૮ સાંસદોની વર્તમાન સંખ્યા સાથે, એનડીએ રાજ્યસભાની ચૂંટણીના વર્તમાન રાઉન્ડ દરમિયાન ઝારખંડ અને મિઝોરમમાં સ્વતંત્ર બેઠકો જીતી શકે છે. આમાંથી ત્રણ બેઠકો માટે ચૂંટણી ૧૮ જૂને યોજાશે. વધુમાં, ચાર ટીએમસી રાજ્યસભા સાંસદોના રાજીનામા બાદ, પેટાચૂંટણીઓ પછી એનડીએ પણ આ બેઠકો જીતી શકે છે. આનાથી ગૃહમાં તેની સંખ્યા ઘટીને ૧૫૪ થઈ જશે, જે ઉપલા ગૃહમાં બે તૃતીયાંશ બહુમતીથી નવ ઓછી છે. ઉપલા ગૃહમાંથી વધુ ટીએમસી સાંસદો રાજીનામું આપે તેવી શક્યતા હોવાથી, એવું માનવામાં આવે છે કે NDA ૧૬૩ સુધી પહોંચી શકે છે. આનાથી તેને બધા બંધારણીય સુધારા બિલો પસાર કરવા માટે જરૂરી સંખ્યા મળશે. વિપક્ષી ભારત જોડાણ પાસે હાલમાં ૬૪ સાંસદો છે. આઠ સાંસદો સાથે ડીએમકે અને ત્રણ સાંસદો સાથે છછછ આ જૂથમાંથી અલગ થઈ ગયા છે. જોકે, લોકસભામાં દ્વદ્વછની સંખ્યા વધીને ૩૧૩ થઈ શકે છે, કારણ કે લગભગ ૨૦ વધુ ટીએમસી સાંસદો એક અલગ જૂથ બનાવી શકે છે અને તેને ટેકો આપી શકે છે. લોકસભામાં બે તૃતીયાંશ બહુમતી માટે ૩૬૩ સાંસદોની જરૂર પડે છે.

મમતા બેનર્જીના નેતૃત્વને મોટો ફટકો આપતા, પાર્ટીના ૨૦ લોકસભા સભ્યોએ રવિવારે નેશનાલિસ્ટ સિટીઝન્સ પાર્ટીમાં તેમના વિલિનીકરણની જાહેરાત કરી. તેઓ સ્પીકર ઓમ બિરલાને પણ મળ્યા અને ગૃહમાં સભ્ય તરીકે બેસવાની મંજૂરી આપવા માટે વિનંતી રજૂ કરી. કાકોલી ઘોષ દસ્તીદારે જણાવ્યું હતું કે ઓલ ઈન્ડિયા તૃણમૂલ કોંગ્રેસની ટિકિટ પર ચૂંટાયેલા ૨૦ સભ્યો આજે લોકસભા સ્પીકરને મળ્યા હતા અને ગૃહમાં અલગથી બેસવાની મંજૂરી આપવા માટે વિનંતી રજૂ કરી હતી.

## ખેડૂતો પોતાની પડતર માંગણીઓ સાથે અમદાવાદમાં શક્તિપ્રદર્શન

**(સંપૂર્ણ સમાચાર સેવા)**

**અમદાવાદ,તા.૧૫ :** અમદાવાદ ૧૫ જૂનના રોજ સમગ્ર ગુજરાતના ખેડૂતોના સંઘર્ષ અને આક્રોશનું સાક્ષી બન્યું છે. રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી આવેલા હજારો ખેડૂતો આજે પોતાની પડતર માંગણીઓને લઈને અમદાવાદના રસ્તાઓ પર ઉતરી આવ્યા છે. પોતાના હક્ક અને અધિકાર માટે યોજાયેલી આ મહારેલીમાં ખેડૂતોએ ટ્રેક્ટરો અને વાહનોના વિશાળ કાફલા સાથે જોરદાર શક્તિપ્રદર્શન કર્યું છે. અમદાવાદથી ઓગણજ સુધીના વિસ્તારો ખેડૂતોના સૂત્રોચ્ચારથી ગુંજી ઉઠ્યા છે.

ખેડૂત સંગઠનો અને રેલીમાં જોડાયેલા જગતના તાતનો આક્ષેપ છે કે, પાકના યોગ્ય ભાવ, સિંચાઈનું પાણી, વીજળીના દર અને જમીન સંબંધિત અનેક મહત્વના મુદ્દાઓ લાંબા સમયથી સરકાર સમક્ષ રજૂ કરવામાં આવ્યા છે. વારંવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરવા છતાં પણ સરકાર તરફથી કોઈ યોગ્ય નિકાલ ન આવતા આખરે ખેડૂતોને ન્યાય મેળવવા માટે રસ્તા પર ઉતરવાની ફરજ પડી છે.

રેલીમાં ઉપસ્થિત ખેડૂત અગ્રણીએ જણાવ્યું હતું કે, 'આ માત્ર એક વિરોધ પ્રદર્શન નથી, પરંતુ પોતાના હક્ક અને સળગતા પ્રશ્નોના કાયમી નિરાકરણ માટેની ખેડૂતોની સિંહગર્જના છે.'

મહારેલીને પગલે અમદાવાદના અનેક વિસ્તારો અને ખાસ કરીને હાઈવે પર ખેડૂતોના ટ્રેક્ટરોની લાંબી કતારો જોવા મળી રહી છે. પરિસ્થિતિને થાળે પાડવા અને ટ્રાફિક વ્યવસ્થા જાળવી રાખવા માટે પોલીસ અને વહીવટી તંત્ર તાત્કાલિક એલર્ટ મોડ પર આવી ગયું છે. સુરક્ષા અને ટ્રાફિક ડાયવર્ઝન માટે ખાસ પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

અમદાવાદમાં એકત્ર થયેલી ખેડૂતોની આ એકતા અને આક્રોશની ગુંજ હવે ગાંધીનગર સચિવાલય સુધી પહોંચશે તે નક્કી છે. આ ઐતિહાસિક મહારેલી બાદ હવે સરકાર ઝૂકે છે કે, કેમ અને ખેડૂતો સાથે સુખદ સમાધાનનો કોઈ માર્ગ નીકળે છે કે નહીં, તેના પર અત્યારે આખા રાજ્યની નજર ટકેલી છે.

## સુપર ઓવરમાં શ્રીલંકાએ ભારતને હરાવ્યું

**(સંપૂર્ણ સમાચાર સેવા)**

**દાંબુલા, તા.૧૫ :** દાંબુલાના રાંગિરી દાંબુલા ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં રમાયેલી ટ્રાય-સિરીઝની ચોથી મેચમાં ક્રિકેટ ફેન્સને રોમાંચની સાથે-સાથે જોરદાર હાઈ-વોલ્ટેજ ડ્રામા જોવા મળ્યો હતો. ભારત A અને શ્રીલંકા A વચ્ચે રમાયેલો આ મુકાબલો છેલ્લી ઘડી સુધી એટલો વિવાદાસ્પદ રહ્યો કે મેદાન પર ખેલાડીઓ અને અમ્પાયરો સામસામે આવી ગયા હતા. અંતમાં, સુપર ઓવર સુધી ખેંચાયેલી આ મેચમાં શ્રીલંકાએ ભારતને હરાવ્યું હતું. મેચની છેલ્લી ઓવરથી શરૂ થયેલો વિવાદ મેચ પૂરી થઈ ત્યાં સુધી ચાલુ રહ્યો હતો.

આ રોમાંચક ડ્રામાની શરૂઆત મેચના છેલ્લા બોલે થઈ હતી. મેચ જીતવા માટે શ્રીલંકાને અંતિમ બોલ પર ૨ રનની જરૂર હતી, પરંતુ ક્રિઝ પર હાજર બેટર સી ગુણસેકરા માત્ર સિંગલ જ લઈ શક્યો હતો. બીજા રનનો પ્રયાસ કરતી વખતે ગુણસેકરા રન આઉટ થઈ ગયો અને સ્કોર બરાબર થઈ જતાં મેચ ટાઈ થઈ ગઈ હતી.

નિયમો અનુસાર, જો મેદાન પર પૂરતી પ્રકાશ હોય તો જ સુપર ઓવર કરાવી શકાય. ગુણસેકરા રન આઉટ થતાંની સાથે જ ભારતીય કેપ્ટન તિલક વર્મા અને મેદાની અમ્પાયર વચ્ચે જોરદાર ચર્ચા અને દલીલો શરૂ થઈ ગઈ હતી. બ્રોડકાસ્ટરે સ્ક્રીન પર પહેલા મેચ ટાઈ થઈ હોવાનું બતાવ્યું હતું. ટીવી સ્ક્રીન પર સતત તિલક વર્મા અમ્પાયર સાથે ઉગ્ર ચર્ચા કરતા દેખાઈ રહ્યો હતો. એવું લાગી રહ્યું હતું કે તિલક વર્મા ટાઈનો સ્વીકાર કરવા તૈયાર નહોતો અને સુપર ઓવરની માંગ કરી રહ્યો હતો.

# ગુજરાતમાં ચોમાસુ ૨૬ જૂન સુધી પહોંચવાની શક્યતા

**અમારા પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા. ૧૫ :** રાજ્યમાં હાલમાં દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં અમુક જિલ્લાઓને બાદ કરતા કોઈ જિલ્લાઓમાં હળવા વરસાદની શક્યતા નથી. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં પ્રિ મોન્સુન એક્ટીવિટીની વચ્ચે વાતાવરણ સૂકુ રહ્યું છે. ત્યારે હવામાન વિભાગની આગાહી અનુસાર ગુજરાતમાં ૨૬ જૂન સુધીમાં ચોમાસુ પહોંચવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. મુંબઈમાં આગામી ૧૮થી ૧૯ જૂન આસપાસ પવનો મજબૂત થતા ચોમાસાની સત્તાવાર થવાની સંભાવના સેવાઈ રહી છે.

હવામાન વિભાગના ડાયરેક્ટર ડૉ. એ. કે. દાસના જણાવ્યા અનુસાર, સાત દિવસ રાજ્યમાં છુટાછવાયા વરસાદની આગાહી કરવામાં આવી છે. આગામી ત્રણ દિવસ સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ, દમણ અને દાદર નગર હવેલીમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. આગામી દિવસોમાં તાપમાનના વધુ ફેરફાર થવાની શક્યતા નહિવત છે. જોકે અમદાવાદમાં વાદળછાયું વાતાવરણ રહેવાની શક્યતા છે.

સાંજે નોંધાયેલા મહત્તમ તાપમાનના આંકડા પર નજર નાખતા જણાય છે કે આજે સૌથી વધુ તાપમાન ભાવનગરમાં ૪૦.૯ જ્યારે અમદાવાદમાં ૪૦.૪, રાજકોટમાં ૩૯.૧, અમરેલીમાં ૩૭.૯, ડીસામાં ૩૮.૮, કંડલામાં ૩૭.૨, તેમજ સુરતમાં ૩૫.૩ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

મોન્સુન એક્વીટીવિટીના અભાવને કારણે હવામાન વિભાગ દ્વારા માછીમારો કે દરિયાકાંઠાના વિસ્તારો માટે કોઈ પ્રકારની ચેતવણી જાહેર કરી નથી.

હવામાન વિભાગના અનુસાર ૧૫થી ૨૧ જૂનમાં દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્રના અમુક જિલ્લાઓમાં છૂટાછવાયા સ્થળોએ હળવોથી મધ્યમ વરસાદ અથવા ગાજવીજ સાથે ઝાપટાં પડી શકે છે.

---

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં**

જ.મ.પ. રજી નં.૨૯૦/૨૦૨૬

**અરજદાર : ગણપતભાઈ સુખાભાઈ પટેલ,**
**રહે.** જોરાવાસણ તવડી ફળિયા, વાસણ
તા.જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, વાસણ, તા.જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **ગણપતભાઈ સુખાભાઈ પટેલ,** રહે.જોરાવાસણ તવડી ફળિયા, વાસણ, તા.જી.વલસાડએ તેમના પિતા **સુખાભાઈ મંગાભાઈ પટેલનું** મરણ તા.૨૬-૦૭-૧૯૯૦ના રોજ મોજે. વાસણ, તા.જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૫/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એડીએમ/મરણ/રજી.નં.૨૯૦/૨૦૨૬**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)**

---

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં**

જ.મ.પ.અ.નં.૧૩૬૯/૨૦૨૬

**અરજદાર : મંગુભાઈ ઉખેડભાઈ પટેલ,**
**રહે.** ઝાડી ફળિયા, કાકડમાટી,
તા.જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, કાકડમાટી, તા.જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **મંગુભાઈ ઉખેડભાઈ પટેલ,** રહે.ઝાડી ફળિયા, કાકડમાટી, તા.જી.વલસાડએ તેમના દાદા **છગનભાઈ સુખલાભાઈ પટેલનું** મરણ તા.૧૦-૧૧-૧૯૮૫ના રોજ મોજે. કાકડમાટી, તા.જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૨/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એડીએમ/મરણ/રજી.નં.૧૩૬૯/૨૦૨૬**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)**

---

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં**

જ.મ.પ.અ.નં.૭૭૮/૨૦૨૬

**અરજદાર : મંસા શિવકુમાર મોરિયા,**
**રહે.** સોના દર્શન પારનેરા,
તા.જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, પારનેરા, તા.જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **મંસા શિવકુમાર મોરિયા,** રહે.સોના દર્શન પારનેરા, તા.જી.વલસાડએ તેમના પુત્ર **અજીત શિવકુમાર મોરીયાનો** જન્મ તા.૧૬-૦૧-૨૦૦૮ના રોજ મોજે. પારનેરા, તા.જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૦/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એડીએમ/મરણ/રજી.નં.૭૭૮/૨૦૨૫**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)**

---

## જાહેર હરાજી

આથી રસ ધરાવતાં ઈસમોને જણાવવાનું કે ગ્રામ પંચાયત રોણવેલ, તા.જી. વલસાડ ખાતે આવેલા જર્જરીત દવાખાનાના કાટમાળ સહિતના ઉભા ઈમલાના માલ સામાન લઈ જઈ જગ્યા ખુલી કરી આપવાના કામની જાહેર હરાજી કરવાની હોય તો રસ ધરાવતાં વ્યક્તિઓને હાજર રહેવા જણાવવામાં આવે છે. હરાજીમાં ભાગ લેનારે રૂા.૫૦૦૦/- ડિપોઝીટ ભરવાની રહેશે. હરાજીની શરતો ગ્રામ પંચાયતના નોટીસબોર્ડ પર જોવા મળશે.

**સ્થળ : કોમ્યુનીટી હોલ, ગ્રા.પં. રોણવેલ**
**તારીખ : ૨૩/૦૬/૨૦૨૬**
**સમય : બપોરે ૧૨:૦૦ કલાકે**

**સહી/-**
**તલાટી કમ મંત્રી**
**ગ્રામ પંચાયત રોણવેલ**
**તા.જી.વલસાડ**

---

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં**

જ.મ.પ.અ.નં.૫૬૩/૨૦૨૬

**અરજદાર : મંગુભાઈ અખ્ખુભાઈ પટેલ,**
**રહે.** રાબડા,
તા.જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, રાબડા, તા.જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **મંગુભાઈ અખ્ખુભાઈ પટેલ,** રહે.રાબડા, તા.જી.વલસાડએ તેમના પિતા **અખ્ખુભાઈ ઘુરીયાભાઈ પટેલનું** મરણ તા.૦૫-૧૦-૧૯૯૩ના રોજ મોજે. રાબડા, તા.જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૨/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એડીએમ/મરણ/રજી.નં.૫૬૩/૨૦૨૬**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)**

---

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં**

જ.મ.પ.અ.નં.૧૨૯૦/૨૦૨૬

**અરજદાર : જશવંતભાઈ રામાભાઈ પટેલ,**
**રહે.** કચિગામ, ભેકા ફળિયા, જી.વલસાડ,
તા.જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, કચિગામ, તા.જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **જશવંતભાઈ રામાભાઈ પટેલ,** રહે.કચિગામ, ભેકા ફળિયા, તા.જી.વલસાડએ તેમના પિતા **રામાભાઈ પાતળભાઈ પટેલનું** મરણ તા.૦૫-૦૩-૧૯૯૮ના રોજ મોજે. કચિગામ, તા.જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૨/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એડીએમ/મરણ/રજી.નં.૧૨૯૦/૨૦૨૬**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)**

---

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં**

જ.મ.પ.અ.નં.૭૭૨/૨૦૨૬

**અરજદાર : જગદીશભાઈ રમણભાઈ પટેલ,**
**રહે.** દાંડી, દાજી ફળિયા તા.જી.વલસાડ,
તા.જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, દાંડી, તા.જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **જગદીશભાઈ રમણભાઈ પટેલ,** રહે.દાંડી, દાજી ફળિયા, તા.જી.વલસાડએ તેમના માતા **સીતાબેન રમણભાઈ પટેલનું** મરણ તા.૧૯-૦૨-૧૯૮૮ના રોજ મોજે. દાંડી, તા.જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૧/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એડીએમ/મરણ/રજી.નં.૭૭૨/૨૦૨૬**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)**

---

**CHANGE OF NAME**

OLD NAME :- KARISHMA SHAMSHIR KHALIFA
NEW NAME :- KARISHMA SHAMSIRKHAN CALIFA
ADD.HO.NO.3/26 KHARAWAD NANI DAMAN 396210

---

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં**

જ.મ.પ.અ.નં.૫૬૨/૨૦૨૬

**અરજદાર : મંગુભાઈ અખ્ખુભાઈ પટેલ,**
**રહે.** રાબડા,
તા.જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, રાબડા, તા.જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **મંગુભાઈ અખ્ખુભાઈ પટેલ,** રહે.રાબડા, તા.જી.વલસાડએ તેમના માતા **ગંગાબેન અખ્ખુભાઈ પટેલનું** મરણ તા.૧૨-૧૧-૧૯૯૫ના રોજ મોજે. રાબડા, તા.જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૨/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એડીએમ/મરણ/રજી.નં.૫૬૨/૨૦૨૬**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)**

---

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં**

જ.મ.પ.અ.નં.૧૩૭૦/૨૦૨૬

**અરજદાર : મંગુભાઈ ઉખેડભાઈ પટેલ,**
**રહે.** ઝાડી ફળિયા, કાકડમાટી,
તા.જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, કાકડમાટી, તા.જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **મંગુભાઈ ઉખેડભાઈ પટેલ,** રહે.ઝાડી ફળિયા, કાકડમાટી, તા.જી.વલસાડએ તેમના દાદી **કપરીબેન છગનભાઈ પટેલનું** મરણ તા.૧૫-૦૪-૧૯૯૦ના રોજ મોજે. કાકડમાટી, તા.જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૨/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એડીએમ/મરણ/રજી.નં.૧૩૭૦/૨૦૨૬**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)**

---

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં**

જ.મ.પ.અ.નં.૭૮૨/૨૦૨૬

**અરજદાર : મંસા શિવકુમાર મોરિયા,**
**રહે.** સોના દર્શન પારનેરા,
તા.જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, પારનેરા, તા.જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **મંસા શિવકુમાર મોરિયા,** રહે.સોના દર્શન પારનેરા, તા.જી.વલસાડએ તેમના પુત્રી **મંસા શિવાંગી શિવકુમારનો** જન્મ તા.૨૭-૦૨-૨૦૦૬ના રોજ મોજે. પારનેરા, તા.જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૦/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એડીએમ/મરણ/રજી.નં.૭૮૨/૨૦૨૫**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)**

---

**CHANGE OF NAME**

OLD NAME: CARMELINA PEREIRA
NEW NAME: CARMELINE FERNANDEZ.
ADDRESS: 5/280-A, ASSUCENA ROAD, MOTI DAMAN, DAMAN- 396 220.

---

DOMS
EVERY AMBITION NEEDS PREPARATION

**DOMS INDUSTRIES LIMITED**

**CIN:** L36991GJ2006PLC049275
**Regd. Off.** J-19, G.I.D.C, Opp. Telephone Exchange, Umbergaon - 396171, Gujarat, India.
**Tel.:** +91 7434888445 | **Email:** ir@domsindia.com | **Website:** www.domsindia.com

**POSTAL BALLOT NOTICE**

**NOTICE** is hereby given pursuant to the provisions of Section 110 read with Section 108 and other applicable provisions, if any, of The Companies Act, 2013 ('**the Act**'), read with Rule 20 and 22 of The Companies (Management and Administration) Rules, 2014 ('**the Rules**'), Regulation 44 of Securities and Exchange Board of India (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, as amended, ('**SEBI LODR Regulations**') and General Circular Nos. 14/2020 dated April 8, 2020, 17/2020 dated April 13, 2020, and various subsequent circulars issued, read with relevant circulars including General Circular No. 03/2025 dated September 22, 2025, issued by the Ministry of Corporate Affairs, Government of India ('**MCA Circulars**'), Secretarial Standard on General Meetings ('**SS - 2**') issued by the Institute of Company Secretaries of India and any other applicable laws, rules, circulars, notifications and regulations (including any statutory modification(s) and / or re-enactment(s) thereof for the time being in force), that the Resolutions as set out hereunder, be passed by the Shareholders of **DOMS Industries Limited** ('**the Company**') through Postal Ballot, by way of voting through electronic means ('**remote e-voting**'):

| Sr. No. | Particulars |
|---|---|
| **Ordinary Resolutions** | |
| 1. | Approval for re-appointment of Mr. Santosh Raveshia (DIN: 00147624) as Managing Director of the Company |
| 2. | Approval for re-appointment of Mr. Sanjay Rajani (DIN: 03329095) as Whole-time Director of the Company |

In compliance with the MCA Circulars, the Company has completed the dispatch of Postal Ballot Notice along with Explanatory Statement, by only electronic means, on Monday, June 15, 2026, to those Shareholders of the Company whose names appear in the Register of Members / List of Beneficial Owners maintained by the Company / Depositories, respectively, as at close of business hours on Friday, June 12, 2026 ('**the Cut-off Date**') and whose e-mail address were registered with the Company / Depositories as on the Cut-off Date.

The Postal Ballot Notice is available on the Company's website at www.domsindia.com and websites of the Stock Exchanges on which Equity Shares of the Company are listed i.e. BSE Limited ('**BSE**') at www.bseindia.com and National Stock Exchange of India Limited ('**NSE**') at www.nseindia.com and on the website of National Securities Depository Limited ('**NSDL**') at www.evoting.nsdl.com.

Shareholders whose names appeared on the Register of Members / List of Beneficial Owners as on the Cut-off date are entitled to vote on the Resolutions as set forth in the Postal Ballot Notice. The voting rights of the members shall be reckoned in proportion to the paid-up Equity Shares held by them as on the Cut-off date.

In compliance with MCA circulars, the Company has provided only the remote e-voting facility to its Shareholders, to enable them to cast their votes electronically instead of submitting the physical Postal Ballot form. The communication of the assent **(FOR)** or dissent **(AGAINST)** of the Shareholders would take place only through the remote e-voting system. For this purpose, the Company has engaged the services of NSDL for facilitating remote e-voting to enable the Shareholders to cast their votes electronically.

The detailed procedure and instructions for remote e-voting are enumerated in the Postal Ballot Notice. Remote e-voting shall commence at 09:00 a.m. (I.S.T.) on Tuesday, June 16, 2026, and shall conclude at 05:00 p.m. (I.S.T.) on Wednesday, July 15, 2026. The remote e-voting facility will be disabled for voting by NSDL immediately upon expiry of the aforesaid voting period.

The Board has appointed CS Shreyans Jain (Membership No. 8519) of M/s. Shreyans Jain & Co., Company Secretaries, Mumbai, failing him CS Sandeep Jha, (Membership No. 67749), Company Secretary in practice as the Scrutinizer for conducting the Postal Ballot / remote e-voting process through electronic means in a fair and transparent manner.

The results of the e-voting through Postal Ballot along with the Scrutinizer's Report will be announced within two working days from the last date of remote e-voting and also be uploaded on the website of the Company, website of NSDL and will also be intimated to BSE and NSE.

In case of any queries / grievances connected with voting by electronic means, you may contact Ms. Pallavi Mhatre, NSDL at evoting@nsdl.com or at telephonic number 022-4886 7000. You may also refer to the Frequently Asked Questions (FAQs) for Shareholders and e-voting user manual for Shareholders available at the download section of www.evoting.nsdl.com.

In case of any queries related to Postal Ballot Notice or in case any Shareholders whose name appears in the Register of Members/ List of Beneficial Owners as on the cut-off date, has not received the Postal Ballot Notice, he/she may write to ir@domsindia.com.

**For DOMS Industries Limited**
**Sd/-**
**Mitesh Padia**
**Company Secretary and Compliance Officer**
**Membership No.: A58693**

Date: June 15, 2026
Place: Umbergaon, Gujarat

---

TORRENT POWER | DNHDD

**વીજ પૂરવઠો બંધ રહેવા અંગેની નોટીસ**

ગ્રાહકોને ગુણવત્તાસભર વીજપૂરવઠો સતત મળતો રહે તે માટે દાદરા નગર હવેલી અને દમન દીવ પાવર કોર્પોરેશન લિમિટેડ (ટ્રાન્સમિશન) દ્વારા નેટવર્ક મેન્ટેનન્સનું આયોજન કરેલ છે, એવું અમને જણાવવામાં આવેલ છે. નીચે દર્શાવેલ સબસ્ટેશનોમાંથી વીજપૂરવઠો મેળવતા ગ્રાહકોનો વીજપૂરવઠો સવારના ૯:૦૦ થી સાંજના ૬:૦૦ સુધી બંધ રહેશે. આપની પ્રવૃત્તિઓનું આયોજન તે મુજબ કરવા વિનંતી. અનુસુચિત સમય પહેલા વીજપૂરવઠો કાર્યરત્ત કરવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કરવામાં આવશે.

| તારીખ અને વાર | સબસ્ટેશન | ફીડર | વિસ્તાર |
|---|---|---|---|
| ૧૭/૦૬/૨૦૨૬ બુધવાર | ખાનવેલ | ૬૬/૧૧ કેવી ખાનવેલ સાથે જોડાયેલા બધા ગ્રાહકો | **૬૬/૧૧ કેવી ખાનવેલ સબસ્ટેશનના બધા ગામો/વિસ્તારો:** ખાનવેલ, બિન્દ્રાબીન, ચૌડા, ખુટલી, રૂડાના, તલાવલી, ચિસડા, રૂડાના, મંડોની, સિંદોની, ખેડપા, બેડપા, ઉમરવાણી, શેલ્ટી, ખેરારબારી, ઉપલામેઢા, નિચલામેઢા, વાઘચૌડા, આંબાબારી, કરચૌડ, વાસડા, બેસડા, દુધની, ગુંસા, બીલધારી, ઘોડબારી, કૌચા, જમાલપાડા **૧૧ કેવી એક્સપ્રેસ ફીડર્સ:** ૬૬/૧૧ કેવી ખાનવેલ સબસ્ટેશનના બધા એક્સપ્રેસ ફીડર **૬૬ કેવી ગ્રાહક:** મેસર્સ હિન્દાલકો ઈન્ડ. લિ., ખૂટલી |

**અસુવિધા બદલ દિલગીર છીએ.**

**વીજ ચોરી !! જેલની સજા.**
**(ભારતીય વીજળી અધિનિયમ, ૨૦૦૩ની કલમ ૧૩૫ હેઠળ)**

જે કોઈ પણ અપ્રમાણિક રીતે અનધિકૃત જોડાણો, મીટરમાં ચેડાં અથવા અનધિકૃત હેતુઓ માટે વીજળીનો ઉપયોગ કરે છે તો તેને ત્રણ વર્ષ સુધીની કેદ, દંડ અથવા બંને સજા થઈ શકે છે. કાનૂની પગલાંઓથી બચવા ગેરકાયદેસર વીજજોડાણ વાપરવાથી દૂર રહો.

**આપની સેવા માં હરહંમેશ હાજર**
24/7 Helpline 9099991912, 18002339500, 19126, 18002705551
connect.torrentpower.com
connect.dnhdd@torrentpower.com





દરેક બ્રાન્ડેડ કંપનીના શુટીંગ, શર્ટીંગ તથા લેટેસ્ટ ડીઝાઈનમાં ટેલરીંગ
શુટ સિવડાવો કાપડ તથા સીલાઈ સાથે રૂ.5000/-
Raymond | dinesh | Siyarams | DONEAR | DIGJAM | NIRVAN SHIRTINGS | ICON ashima | Kriplon
LORDS MEN'S WEAR
એમ. જી. રોડ, વલસાડ. ફોન : ૨૪૮૧૭૬



Jai Jalaram Bapa
**Septic Tank Cleaner**
**ખાળ કુવાની સફાઈ**
**खार कुवे की सफाई**
TANKER CAPACITY 8000 LITER
WATER JETTING, AIR BLOWING, VACUUMING
પાણીના પ્રેશરથી હવા મારીને ટાંકી સાફ કરી આપવામાં આવશે.
આધુનીક મશિનરી થી કામ કરી આપવામાં આવશે.
Contact: 99046 44348, 98247 28200

## ભારત મારબલ વોટરપ્રુફીંગ

વાંચશો તો જાણશો ને?
ખુશખબર... ખુશખબર...
શુ તમારું ધાબુ લીક થાય છે ???



શુ તમારા ધાબામાંથી પાણી ટપકે છે? તદ આના માટે ભારત મારબલ નવી ટેકનીક લઈને આવ્યા છે.
દર વર્ષની વોરંટી સાથે ધાબાનું લીકેજ બંધ કરી દેવામાં આવશે.
ઉપરાંત દશ વર્ષની લેખીત વોરંટી આપવામાં આવશે.

**પધ્ધતિસર ધારા પર ઈટાલીયન માર્બલ પેસ્ટ કરી આપવામાં આવશે**



**અમારી કામ કરવાની પદ્ધતિ**
- ધાબુ વોશ કરી એના પર પીછી કેમીકલ લગાડવામાં આવે છે
- પીછી લાગ્યા પછી પ્લાસ્ટર ઉપર ૩ થી ૪ એમએમ માલ ચડાવવામાં આવે છે
- ત્યારબાદ કેમી...

હવે શું વિચારો છો ? આજે જ સંપર્ક કરો : નોંધ એડવાન્સ બુકીંગ ચાલુ છે એક જ કોલ કરો, માણસ વિઝીટ માટે આવી જશે. વીઝીટનો કોઈ ચાર્જ નથી

ચંદન મેહરા મો. ૯૭૨૫૨૧૪૮૧૪



Tuesday 16, June 2026

# દમણગંગા ટાઇમ્સ


## ઝરીયામાં દીપડાને પાંજરે પુરવા તજવીજ શરૂ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૧૫ :** ધરમપુર તાલુકાના ઝરીયાગામમાં દીપડાના વધતા આતંકને લઈ પાલતુ બકરીનું મારણ કરાતા ગ્રામજનોમાં ભયનો માહોલ ફેલાયો હતો. જોકે ગ્રામજનો દ્વારા વન વિભાગને જાણ કરાયાને ૨૪ કલાક બાદ પણ પાંજરું ગોઠવવામાં ન આવતાં ગ્રામજનોમાં રોષ ફેલાયો હતો ઉપરોક્ત ગ્રામજનોની સમસ્યા અંગે અંગે દમણગંગા ટાઈમ્સમાં સમાચાર પ્રકાશિત થયા બાદ વન વિભાગ હરકતમાં આવી આજરોજ દીપડાને પાંજરે પુરવા માટે સ્થળ પર પાંજરું ગોઠવવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી. જેને લઈએ ગ્રામજનોએ હાશકારો અનુભવ્યો હતો.

## વાપી હાઉસીંગમાં જૂની અદાવતમાં તલવાર ઉછળી, બે ગંભીર







(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૫ :** વાપી જીઆઈડીસીના ગુંજન હાઉસિંગમાં મધ્યરાત્રીએ બે જૂથ વચ્ચે મારામારી અને તલવાર ઉછળતા ત્રણ ગંભીર થતાં એકને સુરત તેમજ બેને વાપીની ખાનગી હોસ્પિટલમાં સારવાર અપાઈ રહી છે. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

આધારભૂત સૂત્ર દ્વારા મળતી માહિતી મુજબ વાપી જીઆઈડીસીના ગુંજન વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી અસામાજિક તત્વોનો ભારે ત્રાસ અને ફેરિયા ઉપર ધાક ધમકી આપી હપ્તા ઉઘરાવવામાં આવતા હતા. જે અંગે અગાઉ સ્થાનિક પોલીસ દ્વારા અસામાજિક તત્વો સામે કાર્યવાહી કરી કેટલાકને જિલ્લા બહાર તડીપાર કરાયા હતાં. પરંતુ હાલમાં ફરીથી અહીં બે જૂથ વચ્ચે મારામારીના બનાવ સામે આવ્યો છે જેમાં ગઈકાલે રાત્રે ૧૨:૩૦ કલાકે કેટલાક ઈસમો દ્વારા પહેલા બોલાચાલી બાદ એકાએક લાકડા અને લોખંડના સળિયા તેમજ તલવાર લઈને એકબીજા પર હુમલો કરાવતા આ હુમલામાં અંકિત દુબેને ગંભીર રીતે ઈજા થતાં વાપીની ઓલિવ હોસ્પિટલમાં અને એકને સુરતની હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાયા છે. જોકે આ ઘટના સમયે ગુંજન હાઉસિંગ બોર્ડ વિસ્તારમાં ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો જોકે કેટલાક લોકોએ ખાનગી કાર અને બાઈકને પણ ભારે નુકસાન કરવામાં આવ્યું હતું. આ અંગે વાપી ઉદ્યોગ નગર પોલીસ વિભાગની ટીમ દ્વારા તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી આરોપીઓને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા હતા સાથે આજે સવારે વાપીની ઓલિવ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા અંકિત દુબેનું સ્ટેટમેન્ટ તેમજ સુરતમાં સારવાર માટે દાખલ કરાયેલા ગંભીર રીતે ઘાયલ થયેલા ઈસમનું સ્ટેટમેન્ટ લઈ ગુનો દાખલ કરવાની તજવીજ હાથ ધરાઈ છે. જોકે આ ઘટના બનવાનું કારણ મોડી સાંજ સુધી અકબંધ રહ્યું હતું પરંતુ ઘટનામાં અંગત અદાવત કે હપ્તા વસુલીને લઈ થઈ હોવાની ચર્ચા ગુંજન હાઉસિંગ બોર્ડ વિસ્તારમાં રહેતા લોકોમાં થઈ રહી છે.

## વલસાડમાં પત્નીની હત્યા કરનાર પતિને આજીવન કેદ અને દંડ

### દંડ નહિ ભરે તો વધુ એક વર્ષથી કેદ : રૂા. ૫ લાખ વળતર પેટે ચૂકવવા હુકમ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા.૧૫ :** બે વર્ષ અગાઉ વલસાડના અબ્રામામાં રહેતા યુવાને વિસ્તારમાં રહેતી યુવતી સાથે પ્રેમ સંબંધ બાદ પ્રેમ લગ્ન કર્યા અને બંને વચ્ચે ઝઘડા થતાં યુવાનને તેની પત્નીની હત્યા કરી દેવાના કેસમાં વલસાડની ડિસ્ટ્રિક્ટ કોર્ટે આરોપીને આજીવન કેદ અને રૂા. ૫.૪૦ લાખ દંડ પેટે ચૂકવવાનો આદેશ કર્યો છે. દંડની રકમ નહીં ભરે તો વધુ એક વર્ષની સાદી કેદની સજા ભોગવવાની રહેશે. બે વર્ષ અગાઉ મૂળ વલસાડ પાલણ અને હાલ વલસાડ શહેરના અબ્રામા હરિનગરીમાં રહેતા વૈભવ સુરેશભાઈ નાયકા રહે. અબ્રામા, હરી નગરી વલસાડ માં રહેતી જીજ્ઞા અનિલ રાઠોડ સાથે પ્રેમ લગ્ન કર્યા હતા. પ્રેમ લગ્ન બાદ બંને પતિ પત્ની તરીકે રહેવા લાગ્યા હતા. જિજ્ઞા અને વૈભવ વચ્ચે અવાર નવાર ઝઘડો થતો હતો. વૈભવએ મનીષાબેનને પોતાના ઘરે રાખવાની ના પાડી દીધી હતી, જેના કારણે બંને પતિ-પત્ની તરીકે અલગ રહેતા હતા. ત્યારબાદ આરોપી વૈભવ નાયકાએ એ પૂર્વઆયોજિત કાવતરું રચી મનીષાબેન રાઠોડની હત્યા કરી નાખી હતી. જે અંગે વલસાડ સિટી પોલીસ સ્ટેશનમાં આઈ.પી.સી.ની કલમ-૩૦૨ મુજબ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. જે અંગેનો કેસ વલસાડ કોર્ટમાં ચાલ્યો હતો.

બંને પક્ષોની દલીલો અને સરકારી વકીલ (એ.ડી. પબ્લિક પ્રોસીક્યુટર) ભરત પ્રજાપતિની ધારદાર રજૂઆતો અને મજબૂત પુરાવાઓને ગ્રાહ્ય રાખીને, વલસાડ ડિસ્ટ્રિક્ટ જજ નીપા રાવલ દ્વારા આરોપી વૈભવ સુરેશભાઈ નાયકાને ભારતીય દંડ સંહિતા (IPC) ની કલમ-૩૦૨ના ગુના હેઠળ આરોપીને કસૂરવાર ઠેરવી આજીવન સખત કેદની સજા

અને ૫.૪૦ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. જો આરોપી આ દંડ ન ભરે તો વધુ એક વર્ષની સાદી કેદની સજા ભોગવવી પડશે. દંડની રકમમાંથી મૃતકના માતા-પિતાને વળતર અપાશે. માનવીય અભિગમ દાખવતા કોર્ટે આદેશ કર્યો છે કે જો આરોપી પાસેથી દંડની વસૂલાત થાય, તો 'ગુજરાત વિક્ટિમ કોમ્પેન્સેશન સ્કીમ, ૨૦૧૯' હેઠળ દંડની આ પૂરેપૂરી રકમ રૂા. ૫ લાખની રકમ મૃતક જીજ્ઞાબેનના માતા-પિતાને વળતર પેટે ચૂકવવામાં આવે તે માટે વલસાડ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળને જરૂરી કાર્યવાહી કરવા આદેશ કરાયો છે.

## ગુંજન બ્રિજ નીચે બ્યુટીફિકેશન પ્રગતિમાં

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૫ :** વાપીના નેશનલ હાઈવે નંબર ૪૮ ઉપર આવેલ પેપીલોન હોટલ ચાર રસ્તા તેમજ વાપી જીઆઈડીસી ચાર રસ્તા હાઈવે બ્રિજ નીચેની ખુલ્લી જગ્યામાં વાહન પાર્કિંગ તેમજ અન્ય સુવિધાઓ ઉભી કરવા માટે વાપી નોટિફાઈડ એરીયા ઓથોરિટી અને મહાનગરપાલિકા દ્વારા આ બ્રિજનો કેટલોક ભાગ રંગકામ અને પેવર બ્લોક લગાવવાની કામગીરી સાથે બ્યુટીફિકેશનની કામગીરી પણ ચાલી રહી છે. જેને આજે વાપી મહાનગરપાલિકાના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સતિષભાઈ પટેલ અને બાંધકામ વિભાગની ટીમ દ્વારા સ્થળ નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ સ્થળે વાહન પાર્કિંગ અને વાપી વાસીઓ માટે સુવિધાઓ ઉભી કરવામાં આવી રહી છે. એ એક ઉત્તમ કાર્ય ગણાવાઈ રહ્યું છે. અહીં કામગીરી ટૂંક સમયમાં જ પૂર્ણ થતા તેનું લોકાર્પણ કાર્ય કરાશે.

## ઈલવામાં માછલી પકડવા ગયેલ યુવક ડૂબ્યો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૫ :** વલસાડ તાલુકાના ખજૂરડી ગામનો સુરેશ હળપતિ તેના બે મિત્રો સાથે વલસાડના ઈલવા ગામના દંતરાય તળાવે માછલી પકડવા માટે ગયો હતો. ત્રણેય મિત્રોએ તળાવના પાણીમાં માછલી પકડવાની જાળ નાખી હતી અને તેઓ તળાવના કાંઠા નજીક ઊભા હતા. આ દરમિયાન અચાનક સુરેશનો પગ લપસી ગયો હતો,

જેથી તે સીધો તળાવના ઊંડા પાણીમાં ખાબક્યો હતો અને ડૂબવા લાગ્યો હતો. સુરેશને પાણીમાં ડૂબતો જોઈ તેના મિત્રોએ ભારે બૂમાબૂમ કરી મૂકી હતી. પોતાના મિત્રનો જીવ બચાવવા માટે અન્ય મિત્રોએ પણ તળાવના પાણીમાં ઝંપલાવ્યું હતું. ભારે પ્રયાસો બાદ મિત્રો સુરેશને પાણીમાંથી બહાર કાઢવામાં સફળ રહ્યા હતા. જો કે ૧૦૮ની ટીમે તપાસી તેને મૃત જાહેર કર્યો હતો.

## વાપીમાં ગાયને રાષ્ટ્રમાતા જાહેર કરવા સહી ઝુંબેશ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૫ :** આજે વાપીમાં ગૌ સન્માન અપાવવાના અભિયાન અંતર્ગત સહી ઝુંબેશ માટે હરિદ્વાર અને ગ્વાલિયરના સંત દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે.

ગાયમાતાને રાષ્ટ્ર માતા જાહેર કરવા માટે દેશમાં ચાલતી સહી ઝુંબેશ અંતર્ગત આજે તા. ૧૬-૬-૨૦૨૬ને મંગળવારના રોજ સાંજે ૩:૫ કલાકે વાપી ડુંગરાના માલી સમાજ ભવનમાં હરિદ્વાર અને ગ્વાલિયરના શ્રીકૃષ્ણ દેશી ગાય રક્ષા શાળાના સ્વામી અમૃતાનંદજી દ્વારા ઉપસ્થિતતોને ગાયમાતાને રાષ્ટ્રમાતા જાહેર કરવા માટેના કાર્ય અંગેની જાણકારી આપવામાં આવશે સમગ્ર કાર્યક્રમનું આયોજન હિન્દુ સંગઠન સંસ્થા દ્વારા કરવામાં આવ્યું છે.

## બરૂમાળમાં જમીન વિવાદમાં હુમલો : ચારને ઈજા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૧૫ :** ધરમપુર તાલુકાના બરૂમાળ ગુરુધામ ફળિયા ખાતે જમીન પર મકાન બાંધકામને લઈને થયેલા વિવાદમાં પ્રજ્ઞાબેન છોટુભાઈ ગાવિતની ફરિયાદના આધારે ગુલાબભાઈ જીવલ્યાભાઈ માહલા, મંગળભાઈ જીવલ્યાભાઈ માહલા, લતાબેન ગુલાબભાઈ માહલા તથા જગદીશ ઉર્ફે લાલુ ગુલાબભાઈ માહલા સામે ધરમપુર પોલીસ મથકે ગુનો નોંધવામાં આવ્યો છે.

ફરિયાદ મુજબ વર્ષોથી ચાલી રહેલા જમીન વિવાદ દરમિયાન થયેલી બોલાચાલી ઉગ્ર બનતાં આરોપીઓએ પાવડો અને લાકડી વડે હુમલો કર્યો હતો. જેમાં રાધાબેન ગાવિત, ગંગાબેન, પ્રતિક ગાવિત અને ફરિયાદી પ્રજ્ઞાબેન ગાવિત ઈજાગ્રસ્ત થયા હતા. ઈજાગ્રસ્તોને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ધરમપુર સ્ટેટ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. ફરિયાદમાં ગંગાબેનના હાથમાં ફ્રેક્ચર, પ્રતિક ગાવિતની ડાબી આંખ પાસે ગંભીર ઈજા તેમજ રાધાબેન અને પ્રજ્ઞાબેનને પણ શરીરે ઈજાઓ પહોંચી હોવાનું જણાવાયું છે.

ફરિયાદમાં આરોપીઓએ જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે. ધરમપુર પોલીસે ફરિયાદના આધારે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.


## રેડ ક્રોસની સેવાઓ અને કામગીરીને વંદન



**"માનવતા એજ સાચો ધર્મ છે"** એ મંત્ર પર નિષ્પક્ષ અને તટસ્થ રહી લોકોની સ્વૈચ્છિક સેવા દ્વારા સ્વતંત્ર રીતે સમગ્ર સમાજ માટે કાર્ય કરતી અને વૈશ્વિક ઓળખ ધરાવતી તથા **સમગ્ર ભારતમાં સર્વ શ્રેષ્ઠ રાજ્ય શાખાનો એવોર્ડ જીતનાર ગુજરાત રેડ ક્રોસના ચેરમેન શ્રી અજયભાઈ પટેલ અને સર્વ શ્રેષ્ઠ બ્લડ સેન્ટરનો એવોર્ડ જીતનારી અમદાવાદ રેડ ક્રોસ સંસ્થાના ચેરમેન એમિરેટ્સ શ્રી મુકેશભાઈ પટેલ અને સમગ્ર રેડ ક્રોસ ટીમ**ને વિશ્વ રક્તદાતા દિવસ નિમિતે તેમની ઉત્કૃષ્ટ કામગીરી બદલ અભિનંદન.



ભારતનું સૌથી વિશાળ અને અદ્યતન બ્લડ સેન્ટર

### રેડ ક્રોસ-અમદાવાદ

- **100 % સ્વૈચ્છિક રક્તદાન**
- રક્તની અવેજીમાં રક્ત જમા કરાવ્યા વિના રક્ત
- સર્વોચ્ચ ગુણવત્તા વાળુ NAT ટેસ્ટિંગ રક્ત
- ગુજરાતનું સર્વ પ્રથમ એક્સરે ઈરેડિયેશન ધરાવતું બ્લડ સેન્ટર
- AABB 2.0 એક્રેડિટેશન ધરાવતી વિશ્વનું સર્વ પ્રથમ બ્લડ સેન્ટર
- થેલેસેમિયા સિકલસેલ એનેમીયા અને ગરીબ દર્દીઓને નિઃશુલ્ક રક્ત
- સેન્ચુરીયન ડોનર ક્લબમાં 146 શતકવીર રક્તદાતાઓ
- 5 મહિલા શતકવીર રક્તદાતા
- 2 સેન્ચુરીયન રક્તદાતા દંપતી
- 3 ડબલ સેન્ચુરીયન રક્તદાતા
- થેલેસેમિયા મેજર 1250 થી વધુ બાળકોની સંભાળ

### રેડ ક્રોસ - ગુજરાત

- 33 જિલ્લા અને 98 તાલુકા શાખા
- 26 બ્લડ સેન્ટર
- વર્ષ 2025-26માં 200000થી વધુ સ્વૈચ્છિક રક્તદાન સમગ્ર ગુજરાતના 20% રક્ત રેડ ક્રોસ દ્વારા એકત્રિત કરાયું
- 75 બ્લડ સ્ટોરેજ સેન્ટર
- બ્લડ મોબાઈલ વેન
- થેલેસેમિયા અને સિકલસેલ પ્રિવેન્શન પ્રોગ્રામ હેઠળ 42 લાખ થી વિદ્યાર્થીઓની તપાસ
- સર્વાઈકલ કેન્સર અને સ્તન કેન્સર માટે 20,000 કરતા વધુ મહિલાઓની તપાસ
- 88 પ્રધાન મંત્રી જન ઔષધિ કેન્દ્રો
- 17 ફિઝિયોથેરાપી સેન્ટર
- 12 ડેન્ટલ ક્લિનિક
- 15 રાહત દરે પેથોલોજી લેબોરેટરી
- 34000 ડિઝાસ્ટર મેનેજમેન્ટ સ્વયંસેવકો
- 500000 થી વધુ ફર્સ્ટ એડ ટ્રેઈનિંગ
- 400000 થી વધુ જુનિયર રેડ ક્રોસ અને યુથ રેડ ક્રોસ મેમ્બર્સ
- વાત્સલ્ય સિનિયર સીટીઝન હોમ
- આર્ટીફીસીયલ લિમ્બ સેન્ટર
- 5000 થી વધુ થેલેસેમિયા બાળકો ની સારવાર

•15 બ્લડ સેન્ટર NABH એક્રેડિટેશન

**છેલ્લા 63 વર્ષમાં અમદાવાદ માં 63.05 લાખ યુનિટ રક્ત એકત્રિત કરવામાં આવ્યું**

INDIAN RED CROSS SOCIETY
GUJARAT STATE BRANCH
Blood Bank and Much More

Red Cross Bhavan, Near Khadi Gram Udhyog Board, Ashram Road, Old Wadaj, Ahmedabad - 380013.


## ડુંગરીમાં દારૂ સાથે પીકઅપ ઝડપાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૧૫ :** પારડી તાલુકાના ડુંગરીગામ નજીક પોલીસે ગેરકાયદેસર દારૂની હેરાફેરી સામે મોટી કાર્યવાહી હાથ ધરી હતી. જેમાં એક પીકઅપ વાનની તપાસ કરતાં સેન્ટરિંગના લાકડાં વચ્ચે સંતાડેલા દારૂ અને બિયરના ૮૦ બોક્સ મળી આવ્યા હતા. કુલ ૨,૦૮૮ બોટલ અને ટીન મળી આવ્યા હતા, જેનો જથ્થો અંદાજે ૯૦૮.૪૦ લિટર જેટલો હોવાનું સામે આવ્યું છે. પોલીસે વિવિધ બ્રાન્ડની બોટલ અને બિયર ટીનના નમૂનાઓ સીલ કરી કબજે કર્યા હતા. ઉપરાંત દારૂની હેરાફેરીમાં ઉપયોગમાં લેવાયેલ પીકઅપ વાહન પણ જપ્ત કરવામાં આવ્યું હતું, જેની કિંમત અંદાજે રૂ. ૩ લાખ હોવાનું જણાવાયું છે. પોલીસે દારૂનો જથ્થો અને પીકઅપ સહિત કુલ રૂા. ૮.૮૯ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

## વાપીની અલકાપુરીમાં ફુટપાથનું કામ અધુરુ મુકી દેતા રોષ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૫ :** વાપી અલકાપુરી સોસાયટીમાં આરસીસી રોડ બનાવ્યા બાદ ફૂટપાટ ઉપર પેવર બ્લોક લગાવવાની કામગીરી અધુરી છોડી દેવાઈ અને રસ્તા ઉપર જીબ્રા ક્રોસિંગ કે લાઈનિંગ પટ્ટી ચીતરવામાં વેઠ ઊતરવામાં આવતા સ્થાનિક લોકોમાં રોશની લાગણી જોવા મળી રહી છે.

પ્રાપ્ત વિગત મુજબ વાપી મહાનગરપાલિકા દ્વારા વોર્ડ નંબર આઠમાં આવતા અલકાપુરી સોસાયટી એટલે કે કુમારશાળાની પાછળથી જનસેવા તરફ જતો માર્ગ તેમજ સ્નેહપાર્ક તરફ જતો માર્ગ ખરાબ થઈ જવા પામ્યો હતો અને ઠેર ઠેર ખાડા પડી ગયા હતાં. આ માર્ગ ઉપરથી પસાર થતા વાહન ચાલકો તથા રાહદારીઓ અને સ્થાનિક લોકોની રજૂઆતને ધ્યાને લઈ આ માર્ગ મનપા દ્વારા આરસીસીનો બનાવવામાં આવ્યો હતો. સાથે રસ્તાની બાજુમાં ફૂટપાથ બનાવાઈ હતી અને તેમાં



પેવર બ્લોક લગાવવાની કામગીરી પણ શરૂ કરવામાં આવી હતી.

પરંતુ છેલ્લા કેટલાક સમયથી અહીં ફૂટપાથ બનાવવાની કામગીરી બંધ કરી દેવામાં આવી છે.

જેને લઈ સ્થાનિક લોકો તેમજ રાહદારીઓને મુશ્કેલીઓ વધી જવા પામી છે અને આ અંગેની રજૂઆત તેઓ વારંવાર મહાનગરપાલિકામાં તેમજ આ વોર્ડના સભ્યોને પણ કરી રહ્યા છે.

સાથે અહીં આરસીસી રોડ બનાવ્યા બાદ રસ્તાની બંને બાજુએ તેમજ જીબ્રા ક્રોસિંગ અને બમ્પના સ્થાને વ્હાઈટ અને બીડી પટ્ટી ચીતરવામાં આવી રહી છે.

પરંતુ આ પટ્ટી ચિતરિયાના માત્ર ગણતરીના કલાકમાં જ ખરાબ થઈ જવા પામે છે અને આ અંગે તાત્કાલિક વાપી મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશ્નર, મેયર, ડેપ્યુટી મેયર અને ટ્રેનિંગ કમિટીના ચેરમેન દ્વારા સ્થળ તપાસ કરી તાત્કાલિક ફૂટપાથનું બંધ કામ શરૂ કરાવવું તેમજ જીબ્રા ક્રોસિંગની દોરવામાં આવેલી પટ્ટી ફરીથી દોરવામાં આવે તેવી વ્યવસ્થા કરવાની માંગ પણ કરાવી રહી છે.

## તિથલમાં સોમવતી અમાસે શ્રદ્ધાળુઓ ઉમટયા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૫ :** અધિક માસની સોમવતી અમાસ નિમિત્તે વલસાડના જાણીતા તિથલ દરિયા કિનારે વહેલી સવારથી જ મોટી સંખ્યામાં ભક્તો અને શ્રદ્ધાળુઓએ ઉમટી પડી શ્રદ્ધાળુઓએ સમુદ્ર સ્નાન કરી, પિતૃતર્પણની વિધિઓ કરી અને પોતાના પિતૃઓના મોક્ષ માટે પ્રાર્થના કરી હતી.

સ્થાનિક વિદ્વાન બ્રાહ્મણ અને પૂજારીઓએ જણાવ્યું હતું કે, જ્યોતિષશાસ્ત્ર આ વર્ષે અધિક માસ દરમિયાન સોમવતી અમાસનો અત્યંત દુર્લભ સંયોગ બન્યો છે. આવો અદભુત અને વિશેષ ધાર્મિક સંયોગ હવે પછી સીધો વર્ષ ૨૦૨૯માં ચૈત્ર માસ દરમિયાન જોવા મળશે.

આથી જ આ વર્ષે શ્રદ્ધાળુઓએ આ પવિત્ર દિવસને ગુમાવ્યા વગર મન મૂકીને પિતૃકાર્ય અને દાન-પુણ્યની સરવાણી વહાવી હતી. દરિયા કિનારે પિતૃતર્પણ માટે અનાજ અને અન્ય સામગ્રીનું મોટા પાયે દાન પણ કરવામાં આવ્યું હતું.

## વાપી રેલવેમાંથી વાયર ચોરી કરનાર બે ઝડપાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૫ :** આરપીએફ વાપી દ્વારા ભિલાડ-સંજાન વચ્ચે કિ.મી. ૧૫૨/૦૨-૦૪ નજીક પુલ નીચે શંકાસ્પદ હાલતમાં બે યુવકોને હેક્સા બ્લેડ સાથે ઝડપી પાડવામાં આવ્યા હતા. પૂછપરછમાં તેમણે ૧૦ થી ૧૫ દિવસ પહેલા રાત્રિના સમયે રેલવે કેબિન પાસે લગાવેલો અર્થિંગ કોપર વાયર કાપી અને ખેંચી ચોરી કર્યાનું કબૂલ્યું હતું.

પકડાયેલા આરોપીઓ રતન છોટેલાલ ચૌહાણ (૨૪) અને અર્જુન વિષ્ણુ પંડિત (૨૬) હોવાનું બહાર આવ્યું છે. બંનેએ ચોરાયેલો કોપર વાયર ભિલાડના ભંગાર વેપારી અબ્દુલ કાદિરને વેચ્યો હતો. ત્યારબાદ અબ્દુલે વધુ નફાની લાલચમાં તે જ માલ વાપીના છીરી-છરવાડા વિસ્તારમાં આવેલા બીજા ભંગાર વેપારી મોહમ્મદ હલીમને વેચી દીધો હતો.

આરપીએફએ બંને ભંગાર દુકાનોમાં દરોડા પાડી તાજું છોલાયેલું અંદાજે ૨૦ મીટર કોપર કેબલ (વજન લગભગ ૫ થી ૫.૫ કિલો) જપ્ત કર્યું છે. તમામ આરોપીઓ સામે વાપી ગુનો ક્રમાંક ૧૦/૨૦૨૬ હેઠળ રેલવે સંપત્તિ ગેરકાયદે કબજામાં રાખવા અને ચોરી અંગે કાર્યવાહી હાથ ધરાઈ છે.

બે મુખ્ય આરોપીઓને આરપીએફ કસ્ટડીમાં રાખવામાં આવ્યા છે, જ્યારે બે ભંગાર વેપારીઓને નોટિસ પર છોડવામાં આવ્યા છે. પકડાયેલા આરોપીઓમાં બે સામે અગાઉ પણ ગુનો નોંધાયેલો છે


**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**